ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૪ અંક : ૬ જૂન ૨૦૧૨ સળંગ અંક : ૪૮૮

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**

# શીખ

આંબાની છાંયામાં તું બપ્પોરા ગાળજે ને
પાણી પીજે વાવડીનાં;
લૂમાં ન આઘો તું થાજે વેરાનમાં
કસ'મ દઉં ગૌર ગાવડીના...
પાવે લ્હેરાય તારો પોરોનો પ્હોર
કોઈ ટહુકો ત્યાં ડાળથી દેશે;
એનાં એંધાણ ના અલાય કોણ આવે ત્યાં
કાયના કેવાય તે વેષેઃ
ગોળ તો ઘણેરો ગળ્યો હોય પણ ઊં... હું...
એ શેણે રે સ્વાદ રાબડીના?...
નવરાં નોધણીઆંની એલફેલ ગોઠડીમાં
વાડી ન મેલજે રેઢી;
ગામનો કૂવો ન, મને ગમતી ખેતરવાની
નીતર્યાં નવાણની શેઢી;
આળું તો આળું, જરી અંબોડે ફૂલ બે
રોપું રૂપેરી દાવરીનાં...
મનમાં જે હોય તે બધું ય ના બોલાય
હોઠ મૂંગા ન આંખના ઈશારે;
દનિયાના ડોળનાર ઘેલાંથી યે ઘર
મેલ્યું ના જાય કૈં વિસારે.
કાળજાને કંપ આખો ભવ આ ઓવારીએ
રે બીજી કૈં વાત આવડી ના...

– રાજેન્દ્ર શાહ






# વિ – વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૨
વર્ષ : ૧૪ અંક : ૬
(સળંગ અંક ૪૮૮)

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫

**તંત્રી**
રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**
રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**
ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**
શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**
પ્રિ. આર.પી.પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**આવરણ**
અજિત પટેલ

•

**મુદ્રક**
આણંદ પ્રેસ, ગામડી

**અધ્યક્ષ**
ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**
પ્રિ. આર.પી.પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**
પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • ડૉ. જે.ડી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જૂન ૨૦૧૨

વર્ષ : ૧૪ અંક : ૯

(સળંગ અંક ૪૮૮)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**भोगे रोगभयं कुलेच्युतिभयं वित्ते नृपालाद्भयं**
**मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम् ।**
**शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद् भयं**
**सर्वं वस्तु भयन्वितं भुवि नृणं वैराग्यमेवाभयम् ॥**

**(સંકલિત)**

**ભોગમાં રોગનો ભય છે. કુળમાં પતનનો ભય, ધનમાં રાજાનો, મૌનમાં દીનતાનો, બળમાં દુશ્મનનો, રૂપમાં વૃદ્ધાવસ્થાનો, જ્ઞાનમાં વાદવિવાદનો, ગુણોમાં શઠતાનો, શરીરમાં મૃત્યુનો ભય રહેલો છે, ખરેખર આ જગતમાં દરેક વસ્તુ ભયથી વ્યાપ્ત છે. માત્ર વૈરાગ્યમાં જ અભય છે!**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ સેવા અને સમર્પણ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ સ્વપ્ન લઈને આવ્યો ★ ભાઈકાકા / 4
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ કાવ્યપ્રસાદી
★ અનિલ જોશી, નલિન રાવળ, 'અગમ' પાલનપુરી, અમૃત ઘાયલ, મંગળ રાઠોડ / 6
॥ ગદ્ય વિભાગ ॥ ટ્રૉલી ★ ચંદ્રવદન મહેતા / 7
॥ નવાં કાવ્યો ॥ ★ ગૌરીશ પોરીઆ, ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ, જિતેન્દ્ર પ્રજાપતિ, અલ્પેશ 'પાગલ' / 8
॥ લઘુકથા ॥ શક્તિનું પ્રદર્શન ★ હરિત પંડ્યા / 9
॥ લઘુકથા ॥ સ્વજન ! ★ રાવજીભાઈ કાચા / 9
॥ નવલિકા ॥ સફર ★ અલ્પેશ પી. પાઠક / 10
॥ સિંધી વાર્તા ॥ કીકી ★ અનુ. રમેશ એમ. ત્રિવેદી / 15
॥ અભ્યાસલેખ ॥ ચરોતરના સંસ્કૃત મહાકવિ મેધાવ્રતનું સાહિત્યસર્જન ★ વિપુલ એમ. શ્રીમાળી / 18
॥ અભ્યાસ ॥ પ્રેમાનંદના આખ્યાનોમાં વક્રોક્તિ ★ જિજ્ઞેશ ઠક્કર / 23
॥ શિક્ષણ ॥ આજના ગ્રંથાલયનું અનિવાર્ય અંગઃ Internet ★ જિજ્ઞેશ મકવાણા / 26
॥ શિક્ષણ ॥ યુવાનોના સર્વાંગી વિકાસનો રાજપથઃ રાષ્ટ્રીય સેવા યોજના ★ નીલેશ બારોટ / 29
॥ રમન્તે તત્ર દેવતા ॥ પત્નીનું સ્થાન અને કર્તવ્યો ★ પારુલટીના દોશી / 32
॥ રમતજગત ॥ ઑલિમ્પિક ક્વિઝ ★ પી.ડી. શર્મા / 37
॥ પ્રસંગપરાગ ॥ ★ સુધીર મુખરજી / 39
॥ વિદ્યાવૃત ॥ / 40


## વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની કાવ્યકણિકા**

**'ભડભડતો અગ્નિ તો પોતાના પ્રકાશથી જ ચેતવીને દૂર રાખે છે; રાખ તળે ઢંકાયેલા કજળતા અંગારાથી ચેતીને ચાલજે.'**

**– રવીન્દ્રનાથ ટાગોર**
**(અનુ. નગીનદાર પારેખ)**

# સેવા અને સમર્પણ

હમણાં હમણાં દરેક ક્ષેત્રે દરેક વ્યક્તિ સેવાને જુદું જુદું સ્વરૂપ આપે છે. સેવા કોઈનો ઈજારો નથી છતાં પણ દરેક વ્યક્તિ ચાહે તે રાજકીય ક્ષેત્રમાં હોય, ચાહે શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય કે પછી કોઈ સમાજમાં જરૂરિયાતમંદો માટે કાર્ય કરતા હોય, આ દરેક ક્ષેત્રે સેવા એના મૂળ રૂપમાં કરવામાં આવે તેવું ખૂબ જરૂરી છે. છતાં પણ જ્યારે સેવામાં સમર્પણની ભાવના પેદા થાય ત્યારે જ સોનામાં સુગંધ ભળે છે. એવી સેવા એના સાચા સ્વરૂપમાં વ્યક્તિને તેજ અને ઓજસ આપે છે.

દરેક વ્યક્તિને જીવનમાં સેવા કરવાની તક પ્રાપ્ત થાય છે. પરંતુ સોનામાં સુગંધ ભળે એવું થોડાકમાં જ બને છે. અને આ થોડા જે છે તેમની સેવામાં નિઃસ્વાર્થ ભાવના અને નિર્મળ જળ જેવી શુદ્ધતા હોય તો જ આ શક્ય બને છે. દરેક ધર્મ, ચાહે હિંદુ હોય, ઈસ્લામ હોય કે પછી ખ્રિસ્તી હોય, એ વ્યક્તિને સાચા અર્થમાં સમર્પણ અને ત્યાગની શીખ આપે છે. જે જેટલે અંશે આ બધું પચાવી શકે છે તેટલું તેમનું કાર્ય તેજસ્વી બને છે. સેવા અને સમર્પણ એકબીજાના પૂરક છે. જેમ હાથ, બન્ને પગ, બંને આંખ, નાકનાં બે ફોયણાં અને હૃદયના બન્ને વિભાગ પરસ્પર પૂરક હોય છે તેમ સેવા અને સમર્પણ પણ એકબીજાના પૂરક છે.

આપણે જ્યારે સેવાના ક્ષેત્રમાં જોડાઈએ ત્યારે ડગલે ને પગલે જોઈએ છીએ કે આપણે જે કરતા હોઈએ તેનું મૂલ્યાંકન સમાજ પળે પળે કરતો હોય છે. તેમને ફાવે એ રીતે ટીકાટિપ્પણ પણ કરે છે. પરંતુ જો ખરા અર્થમાં સેવા કરવા ઈચ્છતા હો તો આવી ટીકાટિપ્પણને મન પર લાવ્યા વિના તમારું ધાર્યું, જે તમને સાચું લાગતું હોય એ કરવાની હિંમત કેળવવી જોઈએ. આવી હિંમતમાં કોઈવાર ભૂલ પણ થાય, પણ આવી ભૂલમાંથી શીખવાનું મળે છે. આપણું ધ્યેય જો શુદ્ધ હોય તો, આવા પ્રસંગોમાંથી જે કાંઈ પ્રાપ્ત કર્યું હોય તેનાથી આપણે જેમાં પ્રવૃત્ત હોઈએ એવી સેવા વધુ સારી રીતે કરી શકાય છે એવું મારું માનવું છે.

કોઈ પણ પ્રવૃત્તિ ચાહે એ સેવા હોય કે બીજા કોઈ કાર્ય સાથે જોડાયેલી હોય, તેમાં આપણા વિચારો રચનાત્મક હોવા જોઈએ. આવા રચનાત્મક વિચારો જ માણસને સાચા અર્થમાં સેવા કરવાનો પૂરેપૂરો અવકાશ આપે છે. આપણે જોતા આવ્યા છીએ કે જે કોઈ વ્યક્તિ રચનાત્મક પ્રવૃત્તિમાં પોતાની સેવાને વરે છે તેને જ દુનિયા કાયમ યાદ કરે છે. સામે પક્ષે ખંડનાત્મક પ્રવૃત્તિ કે સેવા સાથે જોડાયેલા સમાંતરે ભુલાઈ જાય છે. આથી જ સેવા અને સમર્પણને એક સાથે રાખીને વ્યક્તિએ પોતાના જીવનને અમૂલ્ય બનાવવું જોઈએ.

(૧૩ મે ૨૦૧૨)

સી.એલ.પટેલ

*॥ પ્રાથમ્ય ॥*

## સ્વપ્ન લઈને આવ્યો

**ભાઈકાકા**

**(પૂજ્ય ભાઈકાકાની જન્મ સવાશતાબ્દી નિમિત્તે એમણે વિદ્યાનગરની સ્થાપનાનું સેવાકાર્ય કેવી રીતે ઉપાડ્યું તેનો અહેવાલ એમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.**

૧૯૪૨ની લડતનો અંત આવ્યો એટલે હું પણ સરદારના આદેશ પ્રમાણે ગામડાંને માટે કેવી યોજના કરવી તેનો વિચાર કરવા લાગ્યો. ૧૯૪૩માં ઑક્ટોબર સુધીમાં યોજનાનું માનસિક ચિત્ર સ્પષ્ટ થયું. ખરી મુશ્કેલી તો યોજના માટે નાણાં મેળવવાની હતી. સરદારશ્રી બહાર હોત તો યોજના કરી સરદાર પાસે જાત અને એ મંજૂર કરે તેટલી રકમની યોજનાની ગોઠવણ કરત; પણ સરદારશ્રી જેલમાં હતા અને એ કઈ જેલમાં હતા તે પણ તે વખતે તો કોઈને ખબર ન હતી. એટલે જે યોજના વિચારાય તેમાંથી પૈસો પેદા થવો જોઈએ અને એ પૈસા વડે જ યોજનાનાં કામ આગળ ધપે એવી જાતની ગોઠવણ કરવી પડે. એવી ગોઠવણ કરવામાં જ છ-આઠ મહિના નીકળી ગયેલા અને છેવટે ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર મંડળની યોજના ૧૯૪૩ની આખરમાં તૈયાર થઈ.

મારા મતે તો પૈસો એટલે એકલી નોટો નહિ; બુદ્ધિનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. અનુભવ એ પણ પૈસો છે. એનું પૈસામાં રૂપાંતર કરી શકાય છે. કાર્યક્ષમતા એ પણ પૈસો છે. મનોવૈજ્ઞાનિક વલણ એ પણ પૈસો અને શ્રમ એ પણ પૈસો છે. આ બધાનો જો સુમેળ તાય તો પૈસાનો વાંધો ન આવે.

આવા સિદ્ધાંતોનો ઉપયોગ વલ્લભ વિદ્યાનગરની યોજનામાં પણ કર્યો. એમાં વધારામાં (એનલાઈટન્ડ સેલ્ફ ઈન્ટરેસ્ટ) 'પ્રબુદ્ધ સ્વાર્થ'નું તત્ત્વ ઉમેર્યું. એવી કંઈક યોજના થાય કે એ યોજનાથી યોજનામાં ભાગ લેનારનો સ્વાર્થ સધાય, તો એ યોજનામાં સાથ દેનાર ઘણા માણસો તૈયાર થઈ શકે.

સામાન્ય માણસની આવી વૃત્તિનો લાભ લેવાનું આ યોજનામાં ગોઠવ્યું હતું. નાણાં મેળવવા માટે શરૂઆતમાં નિર્ણય કર્યો કે બાંધકામની દરેક ચીજો કારખાનાં કાઢીને જાતે બનાવવી, એ વેચવી અને એનો નફો સંસ્થાનાં મકાનો બાંધવામાં વાપરવો. ગામડાના વૉટર વર્ક્સ અને ડ્રેનેજનો અંદાજ કાઢવો અને અંદાજ કરવામાં જે બચત થાય તે પણ આ સંસ્થાનાં કામોમાં વાપરવી. વૉટર વર્ક્સ અને ડ્રેનેજમાં જોઈતી બધી ચીજ-વસ્તુઓ બનાવવી. એનો નફો પણ યોજનામાં વાપરવો. વૉટર વર્ક્સ અને ડ્રેનેજનું નિરીક્ષણ કરવામાં પણ જે બચત થાય તે પણ યોજનામાં વાપરવી અને આ રીતે જનતાનાં જે જે કામો બની શકે તે કરવાં અને બચતનાં બધાં નાણાં યોજના ખાતે લેવાં.

યોજના તો સારી લાગતી હતી પણ પૈસાની મદદ વગર આવું મોટું કામ શરૂ કરવું એમાં બધાને ઘણું જોખમ લાગતું હતું. કોઈએ મારી યોજનાને પરીકથા ગણી તો કોઈએ એરેબિયન નાઈટ્સ સાથે સરખાવી. પણ આ બધામાં સોસાયટીના ગવર્નિંગ બૉડીના એક સભ્ય શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ સોસાયટીની સ્થાપનાથી તેના પાયામાં હતા. એમણે અને સોજિત્રાના અંબાલાલ મોતીભાઈએ મોતીભાઈ સાહેબ સાથે વાટાઘાટો કરી સોસાયટીની સ્થાપના કરવાનું નક્કી કરેલું. અને સોસાયટીનું સ્થળ આણંદમાં રખાવેલું. શરૂઆતમાં અંબાલાલભાઈ તો એક વર્ષમાં પ્લેગથી ગુજરી ગયા. અને શ્રીયુત ભીખાભાઈએ સોસાયટીના સેક્રેટરી એ હેડમાસ્તર તરીકે ૨૨ વર્ષ સુધી પોતાની સેવા આપેલી. તે અરસામાં પણ જ્યારે જ્યારે હું આણંદ આવતો ત્યારે સોસાયટીમાં જતો અને ભીખાભાઈનો મહેમાન થતો. ભીખાભાઈ વિદ્યાર્થી હતા ત્યારથી જ એમની સાથેનો મારો સંપર્ક તો હતો જ. સોસાયટીમાં ૨૨ વર્ષની સેવા આપ્યા પછી ભીખાભાઈ સોસાયટીમાંથી નિવૃત્ત થયા અને શુકલતીર્થ જઈ એમણે નર્મદા કેળવણી મંડળ સ્થાપ્યું. શુકલતીર્થની હાઈસ્કૂલનું કામ શરૂ થયું. ભરૂચમાં એક ગર્લ્સ હાઈસ્કૂલ પણ એ ચલાવતા. મુંબઈ યુનિવર્સિટીની સેનેટના સભ્ય તરીકે ઘણાં વરસ સુધી રહ્યા હતા. તે વખતે પ્રિન્સિપાલ શ્રી એન.એમ. શાહ સાથે એ ગુજરાતની બધી હાઈસ્કૂલોમાં ઈન્સ્પેક્શન માટે જતા અને આ રીતે એમને શિક્ષણનો બહોળો અનુભવ હતો. કેળવણી ક્ષેત્રમાં એમનું મિત્રમંડળ વિશાળ હતું.

ભીખાભાઈને મારી આ યોજના ઘણી પસંદ પડી. તે વખતે તો એ સંન્યાસી થવાનો વિચાર કરી રહ્યા હતા પણ આ યોજના જ્યારે એમણે સાંભળી ત્યારે એમણે નક્કી કર્યું કે સંન્યાસી થવા કરતા આવું કામ

કરવામાં જાતનું અને સમાજનું બંનેનું ભલું થવાનું છે એટલે એમણે મને કહ્યું, 'હું તમારી સાથે જીવનપર્યંત રહીને આ કામ કરીશ.' મને મોટી મદદ મળી ગઈ. યોજનાની રૂપરેખા જેમ જેમ એમને સમજાવતો ગયો તેમ તેમ એ અને કાગળ ઉપર મૂકતા ગયા. એમની ટેવ હંમેશાં પરોઢિયે ચાર વાગે ઊઠવાની હતી. ચાર વાગે ઊઠીને એ લખવાનું કામ કરતા. યોજનાને બંધારણીય સ્વરૂપ આપવાનું કામ પણ એમણે જ કરેલું. શરૂઆતમાં તો અમારો વિચાર એ હતો કે ઉદ્યોગમાંથી પૈસા પેદા કરી તે કેળવણીના કામમાં વાપરવા. સાથે દાન મળે તે લેવાં અને દરેક વિદ્યાશાખાની કૉલેજો એક સ્થળે ઊભી કરવી. બાળમંદિરથી શરૂઆત કરી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરવી અને એ રીતે બાળમંદિરથી સ્નાતકોત્તર સુધીના બધા વર્ગો ત્યાં ખોલવા. આ જાતનું બંધારણ ઘડીને અમે રજિસ્ટર્ડ કરાવવા મોકલેલું. પણ રજિસ્ટ્રાર સાહેબનો જવાબ આપ્યો: 'શિક્ષણ અને અર્થોપાર્જન સાથે રહી શકે નહિ માટે તમારું બંધારણ રજિસ્ટર્ડ કરવામાં આવતું નથી. એમાંથી તમે અર્નિંગ કાઢી નાખો એકલું લર્નિંગ રાખો.' શિક્ષણક્ષેત્રમાં કામ કરનારથી પૈસા પેદા કરી શકાય નહિ! પૈસા ભીખ માગીને મેળવવામાં વાંધો નથી અને બ્રાહ્મણને ભિક્ષાની શી લાજ? એ તો આપણું સનાતન સૂત્ર છે જ!

આવો જ્યારે હુકમ આવ્યો ત્યારે એને અમલમાં મૂકવા અમે બીજો રસ્તો લીધો. ચારુતર વિદ્યામંડળનું બંધારણ એકલા શિક્ષણ માટે રાખ્યું. એમાં દાન લેવાની જગ્યા રાખી, જ્યારે બીજા ખાતામાં 'ચરોતર ગ્રામોદ્યોગ સહકારી મંડળ' નામની સંસ્થા કરીને તેનું બંધારણ રજિસ્ટર્ડ કરાવવા મોકલી આપ્યું. એ સહકારી ખાતું હતું. એમાં અમે ડિવિડન્ડ ફક્ત ત્રણ ટકા જ રાખ્યું હતું અને શૅરનું ત્રણ ટકા ડિવિડન્ડ આપતાં જે નફો વધે એના પચાસ ટકા કેળવણીની સંસ્થાઓમાં વાપરવા એવી બંધારણમાં જ ગોઠવણ કરી. બંને મંડળોમાં કામ કરનારના તો અમે જ હતા. એટલે પૈસા કમાઈને કેળવણી સંસ્થાઓમાં આપવા માટે અમે આ રસ્તો કાઢ્યો અને આ રસ્તાથી બહુ ફત્તેહમંદ રીતે અમારો ધારેલો ઉદ્દેશ પાર પડ્યો.

તે વખતે મુંબઈ રાજ્યમાં ફક્ત બે જ એન્જિનિયરિંગ કૉલેજો હતી: એક પૂનામાં અને બીજી કરાંચીમાં. પણ સિંધ છૂટું પડ્યા પછીથી કરાંચીની કૉલેજમાં બનતા સુધી સિંધના વિદ્યાર્થીઓને કરાંચીની સાયન્સ કૉલેજમાં દાખલ થવું પડતું અને ત્યાંથી ઈન્ટર સાયન્સ પાસ થઈને કરાંચીની કૉલેજમાં પ્રવેશ મેળવવો પડતો અને છેલ્લે છેલ્લે પ્રવેશ મેળવવામાં પણ મુશ્કેલી થઈ પડેલી. પૂના કૉલેજમાં બનતાં સુધી મહારાષ્ટ્રીયન વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા, જેથી ત્યાં પણ બહુ જ થોડા ગુજરાતીઓને પ્રવેશ મળતો. આ વાત હંમેશ મને ખૂંચતી હતી. હું જ્યારે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં હતો ત્યારે એક વખત દાદાસાહેબ માવલંકરે વાત કહેલી કે કસ્તુરભાઈ શેઠનો વિચાર અમદાવાદમાં કૉલેજ કરવાનો છે પણ માંચેસ્ટરના જેવી કૉલેજ કરવાનો એમનો વિચાર છે. મેં એમને ઘણો આગ્રહ કરેલો કે ગુજરાતી વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ મેળવવાનો ઘણો ત્રાસ પડે છે માટે જેમ બને તેમ જલદીથી જો અમદાવાદમાં કૉલેજ થાય તો હું મારાથી બનતી બધી મદદ આપું. પણ એમનો વિચાર માંચેસ્ટર જેવી કૉલેજ કરવાનો હોવાથી વરસો સુધી પત્રવ્યવહાર ચાલી રહ્યા હતા અને મને ખાતરી થઈ હતી કે કસ્તુરભાઈ શેઠની કૉલેજ જલદીથી થાય તેવા કોઈ સંજોગો ન હતા. તેથી જ સોસાયટીમાં ભરાયેલી એ મીટિંગમાં મેં એન્જિનિયરિંગ કૉલેજ ઉપર ભાર મૂક્યો.

એન્જિનિયરિંગ કૉલેજ કરવી હોય તો સાથે સાયન્સ કૉલેજ જોઈએ, કે જેથી કરીને એન્જિનિયરિંગ કૉલેજ માટે વિદ્યાર્થીઓ મેળવવાનું સહેલું પડે. તે વખતે શ્રી એન.એમ. શાહને પણ બોલાવેલા. તેમણે સાયન્સ કૉલેજ સાથે ભેગી ભેગી આર્ટ્સ કૉલેજ કરવાની સલાહ આપી. બંને કૉલેજો એક મકાનમાં બેસી શકશે અને સાથે સાથે કેટલોક સ્ટાફ તો બંનેનો સહિયારો રહેશે એવી એમની સલાહ થતાં તે મિટિંગમાં અમે ત્રણ કૉલેજો - આર્ટ્સ, સાયન્સ અને એન્જિનિયરિંગની વાત મૂકી. થોડાક ભાઈઓએ વિરોધનો સૂર કાઢ્યો. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકને પૉલિટેકનિક કૉલેજ જોઈતી હતી. બીજા એક ભાઈ માનતા હતા કે શહેરની કૉલેજમાં ભણવાથી જ છોકરો ચાલાક થાય. ત્રીજા એક બાઈ બુનિયાદી તાલીમમાં માનતા હતા. એમને મતે વિદ્યાર્થીઓએ સ્વાવલંબી બનવું જોઈએ. એને આગળ ભણવાની જરૂર નથી. પણ એ સિવાય ભેગા થયેલા બધા સભ્યોએ નક્કી કર્યું કે આપણે કૉલેજની જરૂર છે અને એ માટે પૂરતો પ્રયત્ન કરવો અને શરૂઆતમાં જોઈતું ભંડોળ ભેગું કરવા સભ્યસંખ્યા ઊભી કરવી અને પૈસા મેળવવા.

## અમે બરફનાં પંખી

અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.
લૂમાં તરતો ઘોર ઉનાળો
અમે ઉઘાડે ડિલે,
ઓગળતી કાયાનાં ટીપાં
કમળપાંદડી ઝીલે;
ખરતાં પીંછે પડછાતી બપ્પોર મૂકીને નીકળ્યાં!
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.
લીલાંસૂકાં જંગલ વચ્ચે
કાબરચીતરાં રહીએ,
નભમાં ઊડતાં સાંજ પડે તો
સોનલવરણાં થઈએ;
રાત પડે ને ડાળ ઉપરથી કોયલ થઈને ટહુક્યાં!
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં

• અનિલ જોશી

•

## રેતપંખી

સુક્કાં તીક્ષ્ણ સળગતાં રેત રેતનાં સ્વપ્નો
નીચે
રેત રેતનાં રડતાં નગરો
ઉપર
રેત રેત ને રેત રેતનું રણ
રેતીની આંધી
વચ્ચે
ઊભું
રેતીનું એ ખરતું પંખી
એ,
રેતપંખીની રેતીની બે — દિવસરાતની — ખરતી પાંખો.
એ
રેતપંખીની રેતીની બે — સૂર્યચંદ્રની — ખરતી આંખો.
એ
રેતપંખીનાં ખરખર ખરતાં પીંછાંમાંથી ખરેખર
ખરતી રેત રેતની વર્ષા
નીચે
સુક્કાં તીક્ષ્ણ સળગતાં રેત રેતનાં સ્વપ્નો
નીચે
રેત રેતનાં રડતાં નગરો.

• નલિન રાવળ

•

'ચડી વેગ-વંટોળ ઉત્કૃષ્ટ આભે,
સ્વયંની ધરા પર ઢળું છું નિરાંતે.'

• 'અગમ' પાલનપુરી

## કચ્છનું પાણી

ભાભરું તોયે ભીંજવે ભાવે,
વણબોલાવ્યું દોડતું આવે.
હોય ભલે ના આંખની ઓળખ,
તાણ કરી ને જાય એ તાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!

જાય પિલોળા હરખે લેતું,
હેતની તાળી હેતથી દેતું.
હેત હરખની અસલી વાતું,
અસલી વાતું જાય ન નાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!

આગવી બોલી બોલતું જાયે,
પંખી જેમ કલ્લોલતું જાયે.
ગુંજતું જાયે ફૂલનું ગાણું,
વેરતું જાયે રંગની વાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!

સ્નેહનું પાણી, શૂરનું પાણી,
પોતાના પ્રચંડ પૂરનું પાણી.
હસતું રમતું રણમાં દીઠું,
સત અને સિંદૂરનું પાણી,
વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!

• અમૃત ઘાયલ

•

## તડકો

સુખની ઝીણી ઝીણી રુવાંટી જેવું ઘાસ
ચરતી કાબરચીતરી ગાયોની
ખરીઓ વચ્ચેથી
નીકળી આવ્યું મારું તૃણ-મન!
ઊડીને ગાયની પીઠ પર
બેસવા જતા બગલાનું ઉડ્ડયન
થીજી ગયું ત્યાં અદ્ધર!

અહીં
ગાયની પીઠ પરની રુવાંટી થિરકી ઊઠી
અને, બગલાની પાંખો બિડાઈ ગઈ
મારી પાંપણોમાં.
ઢોળાવો પરથી ગબડવા લાગ્યો
એક પથ્થર ચકમકનો
એમાંથી જ ફૂટતો હશે આ તડકો?

• મંગળ રાઠોડ

॥ આપણો વારસો અને વૈભવ ॥
(ગદ્ય વિભાગ)

## ટ્રૉલી

હવે એક વાર ટ્રૉલીની સફર પણ જોઈ લઈએ. ટ્રૉલી એટલે ચાર પૈડાંના ચોકઠા ઉપર એક બાંકડો બાંધી લીધેલો. પાછળ લાલ વાવટા ફરફરે, અને બે માણસો પાછળથી હાથો પકડીને પાટા ઉપર દોડતા તેને હડસેલી, વેગ પર ચડાવી ચોકઠા ઉપર ચડી બેસે, અને ધીમી પડતાં ફરી પાછી હડસેલે. એ તો ઠીક; બધાએ જ એ દેખાવ તો જોયો હશે. પણ પેલા બાંકડા પર બેસનારા ટોપીવાળા સાહેબની તુમાખી નહિ જોઈ હોય. મુસાફરીનું ભથ્થું એ લે, પણ હડસેલનારને કપાળે અલ્લાયો. વચમાં ટ્રૉલી ઊભી રાખવી હોય તો ભભકથી બ્રેક દાબેઃ એ દાબે એટલે તરત મજૂરને આંચકો! પરંતુ સાહેબ મોઢેથી કે ઇશારતથી ઊભી રાખવા ન સૂચવે.

સાહેબ તે પાછા આપણા દેશી; — ટાઈટોપી પહેરી સાહેબ થયેલા. તે એમને બધો રસ્તો સલામત છે કે નહિ તેની તપાસ રાખવાની ને સમરારકામ સંભાળવાનું, એટલે ટ્રૉલીમાં ફરે. હું એક જ દિવસ એમ ટ્રૉલીમાં ગયો હતો અને સાહેબ વીફરેલા.

વડોદરાથી બાજવાને રસ્તે ટ્રૉલી ઊપડી. ખડખડ ખડખડ કરતા થોડાક માઈલ દૂર પહોંચ્યા ત્યાં મજૂરો પાટા ઉપર સમારકામ કરતા હતા. હાથમાં નારાચ, મોટા હથોડા, પતરાનાં તગારાં અને સલેપાટો. આપણા સાહેબ ઊતર્યા, આમતેમ ફર્યા, કંઈ સૂચનાઓ આપી અને થોડીવારે પાછા જવા ટ્રૉલી પાસે આવ્યા. ત્યાં મુકાદમે થોડી વધારે ફિશપ્લેટની માગણી કરી અને સલેપાટ સડેલા હતા તે પણ જણાવ્યું. સાહેબે મૂંગામૂંગા એ સાંભળી લીધું અને ટ્રૉલી એ જ રસ્તે પાછી ફરી. પણ હજી થોડે દૂર નહોતા ગયા ત્યાં તો સાહેબે આમતેમ જોઈ જોરથી બૂમ પાડીઃ 'રવિયા!'

રવિયો અમારી ટ્રૉલીનો એક હડસેલનારો. એણે 'જી સાહેબ?' તો કહ્યું, પણ સાહેબે એ સાંભળવા પણ ન થોભતાં સરસ્વતી ભણવા માંડી. ખૂબ ગાળો દીધી. રવિયાએ ભૂલ કબૂલ તો કરી પણ એણે કબૂલ કરતાંક વાર ને તો ટ્રૉલીને બ્રેક મારી સાહેબે ઊભી રખાવીને નીચે ઊતરી ધડોધડ રવિયાને દેવા માંડી. બે પાંચ તમાચા અને બાકીની ધોલ તથા લાતો! ઉપરાંત દરેક શબ્દે ગાળ. અલબત્ત સોમેશ્વર જેવી તો નહિ જ. આ સાહેબ સરસ્વતીપુત્ર નહોતા, વૈશ્ય યાને વૈષ્ણવજન હતા. પણ ગાળ કરતાં માર જ આકરો હતો. રવિયાએ આમ માર ખાધા જ કર્યો હોત, પણ એટલામાં સામેથી એ જ પાટા પર ટ્રેન આવતી દેખાઈ. દૂરથી એન્જિને ચીસો નાખવા માંડી. બંને મજૂરોએ તાબડતોબ બાંકડો ઉઠાવી બહાર મૂક્યો ને જોસથી ટ્રૉલી દોડાવતા પેલા મજૂરો પાસે લઈ ગયા. ત્યાં જઈ બાજઠિયું ને પૈડાં પાટા પરથી ઉતારી આઘાં મેલી દીધાં. ટ્રેન દેખાતાં જ આપણા સાહેબના તો હોશકોશ ઊડી ગયા હતા, પણ મજૂરોએ ખરેખર ચપળતાથી કામ કર્યું.

ટ્રેન ગયા પછી ટ્રૉલી પાછી આવી ને બાંકડો ગોઠવતાં અમે વડોદરે આવવા ઊપડ્યા. રસ્તે સાહેબનો બડબડાટ ચાલુ જ રહ્યો. રવિયાના પગારમાંથી ચાર રોજ કાપવાની ધમકી અપાતી રહી.

આ મારની મને કંઈ જ સમજ પડી નહિ પરંતુ આપણે બધી વાત ડાહ્યાકાકાને કહેતા. એ પણ તરત જ કંઈ સમજ્યા નહિ, પણ બીજે દિવસે ડાહ્યાકાકાએ મારે ત્યાં આવી એની પડોશમાં બનેલો કિસ્સો રસપૂર્વક કહી સંભળાવ્યોઃ

"ચિમનભાઈ! આ સાલો... ભાઈ છે. ગામનો ઉતાર છે એ તો પી.ડબલ્યુ.ડી.માં છે, એટલે કોઈ દિવસ રસ્તામાં જ એની લાશ પડી જાણવી. ગઈકાલે એણે રવિયાને માર્યો. ગ્રહણયોગમાં જન્મેલો એટલે એની દાનત બૂરી. રેલ પર કામ કરતા મજૂરો પાસે શાક-ભાજી, તરબૂચ-ટેટી વગેરેની આશા રાખે! એ મારો બેટો ગવન્ડરનો દીકરો, તે એ લાઈન પર જાય તે પહેલાં તે એવા ટ્રૉલીવાળાએ આગલે દવિસે જઈને મુકાદમને કહી આવવું પડે કે સાહેબ બહાદુરની મૈયત ત્યાં જવાની છે. એટલે પેલા લોકો જે કંઈ મળે તે દેવને ધરવા લઈ આવે! આ રવિયો બિચારો ગયેલો નહિ, અને ત્યાં તો સૌ ખાલી હાથે! અહીં સાહેબને ઘેર 'ઘરવાળાં'—નો તાપ આગ જેવો. આ ભાઈ ટાઈ-ટોપીમાં સાહેબ, પણ ઘરમાં ઢીલા બેં જેવા. શોધો તો શરીરમાં હાડકું ન મળે. એણે ટ્રૉલી ખાલી જોઈ એટલે રવિયાને દેવા માંડી અને એમને ઘેર પછી રાતે સળગી. જગદંબા કોપે ચડ્યાંઃ પાવાગઢથી જ ઊતરી આવેલાં જો! આઠ દિવસ શાક વગરની રસોઈની નોટિસ પડી. અને સવારમાં જ રામાયણ તે નફામાં.

એ તો ઠીક; પણ મજા તો એ થઈ કે, સઈતાકાકી કે' કે આજ સવારે રવિયાની વહુ ચડી આવી. બારણા બહાર ઊભી રહીને એને તો જે બોણાવી છે! સાલા ઢોર! વગર વાંકે તું મારે હાનો? તને માતા ભરખે, જો ફરી મારા રવિયા પર હાથ ઉપાડ્યો સે તો. ને જો ભૂલચૂકમાં અડધો દાડો કાપ્યો સે તો મુઆ, ઇમ હમજજે કે ચીભડું વાઢું એમ તને જીવતો વાઢી મેલહ.

લીલાં ટપકાંનો સાડલો અને ભૂખરા લાલ રંગનો ઘાઘરો; હાથમાં બાર બંગડી. પેલી પાવાગઢની પટરાણી તો આ ચામુંડા ચંડી આગળ થીજી જ ગઈ! આનો એકાદ હાથબાથ પડ્યો હોત તો આપણા ...ભાઈ જીવતા ન રહેત. અને પછી?... ચિમનલાલ શેઠ, શું ધારો છો? આખી પડોશ ગજવ્યા બાદ, આટલી બેઆબરૂ ઓછી હોય તેમ, લૂગડાને છેડે બે તૂરીઆં બાંધીને લાવી હશે, તે જતાં જતાં, એના બારણામાં ફેંકતાં બોલીઃ દકાળિયા! હાકભાજી નહિ મળતાં હોય તો લે આ તૂરિયાં! થૂ તારા જી પર. ને રોંધનારી ના મળતી હોય તો કહું, હું રાંધી આલહ. ખાજે, કે તારા પેટમાં બાર ગલુડાં પાકે! કહીને એ તો ગઈ. પણ ભાઈનાં ઊંઘ-ખોરાક બગડી ગયાં છે. હવે એ ટ્રાન્સફર માગે તો છે, નહિ તો જીવતો મૂઓ સમજવો!

મેં તે દિવસથી ટ્રૉલી પર જવાનું પાણી મૂક્યું.

(૧૧૨મી જન્મજયંતીએ વિખ્યાત નાટ્યવિદ્ અને પ્રવાસી ચંદ્રવદન મહેતાની સ્મૃતિકથાનો એક અંશ –
'બાંધ ગઠરિયાં' શ્રેણીનું સંપાદન – 'પ્રસન્ન ગઠરિયાં'માંથી ઉદ્ધૃત. –સં.)

## ખાલીપણું

**ગૌરીશ પોરીઆ**

સાંજના તારા ને આ ખાલીપણું,
ઘાવ છે મારા ને આ ખાલીપણું.

વારસામાં મળ્યા છે બહેરા કાન,
ફૂટેલી આંખો ને આ ખાલીપણું.

ચાહવાનું બીજું નામ એટલે
ટેરવે સૂરજ ને આ ખાલીપણું.

આવીને ઊભા છે ત્રિભેટે સૌ
ઘેલછા, માયા ને આ ખાલીપણું.

ચાર દીવાલોની અંદર વસે છે
બારણા, બારી ને આ ખાલીપણું.

આ બધા જાણે મારી મજબૂરી,
ચાંદ ને તારા ને આ ખાલીપણું.

('નીલકંઠ', અભિક વિહાર, રૉયલ સોસાયટી,
ભારતીય વિદ્યાલય પાસે, છાંયા રોડ, પોરબંદર - ૩૬૦ ૫૭૫.
મો.: ૯૮૯૮૪૪૪૦૬૯)

## આવી જા, તું...

**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

હોય ગરજ, તો આવી જા, તું
બાંધ કમર, ને ફાવી જા, તું

સ્વાર્થનાં છે, સગપણ જગમાં...
કપટ એમનાં પામી જા, તું.

કર્મ ભોગવવાં પડશે તારે
સાથ ન દેશે, જાણી જા તું

સંસારી બંધન છે ભારે...
સુમિરન કરતાં કાપી જા, તું

મોહ તને શાનો છે 'નાજુક'
સતસંગ કરવા આવી જા, તું.

(૧૨, શિવ બંગલોઝ, દરબાર ટેકરા, પંચાયત દવાખાના રોડ,
નાનાબજાર, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦)

## વસવસો છું....

**જિતેન્દ્ર પ્રજાપતિ**

હકીકત ગણો તો હકીકત સમો છું, ગણો
સ્વપ્નમાં તો હું સ્વપ્ના સમો છું;
મને કોણ જુએ? કરચ કોણ વીણે? હું તૂટી
ગયેલો કોઈ આયનો છું.
તરસથી સવાયો કોઈ વસવસો છું,
નિઃસાસાથી ભરચક ભર્યો ખાલિપો છું
ઉગારો મને પણ ઉગારો હવે, કે હું ઠેબે
ચડેલો કોઈ કાંકરો છું.
યથાવત રહી છે હજી કો મહેચ્છા, કદી
ક્યાંયથી પણ ન ખંડિત થઈ છે;
હવે કાળ પાછો ફરે પણ ખરો કે હું મારા
સમય પર હજી દબદબો છું
હજી શ્વાસ ફરકે, હજી આંખ ઝબકે, હજી
હાથ ઘટના તળે સમસમે છે,
હવે શું કરું હુ? કહો ક્યાં રહું હું ? હું
હોવાપણાનો ગુનો કારમો છે.
અવાચક બની એ મને નીરખે છે, ન હાલે,
ન ચાલે, ન બોલે છે કૈં પણ;
સભર ખાલિપાથી રહેલો સદા હું, સભર
કોઈ કીકી તણો વસવસો છું!

(મુ.પો. બગદાણા, વાયા - ઠળિયા તા. મહુવા, જિ. ભાવનગર
- ૩૬૪ ૧૪૫, મો. ૯૬૨૪૬ ૫૭૩૫૪)

**અલ્પેશ 'પાગલ'**

તમારી નજરમાં સમંદર કે રણ હો, કલમને કશો પણ નથી ફર્ક પડતો,
ખુશાલી ગમી ચોતરફ કાઈ પણ હો, કલમને કશો પણ નથી ફર્ક પડતો.

કરી લઉં છું સર આખેઆખુ ગગન કલ્પનાના સહારે અને એક પળમાં,
ભલે સાવ લોકોને બેઠા ચરણ હો, કલમને કશો પણ નથી ફર્ક પડતો.

છે નિસ્બત કલમને હૃદય આંસુઓથી, સમયનું કો'બંધન ન સ્વીકારશે એ,
જૂનું હોય કે એ નવું અવતરણ હો, કલમને કશો પણ નથી ફર્ક પડતો.

ગઝલ ફૂલને ખીલતાં આવડે છે, હૃદયની દુવાથી, દરદની દુવાથી,
ગમે તેટલું શુષ્ક વાતાવરણ હો, કલમને કશો પણ નથી ફર્ક પડતો.

હું બેઠો છું ત્યાગી બધી મોહ-માયા, નથી ઝંખના કોઈ બાકી મેં રાખી,
હવે દ્વાર ઊભું જીવન કે મરણ હો, કલમને કશો પણ નથી ફર્ક પડતો.

('અમી-પ્રભા', પ્લોટ નં. ૧૦૦, પી. એન્ડ ટી કિડવાઈ નગર,
ઉત્સવ એપાર્ટમેન્ટની સામે, ૧૫૦ ફૂટ રિંગ રોડ,
રાજકોટ - ૩૫૦ ૦૦૫)

*// લઘુકથા //*

## શક્તિનું પ્રદર્શન

### હરિત પંડ્યા

રોજના નિયમાનુસાર એણે ટીવી ચાલુ કર્યું અને એની રોજિંદી કસરતો શરૂ કરી.

તે દિ' પ્રજાસત્તાક દિન હતો એટલે દેશની લશ્કરી તાકાત દર્શાવતાં દૃશ્યો ટીવીમાં દર્શાવાઈ રહ્યાં હતાં. અત્યાધુનિક ટેન્કો, તોપો તથા દુશ્મનના પ્રદેશમાં દૂર સુધી માર કરી શકે એવાં પ્રક્ષેપાસ્ત્રો સ્ક્રીન પરથી એક પછી એક પસાર થઈ રહ્યાં હતાં.

એ રોજ સો દંડ અને બસો બેઠક કરતો. ઉપરાંત સર્વાંગ વ્યાયામ, પ્રાણાયામ તથા થોડાં યોગાસનોય કરતો. પોતાના વજન કરતાં દોઢું વજન એ ઉપાડી શકતો. ઉપરાઉપરી ગોઠવેલી દસ લાદીઓ એ, એના એક ફોલાદી મુક્કાથી ભાંગી નાખતો. એ સારો મુક્કાબાજ તથા કુસ્તીબાજ પણ હતો.

એની કસરત પૂરી થવામાં હતી, ત્યાં એની પત્ની એના રૂમમાં ધસમસતી આવી.

"હવે આ હાથ ઊંચા-નીચા કરવાનું ઝટ પતાવીને બહાર નીકળો, તે કામવાળી એમાં ઝાડું-પોતું મારે. મોડું કરશો તો એ ચાલી જશે ને એ કામ મારે કરવું પડશે."

"મારા વ્યાયાયમને તું હાથ ઊંચા-નીચા કરવાનું કહે છે! આ વ્યાયામને પ્રતાપે તો મને કેટલા મૅડલો મળેલા છે! બોક્સિંગનો, રેસલિંગનો, વેઈટ લિફ્ટિંગનો..."

"એ બધા મૅડલોને શું કરવાના! આ આપણા કમ્પાઉન્ડમાંના આંબાની કેરીઓ લોક તોડી જાય છે. બાજુવાળાએ એની દીવાલ ચણાવતી વખતે આપણી અડધો ફૂટ જમીન ઓળવી લીધેલી. આપણા કિશોરને એની ક્લાસના છોકરાઓ મારઝૂડ કરીને એનો નાસ્તો અને એની પેન્સિલ-રબર ને એવું તેવું એની પાસેથી આંચકી લે છે. આપણી દ્વિપાને એની કૉલેજના રોમિયો સતત રંજાડતા રહે છે. અહીં તમારી તાકાત બતાવવાને બદલે, ઘરઆંગણે તમારી શક્તિનું પ્રદર્શન કરતા રહેવાથી શો અર્થ સરવાનો હતો!"

"સારું સારું હવે! પાંચેક મિનિટમાં કસરત પતાવી દઉં છું. ખોટી રાડારાડ કર્યા વિના જા અહીંથી." કહી એ બાકીની કસરત પૂરી કરવામાં લાગી ગયો.

ટીવીના પડદા પર, દેશની લશ્કરી તાકાતનું પ્રદર્શન હજુ જારી હતું.

(૨૧, મેઘાનગર, નડીઆદ-૨. મો. ૯૯૦૪૮૪૬૨૭૦)

## સ્વજન

### રાવજીભાઈ કાચા

એક કવિ પોતાના મિત્રની કબર પર ફૂલો ચડાવવા ગયો. કબર ઉપર ફૂલો મૂકી પ્રાર્થના કરે છે, ત્યાં અચાનક અવાજ સંભળાયો, "ભાઈ, મારા એક પ્રશ્નનો જવાબ આપશો?"

કવિએ ચોતરફ નજર ફેરવી પણ કોઈ દેખાયું નહિ. કવિને પરસેવો વળી ગયો. તેના શ્વાસની ગતિ વધી ગઈ.

"ભાઈ, હું તમને કહું છું" બાજુની જ કબરમાંથી અવાજ આવ્યો.

હિંમત એકઠી કરી કવિ બોલ્યા, "બોલો ભાઈ, તમારે શું પૂછવું છે?"

"મારી પાસે દુનિયાનાં તમામ સુખો હતાં. છતાં મને એકલાને અહીં કોણ મૂકી ગયું?" કબરમાંથી પ્રશ્ન પૂછાયો.

મર્માળું હસતાં કવિ બોલ્યા, "મિત્ર, તારા કોઈ દુશ્મન તને અહીં નથી મૂકી ગયા. તારા અંગત સ્વજનો જ તને અહીં મૂકી ગયા છે."

(આઈ.ટી.આઈ. સામે, અમરેલી – ૩૬૫ ૬૦૧. મો.: ૯૪૦૮૧૫૭૦૯૨)

# સફર

અલ્પેશ પી. પાઠક

અભિષેક પ્લેટફોર્મ પર પહોંચ્યો અને જોયું તો ટ્રેન ચાલુ જ થઈ હતી. અભિષેક દોડ્યો.... સદ્‌ભાગ્યે ડબ્બાના નંબર મોટા અક્ષરે લખેલા હોય છે... ડબ્બો પકડી લેવાશે એમ વિચારી અભિષેક જરા વધુ ઝડપથી દોડ્યો... પોતાના ડબ્બા પાસે પહોંચ્યો ત્યાં સામેથી એક હાથ લંબાયો. અભિષેક એક ઝાટકે હાથ પકડી ડબ્બામાં ચડી ગયો. પેલા યુવાનને થેંક્સ કહી પોતાના કમ્પાર્ટમેન્ટમાં પહોંચ્યો. બે પુરુષો બેઠા હતા...... કઈક વાત ચાલુ હતી. પાંચ મિનિટે શ્વાસ બેઠો...અને પેલો યુવાન કમ્પાર્ટમેન્ટમાં આવ્યો.... મતલબ કે તે સહપ્રવાસી હતો... હમસફર હતો....

'અરે, દોસ્ત, થેંકસ... જો તમે ન હોત તો હું આ ટ્રેન ચૂકી જાત.'

'ઈટ ઈઝ ઓલરાઈટ યાર, હું ઊભો હતો અને તમને દોડત આવતા જોયા, મને લાગ્યું કે તમારે આ ડબ્બો પકડવો છે..... બાય ધ વે.... મારું નામ જયરાજ ગોહિલ.' જયરાજે હાથ લંબાવ્યો.

'હું અભિષેક સંઘાણી....' અભિષેકે હાથમાં હાથ મૂકતા કહ્યું.

હવે અભિષેકે પેલા યુવાનનું નિરીક્ષણ કર્યું... જયરાજે ટી-શર્ટ અને લેટેસ્ટ ફેશનનું જિન્સ પહેર્યું હતું. નીચે મોંઘા સ્પોર્ટ શુઝ હતા. ગોગલ્સ વાળની ઉપર ચઢાવ્યા હતા. પ્રથમ નજરે જ અભિષેકને લાગ્યું કે બી. પી.એલ. ટાઈપનો માણસ લાગે છે. બી.પી.એલ.... બાપના પૈસે લીલા લહેર...

હવે બાજુમાં બેઠેલી પેલી બે વ્યક્તિઓ પણ ચર્ચામાં જોડાઈ. ચાલીસથી પિસ્તાલીસના લાગતા વ્યક્તિએ કહ્યું.

'હું ડૉક્ટર શિવ સુંદર ખત્રી....'

'મશહૂર પ્લાસ્ટીક સર્જન તો નહીં?... અરે ડૉક્ટર તમને કોણ ન ઓળખે? આપણા અમદાવાદની સેલિબ્રીટી છો તમે તો.... ચહેરો ક્યારેય નહોતો જોયો પણ નામ તો સાંભળ્યું જ છે....' અભિષેક બોલી ઊઠ્યો.

ખત્રી સહેજ હસ્યા.

'અને આ મારી સામે બેઠા એ પણ મશહૂર હસ્તી છે, એ છે ગુજરાત હાઈકોર્ટના પ્રખ્યાત એડવોકેટ શ્રીકાંત પીઠડિયા.....'

'અરે હાં.... એમનું નામ પણ સાંભળ્યું જ છે... ડૉક્ટર અને વકીલની જોડીને મળીને ખૂબ આનંદ થયો.'

'તમે શું કરો છો અભિષેક?'

'હું એલ.આઈ.સી.માં ડેવલપમેન્ટ ઓફિસર છું.'

'સરસ...પ્લીઝ ટુ મીટ યુ.....'

ખત્રીએ જયરાજ તરફ જોયું. એ આ આખી વાત બાઘાની જેમ સાંભળતો હતો.

'તમે શું કરો છો મિ. ગોહિલ?'

'હું... હું કાંઈ કરતો નથી... મતલબ કે કાંઈ કરવાની જરૂર જ નથી મારે... મારા પપ્પા રાજેન્દ્રસિંહ ગોહિલ જયરાજ ઈન્ડસ્ટ્રિઝના માલિક છે. ખૂબ પૈસો છે... અને આમ પણ અઠયાવીસની ઉંમર તો હજુ હસવા રમવાની છે, કમાવાની થોડી છે?'

જયરાજ સ્માર્ટ દેખાવા હસ્યો. બધા થોડું-થોડું માપસર હસ્યા. અભિષેકનો અંદાજ સાચો હતો બી. પી.એલ....

ખત્રી બોલ્યા.

'અને અભિષેક તમે પણ ત્રીસથી વધુ'ના નથી લાગતા?'

'હા, ડૉક્ટર હું ઓગણત્રીસનો છું' પછી જરા હસીને ઉમેર્યું.

'..... પણ બધાના નસીબ મિ. જયરાજ જેવા નથી હોતા.... અમુકને ઓગણત્રીસની ઉંમરે નોકરીની મજૂરી કરવી પડે છે.'

જયરાજ જાણે કોઈ એવોર્ડ મળ્યો હોય એવો ખુશ થયો. અભિષેકે એની એક ખાસ ટેવની નોંધ લીધી. એ જયારે 'હું' બોલતો ત્યારે છાતી પર પોતાનો હાથ પછાડતો. અભિષેકને કંઈક યાદ આવ્યું.... પણ....

ખત્રી બોલ્યા.

'આપણે ચારે અલગ અલગ કારણોસર અમદાવાદથી દિલ્લી જઈ રહ્યા છીએ.... કયા કામથી એ આપણે જાણવાની જરૂર પણ નથી.... કયારેક અજાણ્યા રહેવાની પણ એક મજા હોય છે... પણ આપણી ચારેની સમસ્યા 'કોમન' છે. આપણે ચારેએ એક સરખો સમય કીલ કરવાનો છે અને એમા પીઠડિયા પણ આપણી વિરુદ્ધ કોઈ કલમ નહીં લગાડે...'

પીઠડિયાએ કહ્યું

'ચોક્કસ... વીસમાંથી લગભગ આઠ કલાક તો સૂવામાં ચાલ્યા જશે. પણ બાર કલાક તો 'કીલ' કરવા જ પડશે. ચાલો અત્યારે તો સૂઈ જઈએ... અગિયાર વાગવા આવ્યા છે... ગુડ નાઈટ એવરીબડી...'

પીઠડિયા ઊભા થયા.

બધા એક બીજાને 'ગુડનાઈટ' કહી સૂવાની તૈયારી કરવા લાગ્યા...

ટ્રેન હવે અમદાવાદથી ઘણી આગળ નીકળી ગઈ હતી અને દિલ્લી પૂરપાટ ઝડપે નજીક આવી રહ્યું હતું....

અભિષેક સવારે સાડા છ વાગ્યે જાગ્યો. જોયું તો ડૉ. ખત્રી સૂતા-સૂતા કશુંક વાંચતા હતા. પીઠડિયા તેની સીટ પર નહોતા... મતલબ કે નહાવા ગયા હશે. ડૉક્ટરને 'ગુડ મોર્નિંગ' કહી અભિષેક ઊઠ્યો. જયરાજ હજુ સૂતો હતો....

એક પછી એક બધાએ નહાવાનું પતાવ્યું અને રાજસ્થાનના કોઈ અંતરિયાળ સ્ટેશને ચા-કોફી પતાવ્યા. અભિષેક નાસ્તો સાથે લઈ આવ્યો હતો બધાને આગ્રહ કરીને નાસ્તો કરાવ્યો. હવે અભિષેકે વાતચીતની શરૂઆત કરતાં કહ્યું.

'ડૉક્ટર સાહેબ અને વકીલ સાહેબ, તમે તો યાર સેલિબ્રીટી છો. આ ટ્રેનમાં કેમ મુસાફરી કરો છો... સમજાયું નહીં....'

ખત્રી બોલ્યા.

'અરે દોસ્ત સમજવા જેવું કંઈ નથી એમાં..... આ શોખનો વિષય છે. વી લવ ટ્રેન જર્ની..... હું અને પીઠડિયા મોટા ભાગે ટ્રેનમાં જ મુસાફરી કરીએ છીએ. પણ મિ. જયરાજ તમે કેમ આ ટ્રેનમાં....'

'અરે ડૉક્ટર વાત જ ન પૂછો દિલ્લી જવું જ પડે તેમ હતું ને છેલ્લી ઘડીએ કોઈ એર-લાઈનમાં બુકિંગ ન મળે. નહિતર આ ટ્રેનમાં હું? નો વે... 'જયરાજે હું' કહી ફરીથી છાતી પર હાથ પછાડયો. અભિષેકની આંખમાં થોડો સળવળાટ થયો.....

'મને તો કંટાળાજનક લાગે છે આ ટ્રેન મુસાફરી....'

પીઠડિયાએ પૂછ્યું

'......અને અભિષેક તમે?'

'સિમ્પલ... વકીલ સાહેબ. અમને એલ.આઈ.સી. તરફથી પ્લેનની ટિકિટ નથી મળતી પણ ટ્રેનની ટિકિટ મળે છે અને એ પણ સેકન્ડ કલાસની....'

એવો નિર્દોષતાથી બોલ્યો અભિષેક કે બધા હસી પડ્યા...

'શું અભિષેક ક્યાં રહેવાનું...?'

ખત્રીએ પૂછ્યું. કોણ જાણે કેમ તેને અભિષેકમાં રસ પડવા લાગ્યો હતો.

'નવરંગપૂરા.... એલ.ડી.કોલેજની પાછળ બે બેડરૂમનો એક ફલેટ છે. પત્ની છે... એક દીકરી છે... બસ આ નાનો એવો પરિવાર મારું સ્વર્ગ છે... બાકી અનાથ આશ્રમમાં ઉછરેલો છું.'

'આઈ એમ સોરી અભિષેક....' અને થોડી વાર રહીને ખત્રી બોલ્યા.

'અને પૈસા... પૈસાની બાબતમાં તો એલ.આઈ. સી.વાળાઓને બખ્ખા છે.....'

'હા... જે લોકો કરપ્શન કરી શકે... કરપ્શન પચાવી શકે તેમને... બાકી પ્રામાણિકતાથી જીવવાળાઓને કોઈપણ ક્ષેત્રમાં ક્યારેય પણ બખ્ખા નથી હોતા.'

'તો તમે પ્રામાણિક છો એમ જ ને...?'

'અરે વકીલ સાહેબ હું ખોટું શું કામ બોલું. અહીંયાં મારી સામે બેઠેલી ત્રણ વ્યક્તિઓમાંથી મને કોઈ અંગત રીતે ઓળખતી નથી... અને હવે આપણી મળવાની સંભાવના પણ ખૂબ જ ઓછી છે. મારે ઈમેજ જમાવવાનું કોઈ જ કારણ નથી...'

'હા અભિષેક આગળ કહો...'

'અત્યાર સુધી તો પ્રમાણિક છું..... પ્રમાણિક રહેવાની કોશિશ કરું છું.... પણ કાલ શું થાય કોને ખબર? કદાચ આવતી કાલે કોઈ ગળે ચાકુ મૂકી કહે કે લે... લાંચ લેવી જ પડશે તો લઈ પણ લઉં. મારા આદર્શો કરતા મારો જીવ વધારે અગત્યનો છે.... મારી પત્ની માટે... મારી બાળકી માટે.....'

'તમારા વિચારો ખૂબ સુંદર છે, અભિષેક.... બ્રેવો...

'અભિષેકભાઇ એક સરસ મજાનો કિસ્સો કહો...કે જેથી ટાઇમ પસાર થાય.'

'યાદ કરવો પડે...અને બીજું મારા જેવા સામાન્ય માણસના કિસ્સામાં ડોકટર સાહેબ અને વકીલ સાહેબ જેવા જાહેર જીવનના માણસોને રસ પણ નહીં પડે...'

પીઠડિયા બોલ્યા.

'નહીં અભિષેક, હું માનું છું કે જીવનને સાચી રીતે સમજવું હોય તો લો-પ્રોફાઇલ વ્યકિતઓના કિસ્સાઓ જાણવા જોઈએ.પ્રખ્યાત માણસો તો પોતાનું સ્ટેટસ જાળવવા સાચ અને જૂઠનું અથાણું કરી નાખતા હોય છે...તમે કહો....મને મજા આવશે.'

'અને ડોકટર સાહેબ તમે પણ અનુમતિ આપો તો કહું.'

ડોકટરે કંઈ બોલ્યા વિના હકારમાં માથું હલાવ્યું.

અભિષેકે ચાલુ કર્યું.

'મેં તમને કહ્યું કે હું અનાથ આશ્રમમાં મોટો થયો છું. એ વિષમતાઓ વચ્ચે,મિત્રોના ચોપડા અને પોતાના મગજનો ઉપયોગ કરીને એલ.આઇ.સી. ડેવલપમેન્ટ ઓફિસરની એકઝામ પાસ કરી. સાથે પાર્ટ-ટાઇમ જોબ પણ કરતો... જે બસમાં હું નોકરીના સ્થળે જતો. એ જ બસમાં હું એક સુંદર છોકરીને કાયમ જોતો.... બસ જોયા જ કરતો. મનમાં ઝંખના થતી કે આ છોકરી મારી પત્ની બને તો કેવું સારું.... કદાચ એને પણ ખબર હતી કે હું તેને જોઉ છું. પર્સનલ ઇન્ટરવ્યુના દિવસે મેં તેને શાલિનતાથી કહ્યું, 'મિસ, હું આજે એલ.આઇ.સી. ડેવલપમેન્ટ ઓફિસરની એકઝામનું પર્સનલ ઇન્ટરવ્યું આપવા જઇ રહ્યો છું.એક નાનું એવું સ્મિત મળી જાય તો મારું ઇન્ટરવ્યું વધુ સારું જશે..... અને તે ખિલિખલાટ હસી પડી.બુંદ માગતાં ઝરણું મળી ગયું.... હું એકઝામમાં પાસ થઇ ગયો...સૌ પ્રથમ પેંડાથી એ છોકરીનું મોં મીઠું કરાવ્યું....અને મારી ખુશનસીબી છે કે એ છોકરી આજે મારી પત્ની છે....'

'અરે વાહ....' ખત્રી ઉછળી પડ્યા...

'ખૂબ જ સરસ,અભિષેક નસીબવાળાઓ જ જેને પ્રેમ કરતા હોય એને પત્ની બનાવી શકે...તમે ખૂબ નસીબદાર છો.... અભિષેક....કેમ પીઠડિયા?'

'હાસ્તો....ખત્રી શું તું નથી જાણતો કે મને પ્રેમમાં વિશ્વાસ છે.... અમારો વકીલાતનો બીઝનેસ ભલે નફરત પર ચાલતો હોય પણ હું પ્રેમમાં માનું છું.'

અભિષેક બોલ્યો.

'હવે વકીલ સાહેબ તમે એક સરસ મજાનો કિસ્સો સંભળાવો.....'

ડોકટરે પણ કહ્યું.

'યસ,ગેટ રેડી....પીઠડિયા.......'

'ખત્રી કહે એટલે મારે કંઈક કહેવું જ પડશે.૨૦૦૧ના ભૂકંપમાં આશ્રમ રોડ પર બિલ્ડિંગ ધરાશાયી થઇ હતી.લગભગ ત્રીસેક માણસો દટાઇ ગયાં હતા. બિલ્ડરના નબળા કામના પ્રથમદર્શી પુરાવાઓ હતાં. તે બિલ્ડિંગનું કે તે બિલ્ડરનું નામ નહીં આપું. બિલ્ડર આવ્યો મારી પાસે.... કોરો ચેક લઇને.... મારે પૈસાની જરૂર હતી... લઈ લીધા. પછી અંતર-આત્માએ ડંખવાનું ચાલુ કર્યું મને પણ થયું કે જો આ ત્રીસ માણસોના 'કિલર'ને બચાવું તો તો આખી જિંદગી ની ઊંઘ વેરણ થાય... ચૂપચાપ વિરોધી વકીલનું નામ

જાણી લઇને તમામ પુરાવાની ઝેરોક્ષ તેને આપી દીધી.... બિલ્ડર ફસાઈ ગયો.... મેં કહ્યું ભાઈ પુરાવા લીક થઈ જાય તો હું શું કરી શકું.... થોડી હમમે હુશિયારી હૈ, થોડી હૈ નાદાની, થોડી હમમે સચ્ચાઇ હૈ, થોડી બેઇમાની... ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની.... ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની....''

અભિષેકને ખૂબ જ નવાઇ લાગી

'શું તમારી વકીલાતની દુનિયામાં આવું પણ થાય?'

'અરે દોસ્ત આ તો સાવ સામાન્ય કિસ્સો કહ્યો તમને આઘાત ન લાગે એટલે.... બાકી અમારી દુનિયામાં શું શું નથી થતું... પૂછતા જ નહીં... કૂલાનો ડામ બતાવ્યા જેવું થશે.'

'અરે વાહ પીઠડીયા....આખરે તારી અંદરનો ગામડિયો બહાર આવી જ ગયો હો....'

'હા....યાર, હમણા-આવું અંદર બહાર બહું થયા કરે છે.... ચાલ,ખત્રી હવે તું કઇક બહાર કાઢ....'

અત્યાર સુધી ચૂપ બેઠેલા જયરાજે કહ્યું.

'હા... હા... ડોકટરસાહેબ.... તમારો પ્રોફેશન તો ખૂબ ગ્લેમરવાળો છે..... ઘણી હીરોઇન્સ -એકટ્રેસ સાથે પરિચય હશે ને તમારે...?'

'ગ્લેમર તમે માનો છો.... પણ, ખરેખર કંટાળાજનક કામ છે અમારું... ગ્લેમર પણ એક હદ પછી કાળું પડી જતું હોય છે. હાં....જરૂરિયાત એક વસ્તુ છે... અને પૈસાનો દેખાડો બીજી વસ્તુ છે. અમે પ્લાસ્ટિક સર્જનો આજ-કાલ ફેશનની વસ્તુ બની ગયા છીએ...'

'જરા ફોડ પાડીને કહો ને ડોકટર....? 'અભિષેકે કહ્યું....

'પ્લાસ્ટિક સર્જરીનો જન્મ જરૂરિયાત માટે થયો છે પણ આજકાલના પૈસાવાળા તેનો કેવો ઉપયોગ કરે છે ખબર છે?જરાક શરીર વધી ગયું છે તો કસરત નહીં કરે પણ ઓપરેશનથી ચરબી કઢાવી જશે.અરે એક જાણીતા ઉધોગપતિની પત્નીએ તો હદ કરી નાખી...જરા નાક મોટું કરી આપો...આંખો તીણી કરી આપો... હોઠ પાતળા કરી આપો..સ્તનનો ઉભાર થોડો વધારી આપો....કહી-કહીને સાત ઓપરેશન કરાવ્યા છે મારી પાસે....આ પૈસાનો દેખાડો નહી તો બીજું શું છે? ખરેખર દોસ્ત ચૌદ-પંદરના હતા ને હીરોઇન્સને જોઇને જે મસ્ત સીટી વાગી જતી એ સીટી હવે બધું જાણ્યા પછી નથી વાગતી....'

'એક મજેદાર કિસ્સો તો કહો....'

'ચાર-પાંચ વરસ પહેલાની વાત છે....એક ગરીબ ઘરની દીકરી પર કોઇએ એસિડ ફેંક્યો હતો.મારા એક ડોકટર મિત્રએ આંખ તો બચાવી લીધી પણ ચહેરાનું સમારકામ કરવા કેસ મને રિફર કર્યો.... મેં જોયું ચહેરાને એટલું બધું નુકશાન થયું હતું કે બધું ઠીક કરવા લગભગ ચારેક લાખની જરૂર પડે...મેં પહેલા તો 'ના' કહી દીધી પણ પછી વૃદ્ધ મા-બાપની આંખમાં આજીજી જોઇ થયું કે ચાલ, ખત્રી થોડી સમાજ-સેવા પણ ભલે થઇ જાતી... પણ તો'ય પૈસા તો કયાંકથી કાઢવા જ પડે... બરાબર તે જ વખતે એક હીરોઇન મારી પાસે આવી... તેને મેમો-પ્લાસ્ટિક કરાવવી હતી અને એ પણ ત્રીજી વાર...'

જયરાજ વચ્ચે બોલી ઊઠ્યો મેમો-પ્લાસ્ટી.... એટલે શું? સ્વભાવિક છે કે જયરાજને ન ખબર હોય...

'મેમો-પ્લાસ્ટી એટલે સ્તનનો ઉભાર વધારવાની શસ્ત્ર- કિયા..... જયરાજ ખુલ્લા મોંએ સાંભળી રહ્યો હતો...'

'હું એ ગરીબ છોકરીના કેસમાં ઉલઝેલો હતો... મેં તે હીરોઇનને સીધી જ 'ના' કહી દીધી કે ત્રીજીવાર શકય નથી... ગુસ્સે થઇ ગઇ... તેણે મારી સામે કોરા ચેકનો ઘા કર્યો... કદાચ તેનો 'ઈગો' ઘવાયો હશે. મેં પણ સમય પારખી તેને 'હા' કહી દીધી .... અને ચેકમાં સત્તર લાખ લખી નાખ્યા.પાંચ લાખ પેલી ગરીબ છોકરી માટે.... સાત લાખ તેની પોતાની સર્જરીના.... અરધા ટેક્ષના... અને અરધા મારા... પીઠડિયાએ કહ્યું તેમ જ....થોડી હમમે હુશિયારી હૈ, થોડી હૈ નાદાની, થોડી હમમે સચ્ચાઇ હૈ,થોડી બેઇમાની... ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની..... ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની....''

ખત્રીએ પણ પીઠડિયાની જેમ જ આંખ મીચકારીને પૂરું કર્યું.

બધાને ખૂબ મજા આવી... અભિષેક બોલ્યો.

બધાએ એક-એક કિસ્સો સંભળાવ્યો...ટાઇમ સરસ પસાર થઇ ગયો... હવે બસ ત્રણેક કલાકમાં દિલ્લી આવી જવું જોઇએ... હવે મિ. જયરાજ તમારો વારો....

'હું.... હું.... શું કહું? તમે જ કહો ને... હું સાંભળું છું.'

'નોટ ફેર મિ.જયરાજ.... કંઈક કહેવું જ પડશે... કૉલેજ... હાં... કોલેજ લાઈફ વિશે કંઈક કહો....'

'કોલેજ.....કોલેજના કિસ્સાઓ તો ઘણા છે...પણ રહેવા દો....હું તમારા બધા જેવો સજ્જન નથી.'

'અરે ડોન્ટ વરી યાર...આપણે તો સમય પસાર કરવાનો છે.આ પછી આપણે કયાં મળવાના છીએ.... હેં... બિન્દાસ કહોને યાર'

'ઓ.કે.ચાલો એક વાત કહું...'

....સાંભળવામાં સૌથી વધુ રસ અભિષેકને હતો.....

'મેં તમને પહેલા જ કહ્યું કે જિંદગીની મને ચિંતા નથી.હું તો જિંદગી જીવી લેવામાં માનું છું...સાચી રીતે કે ખોટી રીતે...ફરીથી એક વાર કહું છું હું બહુ સજ્જન માણસ નથી. કૉલેજમાં ઘણી છોકરીઓ મારા પૈસાને લીધે મારી તરફ આકર્ષાતી... મેં પણ ઘણી છોકરીઓ સાથે શરીર સંબંધ બાંધ્યો છે... પણ તેના જીવન બરબાદ કર્યા છે એવું નહીં કહું.... કારણ કે આ જરૂરિયાતની વાત હતી.... ગીવ એન્ડ ટેક... તેમની જરૂરિયાત મેં પૂર્ણ કરી અને મારી તેમણે.... પણ એક છોકરી હતી... સરિતા... બહું સુંદર હતી... ઈન ફેકટ મેં ફેરવેલી છોકરીઓમાં સૌથી વધુ સુંદર... પણ કમબખ્ત એમ માનતી કે હું તેને સાચો પ્રેમ કરું છું. એક વખત એક બીજી છોકરી સાથે મને જોયો.... ખૂબ રડી....

કહે કે જે થવાનું હતું એ થઈ ગયું પણ હવે મને વચન આપો કે આવું બીજી વાર નહી થાય....મેં પણ ચોખ્ખું કહ્યું કે વચન કેવું ને વાત કેવી?... પણ છોકરી બહું સરસ હતી.... મેં ઉદાર ઓફર કરી કે લગ્ન તારી સાથે કરું પણ તારે મારી આ હરકતો તરફ આંખ આડા કાન કરવાના... ન માની... ચાલી ગઈ... સાંભળ્યું છે કે આજે એક લલ્લું સાથે લગ્ન કરી લીધા છે અને એક બાળકની મા બની ગઈ છે....

ચંપાકલી.....

......સટાક......અભિષેકે ઊભા થઈ જયરાજને એક તમાચો મારી દીધો...

'સાંભળ...જયરાજ, એ સરિતા મારી પત્ની છે.... અને તું જેને લલ્લુ કહે છે તે હું છું....'

...સટાક....ફરી એક તમાચો....

'સરિતાએ લગ્ન પહેલા જ મને બધી વાત કરી દીધી હતી...તારા નામ પરથી અને તું 'હું' કહી છાતી પર હાથ પછાડે છે તેના પરથી તું મારી નજરમાં આવો ગયો... અને તું સરિતા નામ બાલ્યો પછી તો શંકા જ ન રહી... ગધેડા... જે સરિતામાં નહાવા મળે એ સદ્‌ભાગ્ય ગણાય એ સરિતામાં તું પગ બોળીને આવ્યો છો....'

.....અને આગ ઝરતા અવાજે ઉમેર્યું

'.....અને સાંભળ હવે પછી તારી ગંદી જીભ પર કયારેય સરિતાનું નામ ન આવવું જોઈએ...'

.....સટાક.....

ફરી એક તમાચો.....

'સમજયો?......'

દિલ્લી આવી ગયું હતું....ટ્રેન ખાલી થઈ રહી હતી...જયરાજ બેઠો હતો....ગાલ પંપાળતો.....

(૧૦૦-એ કિડવાઈનગર, મેઈન રોડ, ઉત્સવ એપાર્ટમેન્ટ સામે, રૈયા ચોકડી, રાડકોટ - ૩૬૦ ૦૦૫)

*॥ સિંધી વાર્તા ॥*

## કીકી

**લે. અસાનંદ મામતોરા**

**અનુ. રમેશ એમ. ત્રિવેદી**

બધા જ મિત્રો તેને 'ગોવાલણી' કહીને બોલાવતા હતા; અલબત્ત તેની હાજરીમાં નહિ. વળી વ્યવસાયે તે ગોવાલણી હતી જ નહીં – હા, તેનો પતિ બેત્રણ ગાયો રાખતો હતો ખરો. અને એમનું દૂધ જ તેમની આવકનું મુખ્ય સાધન હતું. વળી એનું નામ 'કીકી' પણ નહોતું. એ તો એનું લાડકું નામ હતું જેનો અર્થ 'નાનકડી કન્યા' એવો થાય. તે ભાગ્યે જ બારેક વર્ષની હશે જ્યારે એનાં માબાપે તેને પચીસેક વર્ષની વયના એક બ્રાહ્મણ યુવક સાથે પરણાવી દીધી હતી. તેનો બાંધો નાજુક હોવાને કારણે સાસરી પક્ષનાં પણ લગ્ન પછીના શરૂઆતના દિવસોમાં તો તેને 'કીકી' જ કહેતાં હતાં. સિંધમાં આ નામ ઘણું પ્રચલિત હતું, તે તેને વળગેલું જ રહ્યું હતું!

તેનો પતિ કહેવા પૂરતો જ બ્રાહ્મણ હતો. હિંદુ ધર્મશાસ્ત્રોની તેને જરા પણ જાણકારી નહોતી. શરૂશરૂમાં તો યજમાનો પાસેથી દરેક બ્રાહ્મણને જે દાનદક્ષિણા મળતાં તેના ઉપર તેમનું ગુજરાન ચાલતું. તહેવારના દિવસોમાં યજમાનો પેટ ભરીને ભોજન કરાવતા અને ઉપરથી દક્ષિણા પણ આપતા, જે તેમની જિંદગીને સુખમય રાખતી હતી. જો કે, પહેલા વિશ્વયુદ્ધ પછી આ પ્રકારનું જીવન ગાળવું હવે મુશ્કેલ બનતું જતું હતું. કોણ જાણે, પણ ધાર્મિક વિધિઓમાંથી લોકોની શ્રદ્ધા ડગી ગઈ હોય કે અન્ય કારણ હોય, કશુંય કળવું મુશ્કેલ હતું. ચિંતાજનક બાબત તો એ હતી કે ધીમે ધીમે એમની આવક ઘટતી જતી હતી. તદ્દન નિરક્ષર રહેવાને કારણે પોતાના જમાનાની ભાષા કે સાહિત્ય શીખ્યો નહોતો, વળી જીવનમાં મદદરૂપ થાય તેવો કોઈ આધુનિક વ્યવસાય પણ તે શીખ્યો નહોતો. એટલે થોડીક ગાયો રાખીને તેમાંથી આજીવિકા મેળવવાનો – ઓછી આવકમાં ચલાવી લેવાનો તદ્દન સામન્ય રસ્તો તેણે પસંદ કર્યો હતો.

કીકી હવે અઢાર વર્ષની થઈ હતી. તેનો શારીરિક બાંધો નાજુક હોવાને કારણે તેનામાં યુવાની થોડીક મોડી ઊભરી આવી હતી; પરંતુ એટલી વયે પહોંચતાં પહોંચતાં તો તે લાગણીઓનાં અણધાર્યાં વાવાઝોડાં અને શારીરિક સંવેદનો અનુભવવા લાગી હતી. કમનસીબે આવા મધુર અને નાજુક આવેગો જાગે તે પહેલાં તો તેને જાતીય સંબંધોનાં કર્તવ્યો બજાવવાનાં આવ્યાં હતાં. આવી ઊર્મિઓ કે સંવેદનોનો તેણીના વર્તમાન જીવનમાં શો અર્થ હતો એવો પ્રશ્ન જરૂર કોઈને થાય. આવું બધું તો કોઈક સુરુચિપૂર્ણ અને સંસ્કારિતા સભર વાતાવરણમાં પાંગરવું જોઈતું હતું. એ જ્યાં રહેતી હતી તે સ્થાન તો જાણે આ બધાથી સાવ અજાણ હતું.

આ પ્રકારની અવનવી લાગણીઓની ઊથલપાથલ સાથે ભાગ્યે જ તેણે એક-બે વર્ષ પસાર કર્યાં હશે ત્યાં તો પતિ તરફનું વલણ અજ્ઞાતપણે બદલાતું જતું હતું. તેના પતિના અણઘડ અને અસંસ્કારી કહી શકાય એવા વર્તન પ્રત્યે તેને એક પ્રકારનો અણગમો જન્મ્યો હતો. જ્યારે એના પતિને કોઈની સાથે કઠોરતાથી કે હલકટ માણસની જેમ બોલતાં સાંભળતી ત્યારે જાણે કોઈકે તેનું નાક કાપી લીધું હોય તેવી અપમાનિત દશા અનુભવતી. રાત્રે બહારથી આવીને તેનો પતિ તેની પથારીમાં સૂઈ જતો ત્યારે તેનામાંથી છાણની ગંધાતી વાસવાળી હવાનો આખી રાત અનુભવ થયો હતો. આ કાંઈ નવું નહોતું. વર્ષોથી આવી ગંધાતી વાત સાથે તે જીવી રહી હતી... પરંતુ હવે જ્યારે તેનામાં કેટલીક લાગણીઓ જન્મી હતી ત્યારે તે અતિસંવેદનશીલ બની જતી હતી અને જાણે આ વાતાવરણથી ગૂંગળાતી હોય તેવું તેને લાગતું હતું. જાત સાથે મુકાબલો કરવા પણ તે ઘણી વખત પ્રયત્ન કરતી હતી. એક હિંદુ પત્નીને માટે તો તેનો પતિ દેવના સ્થાને ગણાય; ભલે પછી તે ગમે તેવો કદરૂપો, અણઘડ કે દુરાચરણી કેમ ન હોય!

શાસ્ત્રો તો પતિને જ પ્રેમ કરવાની, સેવાચાકરી કરવાની તેમ જ અન્ય પુરુષો કરતાં પોતાના પતિને જ બધી રીતે ચડિયાતો ગણવાની આજ્ઞા કરતા હતા. નાનપણથી આ પ્રકારની વિચારણા તેના મનમાં ઠસાવવામાં આવી હતી; એની પાછળ સૈકાઓ જૂની સર્વસ્વીકૃત રૂઢિ રહેલી હતી.

આ શાસ્ત્રોજ્ઞાઓ તે હંમેશાં યાદ રાખતી અને જુદી જુદી રીતે પણ પ્રતિદિન તે એનો અમલ પણ કરતી હતી. રૂઢિઓને અનુકૂળ થવા તે ભારે પ્રયત્નો કરતી, અને એ રીતે જ એના ચિત્તમાં શાંતિ સ્થપાતી. તે તેની ફરજો કદી ચૂકતી નહિ અને પતિને શેમાં આનંદ આવે છે તે પ્રમાણે વિચારી તેનું અનુશીલન પણ કરતી રહેતી. તેમ છતાં, આટલી નાની વયે આવું આત્મ-વિલોપણ! એવા પણ દિવસો આવતા જ્યારે કશું કામકાજ ન હોય અને પરાણે વિચારોમાં ચડી જતી અને હતાશ થઈ જતી. અનિચ્છાએ પણ અસંતોષના અસુરને તાબે કરવા એ સભાન પ્રયત્ન પણ કરતી રહેતી તેમ છતાં જાણે પેલો અસુર એક પછી એક મોજાં પર સવારી કરતો ધસી આવતો અને તેના પત્નીપણાના જર્જરિત વિચારોને ઊંધા પાડી દેતો હતો. બરુની સળીની જેમ તેના આત્મસંયમના અનેક ટુકડા થઈ જતા. તેના ચિત્તમાં ગમગીન અને અઘરા પ્રશ્નો જન્માવી બળવાના તરંગો પેદા કરતા જેથી અંતે તો તે હીબકે ચડી જતી હતી. જો કે, તેના સંસ્કારો આવા પ્રશ્નોને સભાનપણે પ્રવેશવા દેતી નહિ. એવા પ્રશ્નોનું અસ્તિત્વ તે કેવળ અસ્પષ્ટપણે અનુભવતી એટલું જ, તે કદીયે વ્યવસ્થિત રીતે આકાર ધારણ કરી શકતા નહીં.

ઘણી વખત જ્યારે તે અન્ય લોકોને નિહાળતી ત્યારે કીકી વિલક્ષણ પ્રકારનો રોમાંચ અનુભવતી, જેની હાજરી તેના ચહેરા પર અચૂકપણે નોંધાયા વિના રહેતી નહીં! એવું તે એમના વિશે આનંદ પામવા જેવું શું હતું? સ્વચ્છ વસ્ત્રો, હજામત કરેલી દાઢી, વ્યવસ્થિત રીતે હોળેલા વાળ, સ્ફુર્તિભરેલી ચાલ, સંસ્કારી વાણી – ટૂંકમાં એવું બધું કે જેનો તેના પતિમાં અભાવ હતો. બીજા લોકોને જોઈને તેને થતા આનંદના કારણ વિશે કીકી સભાન ન હતી. પોતાના પતિ સિવાય અન્ય કોઈ પણ પુરુષની ઝંખના તેનામાં હોય એવું ક્યારેય તેને લાગ્યું નહોતું. પોતાની પારિવારિક જિંદગીમાં તેણે ક્યારેય ઉન્માદક ક્ષણોનો અનુભવ કર્યો નહોતો. જ્યારે કશું જ ઘરકામ બાકી રહ્યું ન હોય ત્યારે ઘરના પગથિયે આવીને તે બેસતી અને રસ્તે આવતા જતા લોકોને તે જોયા કરતી. સુંદર દેખાવવાળા અને ચતુર યુવાન લોકોને જતા જોતી ત્યારે તે તેમની પત્નીઓ વિશે વિચારતી અને મનોમન ઈર્ષ્યા અનુભવતી; તેના હૈયામાં આનંદનું મોજું ઊછળતું. અલબત્ત, એ બે ઘડી ટકી રહેતું કારણ કે પત્ની તરીકેના હિંદુ આદર્શને યાદ કરતી અને તરત જ મનથી સાવધ થઈ જતી.

તેનાં માવતર સાધનસંપન્ન હતાં. બ્રાહ્મણ હોવાને કારણે મોટેભાગે યજમાનો તરફથી થતી આવક ઉપર તેઓનું અવલંબન હતું પરંતુ તે લોકો વેદોના સારા અભ્યાસી હતા. તેનાં સગાંઓ તેના પતિ જેવા ક્ષુદ્ર બ્રાહ્મણો-કહેવા પૂરતા બ્રાહ્મણો તેમ જ આકસ્મિક જન્મને કારણે જ કહેવાતા બ્રાહ્મણો નહોતા. તેના પિયરના ઘરનું વાતાવરણ કંઈક જુદું જ હતું. એ રહેઠાણ ઘાસચારો, છાણ અને મૂતરની દુર્ગંધ ફેલાવતું નહોતું. એવું એ ઘર સૌનું ધ્યાન ખેંચતું હતું. અપશબ્દો તેમ જ ઊંચા અવાજે બોલાતા શબ્દોને બદલે ધાર્મિક ચર્ચાઓ અને સંસ્કારી વિનમ્રવાણી ત્યાં સાંભળવા મળતી હતી. બિચારી કીકી! વિધિએ તેની કેવી ક્રૂર મજાક કરી હતી! આટલી બધી ઊંચાઈએથી જાણે તેને કોઈ ઊંડી ખીણમાં કોઈએ ફંગોળી દીધી હતી!

ક્યારેક કલ્પના દ્વારા તે પોતાની આસપાસના વાતાવરણથી પોતાની જાતને માઈલો દૂર લઈ જતી, જેથી આ રોજિંદા જીવતરના નિમ્ન કક્ષાના બંધનમાંથી છૂટવામાંથી સહાયરૂપ થવાય. તરંગોની દુનિયામાં તે મુક્તિની માદક હવા મેળવી લેતી. પોતાના ઘર જેવી બંધનની લાગણી ત્યાં તે અનુભવતી નહોતી. હંમેશાં એક વિશાળ ખુલ્લા સ્થળને નિહાળતી જ્યાં પોતાને મનગમતી એવી નિઃસીમતાનો ખુદ અનુભવ કરતી. ચારે બાજુ હરિયાળી, માઈલો સુધી પથરાયેલાં ઘાસનાં મેદાનો તેની આસપાસ રહેતાં. આ કલ્પનાજગતની હરિયાળી, વિવિધ રંગનાં ખીલેલાં પુષ્પોની સુવાસ એવી ફેલાયેલી હતી કે જાણે ઈશ્વરની આવી જાદુઈ દુનિયા અગાઉ કદી એણે જોઈ નહોતી. ઊંચા તાડવૃક્ષના ટેકે

આરામથી બેઠેલી, વિશાળ થડને અડકાડેલા ગાલને ચોતરફ વીંટળાયેલા પોતાના હાથના પંજાથી પંપાળી રહેલી તે પોતાને જોતી. તેનું હૈયું સૂક્ષ્મ જલલહરીમાં વિખરાઈ જતું અને તેનો ચહેરો પરમ આનંદના સુખથી ચમકી ઊઠતો.

એક દિવસ તેણે ખુદને અપાર્થિવ અસ્તિત્વની દુનિયામાં, આરસના એક શિવલિંગ સમક્ષ ઉપાસના કરતી નિહાળી. ઉપાસનાની એ જ સ્થિતિમાં એ કેટલોક સમય બેસી રહી હતી. તેનું મસ્તક નમેલું હતું. આંખો બિડાયેલી હતી; તથા તેના હાથ અત્યંત આદરભાવથી લિંગને સ્પર્શતા હતા. પ્રાર્થનાવિધિ પૂરો થયો એ અપાર્થિવ અવસ્થામાં જ તેણે પોતાની આંખો ખોલી. જોયું તો પેલું લિંગ પુરુષ-આકારમાં પરિવર્તિત થઈ ગયું હતું! એક આંચકા સાથે તે ઊભી થઈ ગઈ; પરંતુ એ પુરુષની આંખો તેમ જ તેના હોઠ પરના સ્મિતના દૃશ્યની, અત્યાર સુધીની તેની નબળી ઇચ્છાશક્તિ ઉપર એવી ઊંડી અસર પડી હતી કે ત્યાંથી ભાગી છૂટવાને બદલે તેણે તે પુરુષની ભુજાઓમાં ઝંપલાવી દીધું. ત્યારપછીની ક્ષણો તેણે સુવર્ણકીર્તિની ક્ષણો તરીકે પસાર કરી. થોડાક સમય બાદ જ્યારે તે હર્ષઘેલી તથા પરિપૂર્ણતાની સ્થિતિમાંથી બહાર આવી અને જેમાંથી આ આકાર રચાયો હતો તે જ્યારે પાતળી હવામાં ઓગળવા લાગ્યો હતો ત્યારે તેણે જોયું કે એ પુરુષનો ચહેરો બરાબર એના પિતાના ચહેરા જેવો દેખાતો હતો. તેના આવા ‘પાપમય અનુભવ’ પ્રતિ ત્રાસજનક તેમ જ દ્વેષપૂર્ણ અટ્ટહાસ્ય કરતી એક કદરૂપી ડાકણ તેને દેખાઈ, જેણે તેને આ ધરતી પર પાછી ભાનમાં આણી.

કલ્પનાચિત્ર તેની આંખમાંથી ઊડી ગયું અને મનને સંતોષવા તેમ જ રંગોથી પુનઃ પુનઃ દિવાસ્વપ્નોમાં પ્રકાશિત વિશાળ અવકાશમાં ફરી ક્યારેય ભટકાઈ ન જવાની – તેના સ્થૂળ અસ્તિત્વની ચેતનામાં પરિતાપસભર તે પાછી ફરી. ત્યાર બાદ સામાજિક અને ધાર્મિક રૂઢિઓઓમાં ઊંડે સુધી પડેલા હતા એવા ત્રાસદાયક ભયને કારણે જ તેના પર કશોક અંકુશ આવ્યો. અત્યારે તો ભાગ્ય જ તેની મદદે આવી પહોંચ્યું હતું. એવું બન્યું કે એક ગાંડી થઈ ગયેલી ગાયે એક દિવસ તેના પતિ ઉપર ભારે હુમલો કર્યો અને શિંગડામાં ભરાવી ઊંચકીને ભોંય પર પટકી પણ દીધો! તેના પતિના ઘૂંટણનું હાડકું સાંધામાંથી ખસી ગયું હતું. એની ગરદન લગભગ તૂટી ગઈ હતી. ઘણા મહિના સુધી તેને પથારીવશ રહેવું પડ્યું. પરંતુ એનું આ કમભાગ્ય કીકી માટે તો આશીર્વાદરૂપ સાબિત થઈને રહ્યું. આ ઘટના અને પરિસ્થિતિએ કીકીમાં કોઈક નવા જ પ્રકારની લાગણી ઉત્પન્ન કરી – માતા તરીકેની લાગણી, જે રક્ષણ આપવાની, સંભાળ લેવાની ઝંખના કરે છે તેવા પ્રકારની લાગણી.

કીકીએ પોતાના પતિની ચાકરીમાં પોતાની સઘળી શારીરિક તેમ જ ભાવનાત્મક શક્તિઓ કામે લગાડી દીધી. હવે તે કેવળ પોતાનો પતિ કે કુટુંબનું ભરણપોષણ કરનાર એક વ્યક્તિ નહોતો રહ્યો. દર્દને લીધે તે વધુ અશક્ત અને નાના બાળક કરતાં પણ વધુ અસહ્ય બની ગયો હતો. કીકીની માતૃવત્ ચાકરી અને સારસંભાળ વગર કદાચ તે જીવી શક્યો ન હતો. કીકી પણ અત્યંત ભક્તિભાવથી તેના પતિની સેવાચાકરીમાં લાગેલી હતી. સેવાની આ નવા પ્રકારની ધગશમાં તેની અન્ય સઘળી ઝંખનાઓ ગૌણ બની ગઈ હતી.

જીવન જીવવાની નૂતન પ્રકારની ઇચ્છા હવે તે અનુભવતી હતી. અને આ ઇચ્છાએ જ તેના સમગ્ર અસ્તિત્વમાં આનંદમય અવસ્થાનો નૂતન સંચાર પેદા કર્યો હતો. અગાઉ જે પ્રકારના તરંગોમાં તે રાચતી હતી તેવા તરંગો હવે તેને આવતા ન હતા. માતૃત્વ અંગેની તેની સહજસ્ફુરણાઓની તૃપ્તિમાં હવે તેને મુક્તિનો અનુભવ થતો હતો! એના હૈયામાં ઇચ્છાઓ માટે અવકાશ રહ્યો ન હતો. આ પ્રેમ કોઈપણ પ્રકારના બદલાવની અપેક્ષા વગરનો, નિર્વ્યાજ પ્રેમ હતો. અગાઉ કીકીએ ક્યારેય પ્રેમનો આવો અનુભવ કર્યો નહોતો!

કીકી પત્નીમાંથી એકાએક માતા બની ચૂકી હતી – બાળકનો સાદ સાંભળ્યા વિના. એ જ એનો મોક્ષ હતો.

(તુલસી ટાઉનશીપ, બાકરોલ-વડતાલ રોડ, વિદ્યાનગર)

## ચરોતરના સંસ્કૃત મહાકવિ મેધાવ્રતનું સાહિત્યસર્જન

**વિપુલ એમ. શ્રીમાળી**

સરદાર જેવા ભારતરત્ન, ગોવર્ધનરામ જેવા સાહિત્યરત્ન અને પ્રીતમ જેવા કવિરત્ન નીપજાવનાર 'રત્નભૂમિ' ચરોતરે સંસ્કૃત વાઙમય ક્ષેત્રે પણ મહાકવિ મેધાવ્રત જેવા સાહિત્યરત્નની ભારતમાતાને ચરણે ભેટ ધરી છે. પીંઢારાઓના ત્રાસથી વર્ષો પૂર્વે ચરોતરનું સોજિત્રા છોડી, મહારાષ્ટ્રના યેવલામાં વસેલા પટેલ પરિવારના વશંજ જગજીવન અને માતા સરસ્વતીદેવીના પનોતા પુત્ર મોતીચંદે, આર્યસમાજી પિતાના રંગે રંગાઈ, મેધાવ્રત નામ ધારણ કરી, શૈશવથી જ સંસ્કૃતિ અને સાહિત્યસેવાની દીક્ષા ગ્રહણ કરી હતી. વ્યાધિગ્રસ્ત શરીર અને સાંસારિક જીવનના વિવિધ સંઘર્ષો સામે ઝઝૂમતા રહી સાહિત્યપ્રકારો, સંખ્યા અને સત્ત્વ એ ત્રિવિધ દૃષ્ટિએ નોંધપાત્ર કહી શકાય તેવા સંસ્કૃત - સંસ્કૃતેતર સાહિત્યનું સર્જન કર્યું છે.મેધાવ્રતજીની સંસ્કૃત તેમજ સંસ્કૃતેતર કુલ પાંત્રીસ જેટલી રચનાઓ પ્રાપ્ત થાય છે. જેમાં નાટક, કાવ્ય, ચરિતકાવ્ય, લહરીકાવ્ય, શતકકાવ્ય, ઉપન્યાસ જેવાં સાહિત્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે.

**નાટક :**

**'પ્રકૃતિસૌંદર્યમ્'** : બાલકવિ મેધાવ્રતજીના હૃદયમાં પડેલાં દૃશ્યોના ઘેરા પ્રભાવથી પ્રેરાઈને તેમણે 'પ્રકૃતિસૌંદર્યમ્' નામના છ અંકવાળા નાટકની રચના કરી હતી. પંડિતજીની બાલ્યકાલીન કવિતાસૃષ્ટિ નિસર્ગ નિરીક્ષણ અને હૃદયની કોમળ મધુર ભાવનાઓના ઉદ્‌ગાર સમાન છે, એનું આ નાટ્યકૃતિમાં પદે પદે દર્શન થાય છે. આમ તો આ નાટક મૂળ કાવ્યના સ્વરૂપમાં હતું, જેનું સળંગ નાટ્યરૂપે કવિએ પછીથી રૂપાંતર કર્યું હતું.

આ નાટકમાં કાશ્મીરાધિપતિ ચન્દ્રમૌલિ, તેમનો પુત્ર ચન્દ્રકેતુ, મણિચન્દ્ર નામનો અમાત્ય, તેનો પુત્ર વસુચન્દ્ર, મુનિન્દ્ર નામના તપોવન અધિપતિ, ગુરુકુલ-અધિષ્ઠાતા, અગ્નિવર્ણ અને અગ્નિમુખ નામના તાપસો તથા બ્રહ્મચારીઓ આદિનાં પાત્રો દ્વારા નાટ્યકારે પ્રાચીન આર્ય રાજાઓ અને મુનિઓના પારસ્પરિક સંબંધોનું સુંદર નિરૂપણ કર્યું છે.

**કાવ્યો**

**દેશોન્નતિ :** ગુરુકુલવાસ દરમિયાન પાંચમા ધોરણમાં અભ્યાસ કરતા આ બાલકવિ મેધાવ્રતજીએ ઈ.સ. ૧૯૦૬ માં ૧૩ વર્ષની નાની વયે ૪૫ સંસ્કૃત શ્લોકોથી યુક્ત 'દેશોન્નતિ' નામના એક છંદોબદ્ધ કાવ્યની રચના કરી હતી. બાલ્યકાળથી જ આર્યભૂમિ અને આર્યસંસ્કૃતિના પૂજારી રહેલા આ બાલકવિની આ પ્રથમ કાવ્યકૃતિ રાષ્ટ્રગરિમા, સંસ્કૃતિ પ્રજા અને રાષ્ટ્રભક્તિના ગાઢ રંગે રંગાયેલી છે.

**બ્રહ્મચર્યમહત્ત્વમ્ :** વિદ્યાર્થી જીવનમાં બ્રહ્મચર્યના મહત્ત્વ વિશે બ્રહ્મચારી મેધાવ્રતજીએ 'બ્રહ્મચર્યમહત્વમ્' નામના એક સરળમધુર કાવ્યનું સર્જન કર્યું હતું, જેમાં તેમના બાલહૃદયના આદર્શો અક્ષરદેહ પામ્યા છે.

**દયાનન્દદિગ્વિજયમહાકાવ્યમ્ :** ૨૭ સર્ગ અને ૨૭૦૦ શ્લોકો ધરાવતા, શાંતરસ પ્રધાન આ મહાકાવ્યમાં મહાકવિ મેધાવ્રતજીએ આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવન અને કાર્યનું ભક્તિભાવસભર આલેખન કર્યું છે. અહીં પૂર્વાર્ધની તુલનામાં ઉત્તરાર્ધમાં રસોનો અધિક સુંદર પરિપાક થયેલો જોવા મળે છે. ઉતરાર્ધમાં ભારતીય દર્શનના અનેક સિદ્ધાંતોનું ખંડન-મંડન હોવા છતાં, કવિની ભાષાની સરળતા અને પ્રસાદગુણની પ્રધાનતાના કારણે કાવ્ય ક્લિષ્ટ બનતું નથી. અહીં સ્થાને સ્થાને પ્રકૃતિના રમણીય ચિત્રો અંકિત છે. કાવ્યનાયક દયાનંદ સરસ્વતીના જીવનના પ્રસંગો કવિએ સુપેરે ગૂંથ્યા છે. તેમની ઈશ્વરશ્રદ્ધા, નીડરતા, ઉત્કટ દેશપ્રેમ, આર્યત્વ ગૌરવ આદિ સરસ રીતે આલેખાયાં છે.

**ચરિતકાવ્યોઃ**

**બ્રહ્મર્ષિવિરજાનન્દચરિતમ્ :** આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી તથા પોતાના જીવનશિલ્પી અને ગુરુવર્ય એવા સ્વામી વિરજાનંદને ભાવભીની અંજલિ આપતા આ શાંતરસપ્રધાન ચરિતકાવ્યમાં મેધાવ્રતજીએ બ્રહ્મર્ષિ વિરજાનંદજીનું પ્રમાણભૂત જીવન, ચરિત્રશૈલીમાં અહીં આલેખ્યું છે. ભક્તિપ્રધાન આ સ-રસ ચરિત્રકાવ્યમાં વિલુપ્તપ્રાયઃ પ્રાચીન આર્ષ પાઠ-વિધિના ઉદ્ધારક, સમસ્ત ભારતવર્ષને પ્રેરણાનાં પીયૂષ પાઈ નવજીવન બક્ષનાર, મહાન ક્રાંતિકારી સંપપુરુષ વિરજાનંદની વિમલ અને અતુલ જીવનકથા રમણીય અક્ષરદેહ પામી છે.

**નારાયણસ્વામિચરિતમ્ :** 'મહાત્મ્યમહિમમંજૂષા' એવા અપર નામથી પણ પ્રસિદ્ધ, અલંકારમંડિત એવા ૨૫ શ્લોકબદ્ધ આ ચરિતકાવ્યમાં, લોકમાન્ય આર્યનેતા અને પંડિત મેધાવ્રતજીના આદરણીય ગુરુવર્ય નારાયણ સ્વામીના જીવન અને કાર્યોનું પ્રેરણાદાયી આલેખન છે, જેમણે મેધાવ્રતજીના પિતા જગજીવન(નિત્યાનંદ)ને વાનપ્રસ્થી અને સંન્યાસી તરીકેની દીક્ષા આપી હતી.

**આર્યેન્દ્રચારુચરિતામૃતમ્ :** પંડિતજીના ભત્રીજા હાલ આણંદ નિવાસી શ્રી સુબોધચન્દ્ર સ્નાતકે પણ પોતાના એક અભ્યાસલેખમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, પંડિત મેધાવ્રતજીએ વિરજાનંદસ્વામી, નારાયણસ્વામી ઉપરાંત અન્ય અનેક મહાત્માઓનાં જીવનચરિત્રોની સંસ્કૃતભાષામાં રચના કરી હતી. 'આર્યેન્દ્ર' શબ્દ સંભવતઃ આ દયાનંદજીનું જીવનચરિત્ર હોવાની સંભાવના દર્શાવે છે. 'દયાનન્દદિગ્વિજય' મહાકાવ્યની રચના પૂર્વે આ ચરિતકાવ્યની રચના થઈ હોવાની સંભાવના નકારી શકાય તેમ નથી. આ કૃતિ હાલ ઉપલબ્ધ નથી.

**લહરી કાવ્યો :** જગદ્‌ગુરુ શંકરાચાર્યથી શરૂ થયેલી મનાતી, સંસ્કૃત લહરી કાવ્યોની પરંપરામાં, પંડિત જગન્નાથના લહરીપંચક બાદ, આધુનિક કાળમાં પંડિત મેધાવ્રતજીએ દયાનંદલહરી, દિવ્યાનંદલહરી અને સુખાનંદલહરીની રચના કરી, આ પરંપરાને અખંડ રાખી છે.

**દયાનંદલહરી :** મૃત્યુશય્યાએ પડેલ અર્ધાંગિની અને મરણાસન્ન નવજાત શિશુના જીવન મરણની વેળાએ દયાનંદ જન્મશતાબ્દી પ્રસંગે એક ભક્તિમય લહરીકાવ્ય રચવાનો આદેશ પૂજ્યપાદ ગુરુવર્ય નારાયણ સ્વામી દ્વારા મળતાં, આ સંસારી સંતે બાવન પદ્યોની દયાનંદલહરી નું સર્જન કર્યું હતું. આમાં દયાનંદજીનો વિદ્યાભ્યાસ, ગુરુભક્તિ, શાસ્ત્રાર્થ, સ્ત્રી શૂદ્રાદિનો વેદાધિકાર અને કન્યાઓનું ઉપનયનનાદિ વિષયોનું મેધાવ્રતજીએ રસમય વર્ણન કર્યું છે. આ લહરીકાવ્યમાં પદલાલિત્ય, છંદોપ્રવાહ અને દયાનંદજી તરફની ભક્તિભાવનાનાં અતીવ મનોહર દર્શન થાય છે. પ્રા. ગુપ્તનાથસિંહના મતે અહીં મહર્ષિ દયાનંદની સ્તુતિ ભાટ-ચારણની જેમ અવતારરૂપે નહીં, પરંતુ ઋષિના વાસ્તવિક ગુણો અને કાર્યોની દિગ્દર્શનના રૂપે કરવામાં આવી છે.

**દિવ્યાનંદલહરી :** પદે પદે દિવ્યાનંદની અનુભૂતિ કરાવનારી અને 'ઈશસ્તોત' એવા અપર નામથી પણ પ્રસિદ્ધ અલૌકિક એવી આ દિવ્યાનંદલહરી, શિખરિણી છંદનિબદ્ધ બાવન પદ્યોમાં રચવામાં આવી છે. આ લહરીકાવ્યમાં ઈશ્વરમાહાત્મ્ય, ઈશ્વરનું વિરાટ સ્વરૂપ, ઈશ્વરકૃપા, અધ્યાત્મ, સત્સંગની આવશ્યકતા અને સત્સંગફળ, ઈશ્વરોપાસના, વિષયોની નિસ્સારતા તથા ઈશ્વરપ્રાપ્તિના ઉપાયો વગેરેનું સુંદર નિરૂપણ છે. કવિએ અહીં દયાનંદજી પ્રત્યે ભક્તિભાવપૂર્ણ મનોહર વર્ણન કર્યું છે. આ લહરીકાવ્યમાં અષ્ટાંગયોગની ઉપયોગિતા, તેનું ફળ અને આ પંથના પથિક એવા મુમુક્ષુની સાધના-આરાધના અને તેમાંથી નિષ્પન્ન થતા દિવ્યાનંદ વગેરેની કળામય અભિવ્યક્તિ છે. કવિત્વસંસ્પૃષ્ટ દાર્શનિક્તાથી ભરી ભરી આ લહરી ચૈતસિક શાંતિની અનુભૂતિ દ્વારા વાચકોને વૈરાગ્યાભિમુખ કરવાનું પ્રબળ સામર્થ્ય ધરાવે છે.

**સુખાનંદલહરી :** વ્યાકરણાચાર્ય યજ્ઞદેવ આર્યે 'સુખાનંદલહરી'નો ઉલ્લેખ કર્યો છે. આના વિશે વધુ વિગતો મળતી નથી. જો આ કૃતિ પંડિત મેધાવ્રતજીના અન્ય એક કાવ્ય 'સુખાનંદગિરિદર્શન'માં વર્ણવાયેલા સુખાનન્દગિરિ વિષયક લહરી હોવાની સંભાવના છે.

**પ્રકૃતિકાવ્યો :** કવિરત્ન મેધાવ્રતજીએ શૈશવકાળથી જ પ્રકૃતિ તરફ ખાસ લગાવ હતો. આ કારણે જ તેમણે પ્રકૃતિનો વિષય લઈ 'પ્રકૃતિસૌંદર્યમ્' નામના છ અંકી નાટક તથા 'સુખાનંદગિરિદર્શન' અને 'દિવ્યકુંજયોગાશ્રમવર્ણનમ્' નામનાં બે પ્રકૃતિ કાવ્યોની રચના કરી છે.

**સુખાનંદગિરિદર્શન :** વસંતતિલકા, મંદાક્રાંતા, શાલિની, માલિની આદિ આઠ અક્ષરમેળ છંદોમાં નિબદ્ધ બાવન શ્લોકોમાં મેધાવ્રતજીએ મેવાડના અતિ રમણીય સ્થાન ચિત્તોડદુર્ગ અને સુખાનંદગિરિનું ચેતોહારી વર્ણન કર્યું છે. લલિતમધુર કોમળકાન્તપદાવલિઓમાં કવિએ સુખાનંદગિરિ, એના ઢોળાવો, ગિરિકંદરાઓ તથા અરણ્યોનાં રુદ્ર રમ્ય દશ્યોનું મનભરીને આલેખન કર્યું છે ससस्यशालिनी मनोहराणि क्षेत्राणि અને स्वेच्छाम्बुधारास्सरित નાં કમનીય વર્ણનો અહીં કવિએ કંડાર્યાં છે.

**દિવ્યકુંજયોગાશ્રમવર્ણનમ્ :** નાસિક જિલ્લાના યેવલા નગર સમીપે આવેલા કુસુરગ્રામ ના દિવ્યકુંજયોગાશ્રમદ્નું સાહિત્યભૂષણ મેધાવ્રતજીએ વસંતતિલકા, વંશસ્થ આદિ છંદોમાં નિબદ્ધ ૨૭ શ્લોકોમાં મનહર વર્ણન કર્યું છે. આ દિવ્યકુંજયોગાશ્રમનું વર્ણન પુરાણ આદિમાં વર્ણિત ઋષિ-મુનિઓના આશ્રમોની ઝાંખી કરાવે છે. અહીં દુર્ગ, સંગમસ્થાન, રમણીય ભવનો, ક્ષેત્રમાલા, વિન્રમ તરુવરો, રુચિર ફળો, સરિતતટો, દિવ્યકુંજ આદિનું મનમોહક પદ્યોમાં વર્ણન થયું છે.

**શતકાવ્યો :** મેધાવ્રતજીએ ત્રણ શતકકાવ્યોની રચના કરી છે.

**બ્રહ્મચર્યશતકમ્ :** ગુરુકુલવાસ દરમિયાન બ્રહ્મચારી મેધાવ્રતજીએ, બ્રહ્મચર્યનો મહિમા દર્શાવતા ૧૦૦ શ્લોકોમાં બ્રહ્મચર્યશતકમ્ નામના આ સ-રસ શતકકાવ્યની રચના કરી હતી.

**ગુરુકુલશતકમ્ :** ગુરુકુલવાસ દરમિયાન ગુરુકુલના ઘેરા રંગે રંગાયેલા આ બાલકવિ મેધાવ્રતજીએ ૧૧૯ શ્લોકોમાં નિબધ્ધ ગુરુકુલશતકમ્ નામના શતકકાવ્યનું પ્રણયન કર્યું હતું. જેમાં આ બાલકવિની કોમળ નિર્મળ હૃદયોર્મિઓ શબ્દદેહ પામી છે.

**શાંતિશતકમ્ :** જીવનમાં શાંતિના મહત્ત્વનું પ્રતિપાદન કરવાના શુભાશયથી આર્યકવીન્દ્ર મેધાવ્રતજીએ ૧૦૦ શ્લોકોવાળા શાંતિશતકમ્ નામના આ શતકકાવ્યનું પ્રણયન કર્યું હતું.

**પ્રશસ્તિકાવ્યો :**

**સરસ્વતીસ્તવનમ્ :** કવિવર મેધાવ્રતજી કૃત સ્રોતકાવ્ય સરસ્વતીસ્તવનમ્માં તેમણે વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની ભાવપૂર્ણ પ્રશસ્તિ અને વંદના ચાર શ્લોકોમાં કરી છે.

**વલ્લભાષ્ટક :** ભારતના વીર સપૂત સરદાર પટેલ તરફના અહોભાવભર્યા હૃદયમાંથી છલકાતા ભાવોથી ગૂંથાયેલી આ કૃતિનો આરંભ हलधरनररत्नं भूषणं भारतस्य એવા ઓજસ્વી પદોથી થાય છે. આ કાવ્યમાં ચરોતરરત્ન, અખંડ ભારતના ઘડવૈયા તથા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યોને મેધાવ્રતજીએ ભવ્યાતિભવ્ય અંજલિ આપી છે.

**સયાજીપ્રશસ્તિ :** વડોદરના લોકહિતૈષી રાજવી મહારાજ સયાજીરાવ ગાયકવાડના હીરક મહોત્સવ પ્રસંગે પંડિતરાજ મેધાવ્રતજીએ સવાસો શ્લોકોમાં સયાજીપ્રશસ્તિ નામના છંદોબદ્ધ કાવ્યની રચના કરી હતી, જેમાં તેમણે મહારાજા સયાજીરાવ ગાયકવાડના પ્રેરક જીવન અને સિદ્ધિઓને સવાસો શ્લોકોમાં ભાવભીની અંજલિ આપી છે.

**જગન્નમસિ દયાનંદચન્દ્ર :** મંદાક્રાન્તા છંદોબદ્ધ ષડ્શ્લોકી આ પ્રશસ્તિપ્રધાન અંજલિકાવ્યમાં વિશ્વાકાશમાં સમુદિત દયાનંદચન્દ્રની સ્તુતિ કરવામાં આવી છે. આ કાવ્યમાં કવિએ મહર્ષિ દયાનંદ સરસ્વતીના અવતારકાર્યને ભક્તિભાવપૂર્વક ભવ્ય અજંલિ આપી છે.

**અન્ય કૃતિઓ :**

**મંડલગાન :** પંડિતજીએ સંસ્કૃત ભાષામાં મંડલગાન અર્થાત્ ગરબાઓની રચના કરી, ગુર્જરભૂમિ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કર્યું છે. આમાં ગૌવર્ણીવાણી સંસ્કૃતની વંદના ગુજરાતી ગરબાના ઢાળમાં કરવામાં આવી છે.

**મહામુનિર્માતૃભૂમિ :** આચાર્ય મેધાવ્રતજીએ મહામુનિર્માતૃભૂમિઃ નામના શીર્ષકથી દયાનંદ સરસ્વતીની જન્મભૂમિ ટંકારા (સૌરાષ્ટ્ર)ની અહોભાવભરી વંદના કરી છે. જેમાં તેમણે ટંકારાની તુલના દેવોના ધામ અમરાપુરી સાથે કરી છે.

**પદ્યતરંગિણી :** મેધાવ્રતજીએ કૃત પદ્યતરંગિણીઃ નામના કાવ્યસંગ્રહમાં શારદા, જ્યોતિ, વેદપ્રકાશ, આર્યમિત્ર, આર્યપ્રકાશ તથા પ્રચારક વગેરે સામયિકોમાં પ્રકાશિત કાવ્યકૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં પંડિત મેધાવ્રતજીના દેશભક્તો અને નેતાઓ તરફના હૃદયોગારો અને ગ્રામજીવન આદિનાં સરસ શબ્દચિત્રો કાવ્યદેહ પામ્યાં છે. લલિતમધુર કોમલકાન્તપદાવલિઓમાં વહેતી આ પદ્ય સરિતા સાચે જ અવગાહનીય છે.

**સત્યાર્થપ્રકાશમહિમા :** વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત તથા અનુષ્ટુપ જેવા વિવિધ છંદોમાં રચાયેલી આ રચનામાં મેધાવ્રતજીએ આર્યસમાજના આધારસ્તંભરૂપ ગ્રંથરત્ન સત્યાર્થપ્રકાશમહિમા ના મહત્વ અને ગૌરવનું નિરૂપણ કર્યું છે. મેધાવ્રતજીએ સત્યાર્થપ્રકાશમહિમાના રચયિતા મહર્ષિ દયાનંદ સરસ્વતીની વંદના કરતાં કહે છે : असत्यकीलामतवादमण्डनं न शोभते सत्य सुधर्मखण्डनम् । કવિની આ કૃતિને વિદ્વાનો वाक्यामृतमात्ममंगलम् તરીકે ઓળખાવે છે. અહીં દયાનંદની સર્વધર્મ સમભાવવૃત્તિને સરસ અંજલિ અપાઈ છે.

મેધાવ્રતજીએ सत्यार्थप्रकाश ને દયાનંદસુધાંશુ રચિત રમ્યા સત્યાર્થકૌમુદી ગણાવી છે. તેમણે આ ગ્રંથને જ્ઞાનદિવાકર, કલ્યાણચંદ્રોદય, મોક્ષલક્ષ્મીપ્રદ ગણાવી ભવ્ય અંજલિ આપી છે.

## ગદ્યકૃતિઓ

**કુમુદિનીચન્દ્ર :** ઉપન્યાસકાર મેધાવ્રતજીએ પોતે જેને આ ઉપન્યાસના અંતે મનોહરા રુચિકરકથા તરીકે ઓળખાવી છે, તે કુમુદિનીચન્દ્ર, કવિના જ શબ્દોમાં ગુર્જર-દેશભાષારચિત આશ્ચર્યકથાનો આશ્રય લઈને રચાયેલ, સરસ લલિત ઉપન્યાસ છે. આ ઉપન્યાસમાં પદે પદે પાંડિત્યનાં દર્શન થાય છે.

પ્રસિદ્ધ હિન્દી નવલકથા चन्द्रकान्ता સાથે ઠીક ઠીક સામ્ય ધરાવતા આ ઉપન્યાસમાં અજિતદુર્ગાધીશ્વર કેસરીસિંહના જયેષ્ઠપુત્ર ચન્દ્રસિંહ અને વિજયનગરનરેશ વિજયસિંહની દુહિતા કુમુદિનીની પ્રણયગાથા ગૂંથી લેવામાં આવી છે

**શુદ્ધિગંગાવતાર :** શુદ્ધિગંગાવતાર નામના એક અન્ય ઉપન્યાસની રૂપરેખા મેધાવ્રતજીએ તૈયાર કરી હતી, અને એનો આરંભ પણ કર્યો હતો. સંજોગોવશાત્ આ ઉપન્યાસ પૂર્ણ થઈ શક્યો નહીં. આ ગ્રંથ વિશે બીજી કોઈ વિગતો ઉપલબ્ધ નથી.

**હિન્દુસ્વરાજ્યસ્ય પ્રભાતકાલ :** મેધાવ્રતજીએ આ શીર્ષકવાળા ઉપન્યાસનો આરંભ કર્યો હતો, પરંતુ તે પૂર્ણ થઈ શક્યો ન હતો. આના વિશે પણ વધુ વિગતો મળતી નથી.

આ ઉપરાંત શારદા સામયિકોમાં પણ મેધાવ્રતજીના સંસ્કૃત ગદ્ય લેખો અવારનવાર પ્રકાશિત થતા હતા.

## પ્રકીર્ણ :

**સાહિત્યસુધા :** સંસ્કૃત ભાષામાં નાવા નવા અધ્યેતાઓને કેન્દ્રમાં રાખીને લખાયેલી આ કૃતિ પાઠ્યપુસ્તકના સ્વરૂપની છે. આ પુસ્તકમાં વ્યાકરણના પાઠ અને તેના પ્રયોગોનું તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તેમાં યત્ર-તત્ર થયેલો સુભાષિતોનો પ્રયોગ પુસ્તકની ઉપાદેયતા ઓર વધારી મૂકે છે.

## સંસ્કૃત રચનાઓનું સરળ સંસ્કૃતમાં પ્રસ્તુતિકરણ :

આર્યકવીન્દ્ર મેધાવ્રતજીએ પોતાના સાહિત્યસર્જનમાં કેટલીક સંસ્કૃત પ્રસિદ્ધ રચનાઓનું સરળ સંસ્કૃતમાં પ્રસ્તુતિકરણ કર્યું છે. જે નીચે મુજબ છે.

**માતૃભૂમિસૂકતમ્ :** જન્મભૂમિ પ્રેમના રંગે રંગાયેલા બાલકવિ મેધાવ્રતજીએ છાત્રાવસ્થામાં જ અથર્વવેદના વૈદિક સંસ્કૃત ભાષામાં રચાયેલા માતૃભૂમિકાસૂકતમ્ ને સરળ અને લલિતમધુર પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં પદ્યરૂપે અવતારી પોતાની સર્જન શક્તિનો પરિચય આપી દીધો હતો.

**સદાચારી બાલક :** વિદ્યાર્થી જીવનમાં સદાચારનું મહત્ત્વ દર્શાવવા મેધાવ્રતજીએ સદાચારી બાલક નામના ગ્રંથનું સરળ સંસ્કૃત ભાષામાં ભાષાંતર કરી, ભાષાંતરકાર તરીકેની પોતાની ક્ષમતા સિદ્ધ કરી આપી હતી.

**ઈશોપનિષત્કાવ્યમ્ :** અષ્ટાદશમંત્રાત્મક ઈશોપનિષ્દ્ ના તત્ત્વજ્ઞાનને સુગમ સરળ પ્રશિષ્ટ સંસ્કૃતભાષામાં

પદ્યબધ્ધ કરવાનો પ્રશસ્ય અને સફળ પ્રયત્ન આચાર્ય મેધાવ્રજીએ કર્યો હતો. વેદના સારગર્ભ સિદ્ધાંતોને ઉપનિષદ્‌ના જેવી જ સામર્થ્યપૂર્ણ, છતાં સરળમધુર પ્રવાહી શૈલીમાં રજૂ કરવાનું સામર્થ્ય દર્શાવતા આ લઘુકાવ્યમાં, પંડિતજીએ ઉપનિષદના ગૂઢ દર્શનને હૃદયંગમ બનાવી દીધું છે.

કવિસંસ્પૃષ્ટ દાર્શનિકતાથી તરબતર આ રસાત્મક કાવ્ય બ્રહ્માનંદ સાથે સાથે કાવ્યાનંદનો પણ દિવ્ય અનુભવ કરાવી જાય છે. કવિએ સ્વયં આ કૃતિને ઈશોપનિષદ્ સમાન ગણાવી છે.

સત્ત્વશીલ સંસ્કૃત રચનાઓના સર્જન ઉપરાંત મેધાવ્રતજીએ સંસ્કૃતેતર હિન્દી વગેરે ભાષામાં પણ કેટલાક ગ્રંથોની રચના કરી છે. ગિરિરાજ હિમાલયની ગરિમા અને પ્રાકૃતિક સુષમાનું નિરૂપણ કરતાં, તેમણે ગિરિરાજગૌરવ કાવ્યની, સંગીતવિષયક શાસ્ત્રીય ગ્રંથ દિવ્યસંગીતામૃત અને ગુર્જરભાષામાંથી હિન્દીમાં અનુવાદિત નાટ્યકૃતિ રુકમણિહરણની વાગીશ્વરીના ચરણોમાં ભેટ ધરી છે. આમ સત્ત્વ, સંખ્યા અને સૌંદર્યની દૃષ્ટિએ કવિરત્ન મેધાવ્રતજીએ આધુનિકકાળમાં સંસ્કૃત સાહિત્યક્ષેત્રે મહત્ત્વપૂર્ણ અને માતબર પ્રદાન કર્યું છે, એમ નિસંકોચ વિધાન કરી શકાય.

**સંદર્ભગ્રંથોઃ**


(૧) આધુનિક સંસ્કૃત નાટક, રામજી ઉપાધ્યાય, સંસ્કૃત પરિષદ, સાગર વિશ્વવિદ્યાલય, સાગર પ્રથમાવૃત્તિ - ૧૯૭૭.

(૨) યેવલા આર્ય સમાજ કે ૭૨ વર્ષો કા સંક્ષિપ્ત વૃત્તાન્ત, આર્ય ત્ર્યમ્બક બાબાજી, યેવલા પ્રથમાવૃત્તિ વિ. સં. ૧૯૩૦.

(૩) પંડિત મેધાવ્રત કવિરત્ન કૃત ગ્રંથો કી સમાલોચના, ગુપ્તનાથ સિંહ, આર્ય સુધારક પ્રેસ, વડોદરા, પ્રથમાવૃત્તિ - ૧૯૩૫.

(૪) મોર્ડન સંસ્કૃત લિટરેચર, સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી - ૧૯૫૭.

(૫) ચરોતર સર્વ સંગ્રહ (વિભાગ - ૧) - પુરુષોત્તમ શાહ, ચન્દ્રકાન્ત શાહ, લોકમત પ્રકાશન - નડીઆદ, પ્રથમાવૃત્તિ - ૧૯૫૪.

(૬) મેધાવ્રત કૃત પ્રકૃતિસૌન્દર્યમ્ (સાનુવાદ) પં. સત્યવ્રત, શાસ્ત્રી, યેવલા (નાસિક) પ્રથમાવૃત્તિ - ૧૯૩૪

(૭) મેધાવ્રત કૃત દયાનન્દદિગ્વજય મહાકાવ્ય, પં. સત્યવ્રત શાસ્ત્રી, યેવલા (નાસિક) પ્રથમાવૃત્તિ - ૧૯૪૭

(૮) મેધાવ્રત કૃત ગિરિરાજગૌરવ, વડોદરા - પ્રથમાવૃત્તિ - વિ.સં - ૧૯૮૯.

(૯) મેધાવ્રત કૃત ઈશોપનિષત્કાવ્ય, યેવલા નાસિક - પ્રથમાવૃત્તિ - વિ. સં. ૨૦૦૭.

(૧૦) મેધાવ્રત કૃત કુમુદિનીચન્દ્ર, યેવલા (નાસિક) દ્વિતીયાવૃત્તિ - વિ. સં. ૨૦૦૮.

(૧૧) મેધાવ્રત કૃત દિવ્યાન્નદલહરી અર્થાત્ ઈશસ્રોત, ગુરુકુલ સમિતિ, ચિત્તોગઢ (રાજસ્થાન) પ્રથમાવૃત્તિ વિ.સં - ૨૦૧૫.

(૧૨) મેધાવ્રત કૃત દયાનન્દલહરી, અજમેર (રાજસ્થાન) તૃતીયાવૃત્તિ - વિ. સં. ૨૦૩૪.

(૧૩) મેધાવ્રતકૃત બ્રહ્મર્ષિ વિરજાનંદચરિત્ર, ઝઝ્ઝર ગુરુકુલ (રોહતક) રાજસ્થાન, પ્રથમાવૃત્તિ - વિ.સં. ૨૦૧૨.

(૧૪) મેધાવ્રત કૃત સાહિત્ય સુધા (પ્રથમ ભાગ), સ્વાધ્યાય મંડળ, પારડી, સુરત, દ્વિતીયાવૃત્તિ- વિ. સં. ૨૦૫૪.

(૧૫) મેધાવ્રત કૃત દિવ્યકુંજયોગાશ્રમવર્ણન, (દિવ્યાનન્દલહરીમાં પ્રકાશિત) ગુરુકુલ સમિતિ, ચિત્તોડગઢ (રાજસ્થાન) પ્રથમાવૃત્તિ - વિ. સં. ૨૦૧૫.

(૧૬) મેધાવ્રત કૃત સત્યાર્થપ્રકાશ મહિમા, (દિવ્યાનન્દલહરીમાં પ્રકાશિત) ગુરુકુલ સમિતિ, ચિત્તોડગઢ (રાજસ્થાન) પ્રથમાવૃત્તિ - વિ. સં. ૨૦૧૫.

(૧૭) મેધાવ્રત કૃત સુખાનંદગિરિવર્ણન, (દિવ્યાનન્દલહરીમાં પ્રકાશિત) ગુરુકુલ સમિતિ, ચિત્તોડગઢ (રાજસ્થાન) પ્રથમાવૃત્તિ - વિ. સં. ૨૦૧૫.


**સામાયિક**


(૧) વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા - શ્રી ભાઈલાલભાઈ પટેલ ૭૦મી વર્ષગાંઠ અભિનંદન વિશેષક, ચારુતર વિદ્યા મંડળ, વલ્લભ વિદ્યાનગર, ૧૯૫૭-૫૮.

(૨) શારદા (પાક્ષિક) ૪૨૬ સદાશિવ પેઠ, પૂના - ૩૦.



(શ્રી જે.એમ. પટેલ આર્ટ્સ કૉલેજ, સરદાર બાગ પાસે, આણંદ)

# પ્રેમાનંદના આખ્યાનોમાં વક્રોક્તિ

જિજ્ઞેશ ઠક્કર

ગુજરાતી સાહિત્યમાં વ્યવહારુ વિવેચન પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના પ્રત્યક્ષ સંપર્કમાં રહ્યું છે. પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતોથી ગુજરાતી સાહિત્યની કૃતિને મૂલવીએ છીએ, પરંતુ ભારતીય કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતોથી કૃતિને મૂલવવાના-તપાસવાના પ્રયત્નો ઘણાં ઓછાં થયાં છે. એટલે જ જયંત કોઠારીએ ભારતીય કાવ્યશાસ્ત્રની પ્રસ્તુતતા વિશે વ્યાખ્યાનો આપી આ દિશામાં પગલું ભરવા જણાવેલું. તેમ છતાં આ દૃષ્ટિએ આજ સુધી બહુ ઓછી સાહિત્યકૃતિનું મૂલ્યાંકન થયેલું જોવા મળે છે. આ લેખમાં ભારતીય કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતથી આચાર્ય કુંતકના વક્રોક્તિવિચારની દૃષ્ટિએ પ્રેમાનંદના મુખ્ય આખ્યાનો જેવા કે – 'ઓખાહરણ', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન' અને 'દશમસ્કંધ'ને કેન્દ્રમાં રાખીને તપાસવાનો એક પ્રયાસ છે.

'વક્રોક્તિ' એટલે 'वैदग्ध्य भड.गी भणिति ।' અર્થાત્ વક્ર રીતે કહેવાયેલી ઉક્તિ. કાવ્યસૌંદર્યનો પર્યાય એટલે વક્રતા. કવિની કુશળતા પારખવાની શક્તિ એટલે વક્રતા એવો ગર્ભિત અર્થ રહેલો છે. આચાર્ય કુંતકે કૃતિના નાનામાં નાના એકમ વર્ણથી માંડીને પ્રબંધ સુધીના પ્રકારોની સદૃષ્ટાંત ચર્ચા 'વક્રોક્તિજીવિતમ્' નામના ગ્રંથમાં કરી છે. વક્રતાના આ પ્રકારોની દૃષ્ટિએ પ્રેમાનંદના આખ્યાનમાં રહેલી વક્રતાની તપાસ આ પ્રમાણે કરી શકાય

**(૧) વર્ણવિન્યાસ વક્રતાઃ** એકના એક વર્ણના ક્રમિક આવર્તનથી કાવ્યમાં પ્રગટતી સુંદરતાને-માધુર્યને વર્ણવિન્યાસ વક્રતા કહે છે. પ્રેમાનંદના પ્રત્યેક આખ્યાનમાં આના દૃષ્ટાંત જોવા મળે છે, –

– નાગરી નાતમાં નિર્ધન સરજિયા. (મામેરું કડવું-૩)

– શણગાર સજતી સુંદરી, તે શોભતી શ્રીકાર. (નળાખ્યાન કડવું-૨૫)

– ગિરિશૃંગ ગરીગરી પડે. (નળાખ્યાન કડવું-૧૭)

પ્રથમ ઉદાહરણમાં 'ન' વર્ણ, બીજા ઉદાહરણમાં 'સ' વર્ણ અને ત્રીજા ઉદાહરણમાં 'ગ' વર્ણને લીધે કાવ્યમાધુર્ય-વર્ણમાધુર્ય સર્જાય છે.

**(૨) પદપરાર્ધ વક્રતાઃ** વાક્યરચનામાં શબ્દની પહેલાં કે પાછળ વ્યાકરણના લિંગ, કૃદંત, પ્રત્યયો, અનુગ વગેરે લગાડવામાં આવે ત્યારે પદ પરાર્ધ વક્રતા બને છે, દા.ત. –

– 'સુખે બોલાવો બાહુકિયાને કરો વેગે નળની પરીક્ષા.' (નળાખ્યાન કડવું-૫૮)

– 'થોડી પાંખને માસ જ ઘણું લલચાયું મન નળરાય તણું.' (નળાખ્યાન કડવું-૩૩)

પ્રથમ દૃષ્ટાંતમાં 'બાહુકિયાને'માં 'ઈ' પ્રત્યય અને 'ન' અનુગ લાગીને આખું પદ બાહુકિયાને બન્યું છે તો વળી બીજા દૃષ્ટાંતમાં 'ને' અનેના અર્થમાં વપરાયો છે. 'જ' નિપાત ભારની અર્થચ્છાયા દર્શાવે છે. આમ, પ્રેમાનંદની મોટાભાગની કાવ્યપંક્તિમાં પદ પરાર્ધ વક્રતા જોવા મળે છે.

**(૩) પૂર્વાર્ધ વક્રતાઃ** પ્રકૃતિરૂપ શબ્દની વક્રતા એટલે પદપૂર્વાધ વક્રતા. આચાર્ય કુંતકે તેના આઠ પ્રકાર પાડ્યા છે. આ આઠેય પ્રકારની વક્રતા પ્રેમાનંદના આખ્યાનમાં નિહાળી શકાય છે. તેમની કેટલીક પેટાવક્રતાઓ આ મુજબ છે.

**(i) રૂઢિવૈચિત્ર્ય વક્રતાઃ** પરંપરાગત, કોશગત કે લોકવ્યવહારમાં પ્રચલિત વાચ્યાર્થને સ્થાને (રૂઢ અર્થ પર) કવિ પ્રતિભા દ્વારા અસંભવ્ય અર્થનું આરોપણ કરવું તેને રૂઢિવૈચિત્ર્ય વક્રતા કહે છે. પ્રેમાનંદના 'સુદામાચરિત્ર' આખ્યાનમાં શબ્દને તેના મૂળ અર્થના સ્થાને વિશિષ્ટ અર્થમાં પ્રયોજ્યો છે. શ્રીકૃષ્ણ સુદામાનું સ્વાગત કરવા અને સુદામાના પગ ધોવા માટે તે દાસીને કહે છે, –

"પૂજા થાળ કરો સાવધાન રે" (કડવું-૭) આ ઉદાહરણમાં 'સાવધાન' શબ્દ 'તૈયારના' વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયો છે. આપણે ત્યાં લોકવ્યવહારમાં 'વર-કન્યા સાવધાન' કે પછી 'કન્યા પધરાવો સાવધાન' જેવા શબ્દો

લગ્નપ્રસંગે પ્રયોજાય છે. આમ, અહીં રૂઢિવૈચિત્ર્ય વક્રતા રહેલી છે.

**(ii) પર્યાય વક્રતા:** કોઈ એક વસ્તુ કે વ્યક્તિ માટે અનેક સમાનાર્થી શબ્દો હોવા છતાં કવિ પોતાની પ્રતિભાને બળે એ શબ્દોમાં ભારોભાર વક્રતા યોજે છે. અને એ શબ્દો કોઈ વસ્તુ કે વ્યક્તિ માટે યથાર્થ સાબિત થાય છે. 'સુદામાચરિત્ર'માં પ્રેમાનંદ સુદામા માટે વિપ્ર, શ્રીકૃષ્ણ માટે યથાસમયે પ્રયોજાયેલા 'શ્રીકાન્ત', 'ત્રિકમજી', 'દાતા', 'અંતર્યામી', 'જગન્નાથ', 'મોરારિ', 'શ્રીરંગ', 'ત્રિભોવનધણી' જેવા પર્યાય સૂચક છે.

**(iii) ઉપચાર વક્રતા:** અમૂર્ત વસ્તુમાં મૂર્તતાનો આરોપ કર્યો હોય તેને ઉપચાર વક્રતા કહે છે. 'દશમસ્કંધ'માં પ્રેમાનંદે દેવકીની સાથે ગામની પ્રજા, પશુ, વૃક્ષોને રડતા બતાવે છે પણ દેવતાને રડતા જોઈ શકતા નથી. તેથી તે અમૂર્ત છે. તેમાં પ્રેમાનંદે આરોપ કર્યો છે. જુઓ:

*"દેવકી રોતાં હો, રોઈ પ્રજા ગામની*
*રોયાં વૃદ્ધ જોબન હો, રોયાં બાળક-બાડુવાં*
*રોયાં હય-હસ્તી હો, રોયાં નગરનાં ઝાડુવાં*
*રોયા ગગને દેવતા હો, રોયા વસુદેવ પતિ."*
(કડવું-૫)

અહીં અમૂર્તનું મૂર્ત પર આલેખન જોવા મળે છે. આવાં બીજાં દૃષ્ટાંત નળાખ્યાનમાં પણ જોવા મળે છે.

**(iv) વિશેષણ વક્રતા:** વિશેષણના પ્રભાવથી ક્રિયાના સૌંદર્યની નિષ્પત્તિ થાય તેને વિશેષણ વક્રતા કહે છે. પ્રેમાનંદે 'મામેરું'માં ભક્તપુત્રી નમાઈ કુંવરબાઈ માટે 'ઓશિયાળી', 'દામણી', 'પિયરપનોતી' જેવા વિશેષણો એની દયનીય અવસ્થાનાં દ્યોતક બની રહે છે. તો વળી 'સુદામાચરિત્ર'માં કૃષ્ણ પાસેથી ખાલી હાથે પાછા ફરતાં પોતાના જેવા દરિદ્રકૃષ્ણ માટે નોંધે છે કે –

'મોટો નિર્દય નંદકુંવર' (સુદામાચરિત્ર કડવું-૧૨) અહીં નિર્દય એવું વિશેષણ શ્રીકૃષ્ણના નામના અર્થમાં વક્રતા સૂચવે છે.

**(vi) લિંગ-વૈચિત્ર્ય વક્રતા:** લિંગવાચક પ્રત્યયથી કાવ્યમાં ચમત્કૃતિ સાધવી તે લિંગ-વૈચિત્ર્ય વક્રતા. અર્થાત્ એકવચનને સ્થાને બહુવચન અને પુલ્લિંગના સ્થાને સ્ત્રીલિંગ પ્રયોજે ને તેનાથી કાવ્ય ચમત્કૃતિપૂર્ણ બને ત્યારે તેને લિંગ-વૈચિત્ર્ય વક્રતા કહે છે. 'સુદામાચરિત્ર'માં બાળકોને બદલે બાળકડાં શબ્દ વાપરે છે. જુઓ –

*'વાયે ટાઢ બાળકડાં રુએ'* (સુદામાચરિત્ર કડવું-૨)

વળી બીજે,

'આ નીચાં ઘર ભીંતડીયો પડી' (સુદામાચરિત્ર કડવું-૨)માં કવિ ભીંતને ભીંતડીયો કહીને ભીંતની વાસ્તવિક ક્ષુદ્ર અવદશાનો તુચ્છકારમિશ્રિત ભાવ પ્રગટ થાય છે.

**(૪) વાક્ય વક્રતા:** ઉત્કર્ષશીલ સ્વભાવથી સુન્દર સ્વરૂપમાં કેવળ સુન્દર શબ્દો દ્વારા વર્ણન કરવામાં આવે ત્યારે તે વાક્ય બને છે. આચાર્ય કુંતક તેના બે પ્રકાર પાડે છે (i) સહજા અને (ii) આહાર્યા.

**(i) સહજા:** અલંકાર્ય વસ્તુ કે પાત્ર પોતે જ એટલું સુન્દર હોય કે તેને અલંકાર પ્રયોજવો જ ન પડે ત્યારે સહજા વાક્ય વક્રતા બને છે. 'નળાખ્યાન'માં આવતું નળનું વર્ણન કે પછી દમયંતીનું વર્ણન આનું ઉત્તમ દૃષ્ટાંત છે.

**(ii) આહાર્યા:** જે પોતાની પ્રતિભાથી નાની સરખી વસ્તુને કે અસુન્દરને સુન્દર બનાવી મૂકે ત્યારે આહાર્યા વાક્ય વક્રતા બને છે. આમાં બધા જ અર્થાલંકારનો સમાવેશ થાય છે. પ્રેમાનંદના આખ્યાનોમાં અર્થાલંકારો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. 'રણયજ્ઞ'માં વાનરોના પ્રથમ આક્રમણ વખતે રાવણનો મંત્રી પ્રહસન તેની જાણ કરતાં કહે છે –

'સિંહના ઘર પર આવે શિયાળ' અહીં રાવણના લોકોને સિંહનું રૂપક અને વાનરને શિયાળનું રૂપ આપ્યું છે. આમ, સિંહ ઉપમેયને શિયાળ ઉપમાન સાથે સરખાવવામાં આવ્યું છે. તેથી આ ઉપમા અલંકાર બને છે. આ ઉપરાંત પ્રેમાનંદના આખ્યાનોમાં –

- કૈલાસ સરખું ધામ – ઉપમા
- હાર્યો ધને કુબેર – અતિશયોક્તિ
- જાણે હસ્તની કલશ ઢોળવા – ઉત્પ્રેક્ષા
- ઋષિ જ્ઞાનઘોડે ચડ્યા – રૂપક

આવા અનેક ઉ.દા. તેમના આખ્યાનમાં જોવા મળે છે.

**(૫) પ્રકરણ વક્રતાઃ** પ્રકરણ વક્રતા એટલે પ્રબંધનો એક ખંડ. પ્રસંગ વિશેષ. અહીં ઉત્કર્ષ સાધવાથ સમગ્ર પ્રબંધનું સૌંદર્ય નિખરી રહે છે ત્યારે આ વક્રતા બને છે. ટૂંકમાં કાવ્યનો મહત્ત્વપૂર્ણ અંશ એટલે પ્રકરણ વક્રતા. પ્રેમાનંદના 'અભિમન્યુ-આખ્યાન'માં અહિલોચન વેર લેવા માટે શ્રીકૃષ્ણને મારવા પેટી લઈને જાય છે તે આખો પ્રસંગ આ આખ્યાનમાં ચમત્કૃતિપૂર્ણ છે. 'સુદામાચરિત્ર'માં કૃષ્ણ સુદામા પાસેથી તાંદુલ લેવા માટે જે ચેષ્ટા કરે છે તે અને પછી સુદામાને જે વૈભવ આપે છે તે પ્રસંગ આખી કૃતિમાં હાર્દ સમો છે. તે જુઓ –

*"અઢળક ઢળિયો રે શામળિયો મુષ્ટિ તાંદુલ માટે*
*ઈન્દ્રનો વૈભવ સેજમાં આપ્યો, સ્વલ્પ સુખડી માટે."*
(કડવું-૧૧)

પ્રેમાનંદના આખ્યાનમાંથી આવા બીજા દૃષ્ટાંતો પણ આપી શકાય તેમ છે.

**(૬) પ્રબંધ વક્રતાઃ** આ વક્રતામાં સમગ્ર કાવ્યસ્વરૂપનું શિલ્પ વિધાન એટલે કે સમગ્ર કાવ્યનું સૌંદર્ય, ચમત્કૃતિ એટલે પ્રબંધ વક્રતા. આચાર્ય કુંતક તેના પેટા પ્રકાર પાડે છે, જેમાં –

- નામકરણ વક્રતા – કૃતિના નામકરણથી જ તેમાંથી મુખ્ય ઘટનાની ચમત્કૃતિનું સૂચન થાય છે તેને નામકરણ વક્રતા કહે છે. પ્રેમાનંદના 'ઓખાહરણ'માં અને 'રણયજ્ઞ' આખ્યાનના નામમાં જ સુન્દરતા રહેલી છે. 'ઓખાહરણ'માં ઓખાનું હરણ એવો અર્થ રહેલો છે. પરંતુ આખ્યાનમાં હરણ તો અનિરુદ્ધનું થાય છે. તેથી આ આખ્યાનના નામમાં ચમત્કૃતિ રહેલી છે. તો વળી, 'રણયજ્ઞ'માં પણ વક્રતા રહેલી છે. 'રણયજ્ઞ' એટલે રણમાં યજ્ઞ. યજ્ઞ તો ઋષિના આશ્રમ કે તપોવનમાં થાય, રણમાં તો યુદ્ધ જ થાય. પરંતુ અહીં દેવોએ રાક્ષસોનો નાશ કરવાનું કાર્ય હાથ ધર્યું છે તેથી પ્રેમાનંદ તેને 'રણયજ્ઞ' કહે છે. અર્થાત્ તેમાં વ્યંજના-ચમત્કૃતિ રહેલી છે.

આચાર્ય કુંતકે આપેલા વક્રતાના પ્રકારોને આધારે પ્રેમાનંદના આખ્યાનોના નાનામાં નાના એકમ વર્ણથી માંડીને પ્રબંધ સુધીના એકમનું મૂલ્યાંકન કરી શકાય છે. આ દ્વારા પ્રેમાનંદની ભાષાના ઘટકતત્ત્વોને જાણી શકાય છે.

આ ઉપરાંત પણ પ્રેમાનંદના આખ્યાનોમાં વક્રતા જોવા મળે છે. જેમ કે – 'સુદામાચરિત્ર'માં શ્રીકૃષ્ણને મળવા દ્વારકા જતા વિપ્ર સુદામાનું વર્ણન તથા સત્યભામાની ઉક્તિઓમાં હાસ્યની સાથો સાથ ભારોભાર વક્રતા રહેલી છે.

'કુંવરબાઈનું મામેરું'માં નરસિંહ મહેતાની વહેલના વર્ણનમાં તથા કુંવરબાઈની વડસાસુએ મોસાળા માટે વસ્તુઓની યાદી તૈયાર કરતો જે કાગળ લખે છે તેમાં પણ ભરપૂર વક્રતા છે.

'રણયજ્ઞ'માં મંદોદરીના દુઃસ્વપ્નમાં 'વાંકો' શબ્દ આખા કડવામાં જુદા જુદા અર્થો આપે છે તેમાં પણ વક્રતા રહેલી છે.

આમ, પ્રેમાનંદના આખ્યાનોનું આ દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાથી તેમના આખ્યાનોની ભાષા, તેના ઘટકતત્ત્વો અને તેનો વિનિયોગ કયાં સંદર્ભમાં કર્યો છે તે જાણી શકાય છે. તેમ જ ભાષા પાસેથી કામ લેવાની તેમની શક્તિનો પણ ખ્યાલ આવે છે. ટૂંકમાં આ દૃષ્ટિએ અભ્યાસ કર્યા પછી એમ કહી શકાય કે તેમને ભાષા સ્વામીનું જે બિરુદ મળ્યું છે તે યોગ્ય છે.

**સંદર્ભગ્રંથોઃ**


૧. પ્રેમાનંદની કાવ્યકૃતિઓઃ ભાગ ૧-૨
સંપાદકઃ કે.કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા

૨. અહો ઝંકારતા ધ્વનિ
– લાભશંકર ઠાકર

૩. કુન્તકનો વક્રોક્તિ વિચાર
– રમેશ શુક્લ

૪. ભારતીય સાહિત્ય મીમાંસા
– બહેચરભાઈ પટેલ

૫. બુદ્ધિપ્રકાશ – ઈ.સ. ૧૯૯૮ - જાન્યુઆરી



(અનુસ્નાતક ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર. મો.: ૯૮૨૪૨૯૯૫૯૪)




# આજના ગ્રંથાલયનું અનિવાર્ય અંગઃ Internet

જિજ્ઞેશ મકવાણા

**પ્રસ્તાવનાઃ**

આજનો યુગ એ માહિતીયુગ છે. વિજ્ઞાન અને ટૅકનોલોજી આ જુદી જુદી માહિતીઓમાંથી જ વિકાસ પામે છે. આજે વિજ્ઞાન-ટૅકનોલોજીની સાથે સાથે માહિતીવિજ્ઞાન ક્ષેત્રે પણ સતત વિકાસ થઈ રહ્યો છે. આજના યુગમાં કમ્પ્યુરની બોલબાલા છે. કમ્પ્યુટરાઈઝેશનના આ યુગમાં માહિતીનો ધોધ સતત વહી રહ્યો છે. રોજે રોજ અનેકવિધ માહિતી પ્રકાશિત થાય છે. નવી માહિતી ઉપભોક્તા સુધી પહોંચે તે પહેલા જ તેના જેવી બીજી અનેક માહિતીઓ બહાર પડે છે અને અગાઉની માહિતી જૂની અને નકામી બની જાય છે. આજના ઈલેક્ટ્રોનિક યુગમાં Internetના માધ્યમથી માહિતી ઘણી ઝડપથી અપડેટ થતી રહે છે. એ જોતાં Internet એ માહિતીનો વિપુલ ખજાનો છે.

આ સંદર્ભમાં ગ્રંથાલય એ માત્ર સંગ્રહ સ્થળ નથી રહ્યું પણ તેનું નવીનતમ સ્વરૂપ ઉદ્ભવ્યું છે જેને વિવિધ નામો અપાય છે, જેમ કે Computerized Library, Digital Library, e-Library, Virtual Library etc.

## ગ્રંથાલયમાં ઈન્ટરનેટની જરૂરિયાત

### ૧. લેટેસ્ટ માહિતી પ્રાપ્તિઃ

ઉપભોક્તાઓને માહિતી મેળવવા માટે Internet પર ઘણીબધી વેબસાઈટ ઉપલબ્ધ હોય છે, આ વેબસાઈટ સમયાંતરે અપડેટ થતી હોય છે. Internetને કારણે મુદ્રિત કરતા ઈલેક્ટ્રોનિક માધ્યમોમાં માહિતી વધુ અદ્યતન જોવા મળે છે. આથી ગ્રંથાલયો Internetના માધ્યમ દ્વારા લેટેસ્ટ માહિતી પોતાના ઉપભોક્તાઓને પૂરી પાડી શકે છે. ઉપભોક્તાઓને તેમને જોઈતી માહિતીને અદ્યતન સ્વરૂપે આપવામાં આવે ત્યારે તેમને માહિતી ઉપયોગી તો થાય પરંતુ સંતોષપ્રદ સાબિત થાય છે.

### ૨. વિવિધ આવશ્યકતાઓનો સંતોષઃ

આજે દરેક ક્ષેત્રમાં નવા નવા વિષયો અને પેટા વિષયો ઉદ્ભવી રહ્યા છે. તેને આધારે ઉપભોક્તાની માંગમાં પણ બદલાવ આવી રહ્યો છે. તેથી તેમની માંગ ઝડપથી સંતોષવી જરૂરી છે. Internet ઉપર એક જ વિષયની અને તેના પેટા વિષયો કે આનુસંગિક વિષયની અસંખ્ય માહિતી મળી રહે છે. Internet પર મળતા માહતી સ્રોતોમાંથી ઉપયોગકર્તાઓને ઓછા સમયમાં જરૂરી અને ઉપયોગી માહિતી શોધીને આપી શકાય છે.

### ૩. માહિતી શોધમાં સરળતાઃ

જ્યારે કોઈ એક મુદ્દાને આધારે માહિતી મેળવવી હોય તો તે મુદ્દા પરની માહિતી શોધવાની હોય છે, તેવા ખૂબ ઓછા આધારવાળી માહિતી પુસ્તકમાંથી શોધવી એ ઘણું અઘરું કામ છે.

જ્યારે Internetના માધ્યમથી કોઈ એક શબ્દને આધારે ઝડપથી અને વિવિધતાલક્ષી માહિતી શોધી શકાય છે. જો ગ્રંથાલયમાં ઈન્ટરનેટની સુવિધા ચાલુ હોય તો ઉપભોક્તાને જોઈતી માહિતી યોગ્ય સમયમાં પૂરી પાડી શકાય છે. કારણ કે ઈન્ટરનેટ પર માહિતીશોધ માટે વિવિધ પ્રકારના સર્ચ એન્જિન સેવા માટે ઉપલબ્ધ હોય છે જેમ કે, yahoo.com, hotmail.com.

## ૪. માહિતીની વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધતાઃ

Internet પર વિવિધ સ્રોતો જેમ કે વિવિધ પ્રકારના લેખો, પુસ્તકો, ગ્રંથાલય સૂચિઓ, ઓડિયો, વીડિયો ક્લીપિંગ, સામયિકો, ન્યૂઝ લેટર, સમાચાર પત્રો વગેરે જેવા વિવિધ પ્રકારના માહિતી સ્રોતોમાં માહિતી અદ્યતન રહે છે અને તેમાં પણ એક માહિતી જેવી જ અન્ય માહિતી અને આનુસંગિક માહિતી માહિતી મળી શકે છે.

## ૫. વૈશ્વિક માહિતીની પ્રાપ્યતાઃ

આજે માહિતીનો રીતસરનો વિસ્ફોટ થયો છે તેવા સમયે આજના પરંપરાગત ગ્રંથાલયોમાં આવી બધી જ માહિતી રાખવી શક્ય નથી. તેથી ઘણીવાર ઈન્ટર લાઈબ્રેરી લોનની સુવિધા હેઠળ માહિતી મેળવીને અપાતી.

જ્યારે આજે Internet પર આખી દુનિયાભરની માહિતી ઉપલબ્ધ હોય છે. વિશ્વની દરેક વ્યક્તિ સ્વતંત્ર રીતે પોતાની માહિતી Internet પર મૂકી શકે છે. ઘણા લેખકો તો Online લખતા હોય છે. તેથી ઈન્ટરનેટનો ઉપયોગ કરતો ઉપભોક્તા વિશ્વની દરેક માહિતીમાંથી પોતાને જોઈતી માહિતી મેળવી શકે છે તેમ જ માહિતી વિશેના વૈશ્વિક પ્રવાહો વિશે પણ માહિતી મેળવી શકે છે, આમ, ઉપભોક્તા માટે ગ્લોબલ માહિતીની પ્રાપ્યતા શક્ય બનાવે છે.

## ૬. ગ્રંથાલયમાં સંગ્રહની સમસ્યાનો ઉકેલઃ

ઉત્તરોત્તર વધતી જતી માહિતીને કારણે પ્રકાશન કાર્યમાં વેગ આવ્યો છે. વિશ્વના પ્રકાશનો ઢગલાબંધ પુસ્તકો પ્રકાશિત કરી રહ્યા છે તેવા સમયે દરેક માહિતી અમૂલ્ય હોય છે તો તેવી દરેક અગત્યની માહિતીને ગ્રંથાલયમાં સંગ્રહવી શક્ય નથી. ગ્રંથાલયની અમુક મર્યાદા છે. જેમ કે, જગ્યા, નાણાંનો અભાવ વગેરેને કારણે બધી જ માહિતીના બધા જ પુસ્તકો ગ્રંથાલયમાં વસાવવા શક્ય નથી.

તેની જગ્યાએ Internet એ અદ્યતન માહિતી સ્રોતોનો ભંડાર છે. ગ્રંથાલયમાં જો ઈન્ટરનેટની ઉપલબ્ધતા હોય તો સ્થાન અંગેનો અવરોધ દૂર થાય છે. તેમ જ મુદ્રિત સ્વરૂપમાં રહેલી માહિતી ઉપભોક્તાઓને આપી શકાય છે.

## ૭. સમયનો બચાવઃ

કોઈ ગ્રંથાલયમાંથી એક માહિતી મેળવવી હોય તો તે ગ્રંથાલયમાં કેટલાય પુસ્તકોમાં જોવું પડે છતાં પણ અમુક માહિતી ગ્રંથાલયમાંથી નથી મળતી તો અન્ય બીજા ગ્રંથાયલમાં જવું પડે છે. ત્યાં પણ પાછી આ જ પ્રક્રિયા હાથ ધરીને માહિતી શોધવી તેના બદલે Internet પર ઉપલબ્ધ સર્ચ એન્જિન પર માત્ર એક શબ્દ કે એકથી વધારે શબ્દ લઈને પણ ઢગલાબંધ માહિતી ખૂબ જ ઝડપથી મળી રહે છે.

## ૮. કિંમતમાં વાજબીઃ

આજે દિવસે ને દિવસે મોંઘવારી વધી રહી છે. જે દરેક ચીજવસ્તુઓની કિંમતમાં વધારો કરે છે. ગ્રંથાલય અને માહિતી કેન્દ્રો ઉપર પણ વાચનસામાગ્રીની કિંમતમાં વધારાની અસર થાય છે. મુદ્રિત માધ્યમમાં પ્રકાશિત થતી માહિતીની કિંમતમાં સતત વધારો થયો છે. તેમ જ આ માહિતી સતત અદ્યતન રહેતી નથી જ્યારે Internet પર સતત અદ્યતન માહિતી પ્રાપ્ત થાય છે અને તેની કિંમત પણ ઓછી હોય છે. એકંદરે ઈન્ટરનેટ ઉપર મળતી માહતી તદ્દન નવી અને પ્રમાણમાં સસ્તી પડે છે, દા.ત. પુસ્તક ખરીદી, કેટલાંક પ્રવચનની ઓડિયો વગેરે.

## ૯. માહિતી પ્રાપ્તિનાં અવરોધોનો ઉકેલઃ

જ્યારે ઉપભોક્તાને જોઈતી માહિતી કોઈ દૂરના ગ્રંથાલયમાં હોય ત્યારે તે મળવી દુર્લભ હોય અને મળી જાય તો ખર્ચ વધારે થાય છે. જ્યારે Internetના માધ્યમથી આ માહિતી ખૂબ જ ઓછા સમયમાં અને જ્યારે જરૂર છે ત્યારે મેળવી શકાય છે. સાથે Translatorના માધ્યમથી ભાષાંતર કરીને માહિતી મળતી હોવાથી ભૌગોલિક, રાજકીય, સામાજિક અને ભાષાકીય અવરોધો દૂર કરે છે.

## ૧૦. ગ્રંથાલયોના કાર્યો અને સેવાઓમાં ઉપયોગીઃ

લાઈબ્રેરીમાં નવા પુસ્તકોની પસંદગી કરવામાં Internet ખૂબ ઉપયોગી છે. Book Classificationના કાર્યમાં પણ Internetની મદદ લઈ શકાય છે. કેટલીક જાણીતી લાઈબ્રેરીઓએ પોતાની વેબસાઈટ બનાવેલી છે. જે દ્વારા પોતાની લાઈબ્રેરીમાં ઉપલબ્ધ ન હોય તેવી

માહિતી આવી મોટી લાઈબ્રેરીમાંથી મેળવી અપાય છે. અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરીની સાઈટનું નામ છે, www.inflibnet.ac.in.

લાઈબ્રેરીમાં તમામ પુસ્તકો ન હોય તો કેટલાક પુસ્તકો વિશેની માહિતી Internet દ્વારા મેળવી શકાય છે. કેટલાક Magazines, Journalsને Internet દ્વારા લાઈબ્રેરીમાં જ બેસીને વાંચી શકાય છે.

ઈન્ટરનેટ સેવા દ્વારા વાચકોને તેમના વિષય સંબંધિત અદ્યતન અને ચોક્કસ માહિતી જેવી કે e-books, e-journal, CD Rom વગેરે સવા આપી શકાય છે. પોતાના મનમાં ઊભા થયેલા પ્રશ્નોમાં જે તે વિષયનિષ્ણાતને Online પર કે E-mail દ્વારા પૂછીને નિરાકરણ લાવી શકાય છે.

**ઉપસંહારઃ**

આજે જે નવી નવી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો શરૂ થાય છે તેમાં તો કોઈક વાર લાઈબ્રેરી ફુલ ફર્નિસ્ડ અને સાધનોથી સંપન્ન હોય છે પણ વાચન સામગ્રીમાં ગરીબ હોય છે. શૈક્ષણિક સંસ્થાઓની ઉપરની સંસ્થાઓ જેવી કે UGC, NCTE, AICTE, University એ જે માપદંડ આપ્યા હોય છે તે માપદંડો લઘુત્તમ રીતે પરિપૂર્ણ થાય એટલી વાચન સામગ્રી વસાવીને સંતોષ માને છે. ઘણી કૉલેજોમાં તેના દીર્ઘદૃષ્ટિવાન આચાર્યો અને ગ્રંથપાલની જાગૃતતાના કારણે લાઈબ્રેરીમાં સારું એવું કલેક્શન હોય છે. તો આવી પરિસ્થિતિમાં લાઈબ્રેરીમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટ એ એક અતિ સમૃદ્ધ અને નવીન ગ્રંથાલયની ગરજ પૂરી પાડે છે. સાથે વાચકોની મોટાભાગની જરૂરિયાતો સંતોષવા મોટી ભૂમિકા ભજવે છે. ઉપર્યુક્ત પરિબળો જોતાં આજના ગ્રંથાલયોમાં ઈન્ટરનેટ એક અનિવાર્ય જરૂરિયાત છે. એ માટે ગ્રંથપાલોએ પણ તેની સજ્જતા કેળવવી આવશ્યક છે.

(લાઈબ્રેરિયન, આણંદ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આણંદ)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ *www.ecvm.net* પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ *editor.vidyanagar@gmail.com* પર પણ પાઠવી શકો છો.

## યુવાનોના સર્વાંગી વિકાસનો રાજપથઃ
# રાષ્ટ્રીય સેવા યોજના

**નીલેશ બારોટ**

પ્રત્યેક વ્યક્તિ સમાજના વિકાસમાં, તેના ઉત્થાનમાં સહભાગી બને તે સમાજની આવશ્યક્તા છે. યુવાનો રાષ્ટ્રનિર્માણ માટે મહત્ત્વનો સ્રોત છે. યુવાશક્તિને યોગ્ય દિશા-માર્ગદર્શન દ્વારા રાષ્ટ્રનાં સર્વાંગી વિકાસમાં તથા રચનાત્મક કાર્યમાં જોડી શકાય તો રાષ્ટ્રને શક્તિશાળી અને મજબૂત બનાવી શકાય. સમાજ અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા સાતત્યપૂર્ણ રીતે ચાલતી રહે તે માટે શિસ્તબદ્ધ અને તાલીમબદ્ધ યુવાવર્ગ હોવો જરૂરી છે. આઝાદી પૂર્વે ભારતમાં શિક્ષિત યુવાવર્ગ પાસે દેશની આઝાદી એ મહત્ત્વાકાંક્ષી ધ્યેય હતું. યુવાનો પાસે ભગતસિંહ તેમ જ ચંદ્રશેખર આઝાદ જેવા યુવા આદર્શો હતા અને ગાંધીજીના પ્રભાવમાં કેટલાયે યુવાનો આઝાદી માટે અહિંસક લડતમાં તથા સમાજ ઉત્થાનની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હતા. દેશના અંતરિયાળ ગામોમાં, આદિવાસી વિસ્તારોમાં તથા અસ્પૃશ્યોની વચ્ચે જઈ જાગૃતિ લાવવા પ્રયત્નશીલ બન્યા હતા. ગાંધીજીના વિચારોની ચિર અસર યુવાનો પર પડી હતી.

સ્વતંત્રતા બાદ ભારતમાં શિક્ષિત યુવાનોને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે તથા યુવાવર્ગમાં રાષ્ટ્રભાવના કેળવાય, યુવાનો રાષ્ટ્રનિર્માણનાં તથા સમાજ ઉત્થાનનાં કાર્યમાં પ્રવૃત્ત થાય, પોતાના સમાજને સારી રીતે સમજી શકે તથા પોતાની સંસ્કૃતિનું સંવર્ધન કરે તેવા હેતુસર માધ્યમિક તથા ઉચ્ચશિક્ષણ વ્યવસ્થામાં વિવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓ શરૂ કરવાની હિમાયત ૧૯૪૯માં ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્ણનને કરી હતી. ૧૯૫૦માં Central Advisory Board of Education (CABE)એ ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નનની ભલામણને સ્વીકારી અને સ્વૈચ્છિક કાર્ય તરીકે વિદ્યાર્થીઓને શાળા-કૉલેજમાં NSS (National Service Scheme)ની શરૂઆત કરવામાં આવી. ૧૯૫૮માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠકમાં સ્કૂલો અને કૉલેજોમાં NSS પ્રવૃત્તિની શરૂઆત કરવાની ભલામણ કરી હતી. ૧૯૫૯માં રાજ્યોનાં શિક્ષણમંત્રીઓની પરિષદમાં પૂર્ણબહુમતીથી નક્કી કરવામાં આવ્યું કે NSS માટે એક મુસદ્દો તૈયાર કરવો અને આ માટે ડૉ. સી.ડી. દેશમુખના વડપણ હેઠળ એક કમિટી રચવામાં આવી. ૨૮મી ઓગસ્ટ ૧૯૫૯ના રોજ રજૂ કરેલા રિપોર્ટમાં તેઆએ શાળા-કૉલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે તેમણે ફરજિયાત મિલિટરી તાલીમ તથા શ્રમકાર્ય અને સમાજસેવાને સમાવવાની ભલામણ કરેલી પરંતુ નાણાંની જોગવાઈના અભાવે તેની અમલવારી અંગેની આ ભલામણોને પડતી મુકવામાં આવી.

૧૯૬૪થી ૧૯૬૬ દરમિયાન ડૉ. ડી.એસ. કોઠારી Education Commissionના અધ્યક્ષ હતા ત્યારે તેઓએ આ ભલામણોને સમર્થન આપ્યું અને કેન્દ્ર સરકારને આ પ્રવૃત્તિ ચલાવવા માટે ભલામણ કરી. ૧૯૬૭માં રાજ્યના શિક્ષણમંત્રીઓની પરિષદમાં યુનિવર્સિટી કક્ષાએ ચાલી રહેલા NSS (National Cadet Corp)ના વિકલ્પમાં NSSની પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય તે માટે આ ભલામણને સ્વીકારવામાં આવી. ૧૯૬૯નું વર્ષ પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતીનું વર્ષ હતું અને NSSની પ્રવૃત્તિ મહાત્મા ગાંધીના આદર્શોને પ્રતિબિંબિત કરતી હતી. ૨૬મી જાન્યુઆરી ૧૯૬૯ના રોજ વિધિવત રીતે NSSના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી. ૨૩-૨૪મી સપ્ટેમ્બરના રોજ યુનિવર્સિટી અને શાળાકક્ષાએ NSSની પ્રવૃત્તિનો અમલ થયો. ૨જી ઑક્ટોબરથી કાર્યક્રમની શરૂઆત થઈ. પહેલા વર્ષે જ ૪૦,૦૦૦ વિદ્યાર્થીઓ NSSમાં જોડાયા.

રાષ્ટ્રીય સેવા યોજનાનાં પ્રતીક તરીકે કોણાર્ક મંદિરમાં દર્શિત સૂર્યના રથનું પૈડું અને તેમાં દર્શાવવામાં આવેલા આઠ આરાઓને પસંદ કરવામાં આવ્યા છે. આ ચક્રને વાદળી કલરનું બેકગ્રાઉન્ડમાં લાલ કલરથી દર્શાવવામાં આવ્યું છે. આ પ્રતીક સતત ચાલતી અને ગતિમાન રહેતી સમાજજીવનની ધારાનો નિર્દેશ કરે છે. રાષ્ટ્રી સેવા

યોજનાનું સૂત્ર છે, NOT ME BUT YOU જે સમાજના ઉત્થાનકાર્યમાં રહેલી સમર્પણની ઉદાત્ત ભાવનાનો નિર્દેશ કરે છે. વ્યક્તિ સ્વકેન્દ્રિત નહી પરંતુ બીજાના સુખ-સુવિધાને ધ્યાનમાં રાખી સમાજ કલ્યાણ દ્વારા સ્વકલ્યાણ કરે તેવો મનોભાવ અહીં કેન્દ્ર સ્થાને છે. રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા યુવાનોમાં આ મનોભાવો આવે તે NSSની પ્રવૃત્તિનો હેતુ છે.

## રાષ્ટ્રીય સેવા યોજનાનું ધ્યેયઃ

*"સમુદાય સેવાના માધ્યમથી વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ."*

રાષ્ટ્રીય સેવા યોજના સમાજ સેવાના માધ્યમથી યુવાનોને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડી રાખે છે.

## રાષ્ટ્રી સેવા યોજનાના હેતુઓઃ

### ૧. લોકોની વચ્ચે અને સાથે કામ કરવાની તાલીમઃ

યુવા શિક્ષિત વિદ્યાર્થીઓ પોતાના સમાજથી દૂર ના થઈ જાય તે માટે યુવાનોને પોતના સમાજના વિવિધ રચનાત્ક કાર્યો કરવાની તાલીમ આપવી તથા લોકોની સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરવાની તક ઉપલબ્ધ કરાવવી. આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ સામુદાયિક જીવનની જરૂરિયાત સમજે, લોકો સાથે સહકાર સાધી કામ કરવાની તાલીમ પ્રાપ્ત કરે અને સમુદાય ભાવના કેળવે.

### ૨. રચનાત્મક અને સર્જનાત્મક કાર્ય માટેની તત્પરતાઃ

વિદ્યાર્થીઓમાં સુષુપ્ત અવસ્થામાં પડેલી સર્જનાત્મકતા તથા રચનાત્મકતાને અભિવ્યક્ત કરવાની તક પૂરી પાડવી તથા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખીલી ઊઠે તેવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને પ્રવૃત્ત રાખવા. વિદ્યાર્થી સ્વૈચ્છિક રીતે કાર્ય કરતો થાય તથા પોતાનું જ્ઞાન અને શક્તિનો ઉપયોગ કરતો થાય. વિદ્યાર્થી પોતાની સર્જનશીલતા દ્વારા શ્રેષ્ઠ સર્જન કરી શકે તેવું વાતાવરણ તૈયાર કરવું. વિવિધ રચનાત્મક તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં તત્પરતા લાવવી.

### ૩. સામાજિક સમસ્યાઓનું નિવારણઃ

અનેકવિધ સામાજિક સમસ્યાઓ સમાજને ઘેરી રહી છે, ત્યારે સ્થિર અને સુદૃઢ સમાજના નિર્માણ માટે સમાજની આ સામાજિક સમસ્યાનું જ્ઞાન અને તેના નિવારણના કૌશલ્યની યુવાનોમાં તાતી જરૂરિયાત છે. નિષ્ણાત વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજી વિદ્યાર્થીઓને સમસ્યાઓના વૈજ્ઞાનિક જ્ઞાનથી માહિતગાર કરવા તથા સમસ્યાઓના નિવારણ અંગેના ઉપાયોથી માહિતગાર કરવા. યુવાનો સમાજમાં જઈ સમસ્યાઓને સમજે તથા લોકોમાં જાગૃતિ લાવે અને સમસ્યાઓના નિવારણ માટે પ્રયત્ન કરતા થાય તે માટે યુવાનોને માર્ગદર્શિત કરવા.

### ૪. લોકશાહી નેતૃત્વનો વિકાસઃ

રાષ્ટ્રીય સેવા યોજનાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણ વિકસે તે માટે તેઓના જૂથમાં નેતૃત્વ ધારણ કરવાની તાલીમ આપવી. વિદ્યાર્થી ફક્ત નેતા ન બની રહેતા સારો અનુયાયી બને અને જૂથમાં લોકશાહી મૂલ્યોનો વિકાસ થાય તે માટે દરેક વિદ્યાર્થી પ્રયત્ન કરે તેવું વાતાવરણ સર્જવું. રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિના માધ્યમથી વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને લોકશાહી વ્યવસ્થાના વિકાસ માટે પ્રયત્ન કરવા અને વિદ્યાર્થીઓમાં તેવી શક્તિઓનો વિકાસ કરવો.

### ૫. શિક્ષિત તથા અશિક્ષિત સમૂહ વચ્ચે સેતુરૂપ બનવુંઃ

સામાન્ય રીતે શિક્ષિત યુવાનો શિક્ષણ મેળવ્યા બાદ પોતાના જ સમાજના અશિક્ષિત સમૂહથી વિમુખ થઈ જતા હોય છે. તેઓને તુચ્છ ગણતા હોય છે. આથી શિક્ષિત અને અશિક્ષિત સમૂહ વચ્ચે અંતર વધવા લાગે છે, સમાજ બે વિભાગમાં વહેંચાય જાય છે. રાષ્ટ્રીય સેવા યોજના આ બે સમૂહો વચ્ચે સેતુ બને છે, શિક્ષિત વિદ્યાર્થીઓ પ્રૌઢ શિક્ષણ કે સતત શિક્ષણના માધ્યમથી પોતાના સમૂહના અશિક્ષિત લોકોને ભણાવે છે. તેઓની વચ્ચે જઈને કાર્ય કરે છે. આથી બન્ને સમૂહ વચ્ચેનું અંતર ઘટે છે, બન્ને એકબીજાને ઓળખતા થાય છે.

### ૬. સ્વરોજગારી માટેના કાર્યક્રમોઃ

રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એવી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવું જેથી યુવાનો સ્વરોજગાર

પ્રાપ્ત કરી શકે. ગૃહ ઉદ્યોગ વિકસાવવા અંગેની માહિતી અને માર્ગદર્શન સક્ષમ વ્યક્તિઓ પાસેથી અપાવવા. સરકારી સહાય યોજનાઓ, કુટિર ઉદ્યોગ વગેરે અંગેની માહિતી અને માર્ગદર્શન વિદ્યાર્થીઓને મળી રહે તથા આ ઉદ્યોગો જ્યાં ચાલતા હોય તેની મુલાકાત યોજવી જેના દ્વારા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા કેળવવી અને વિદ્યાર્થીઓની શક્તિઓ વિકસાવવી.

**૭. નબળા વર્ગોની સેવા કરવાની તત્પરતાઃ**

સમાજના પછાત અને નબળા ગણાતા વર્ગોમાં જઈ વિદ્યાર્થી વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિ કરતા થાય, ગ્રામીણ પછાતો તથા ગંદાવસવાટમાં જઈ વિદ્યાર્થીઓ કાર્યક્રમોનું આયોજન કરતા થાય. નબળા તથા પછાત વર્ગો તરફ વિદ્યાર્થીઓમાં સેવાભાવના વિકસે અને વિદ્યાર્થી લોકકલ્યાણના કાર્યો કરવા તત્પર બને તે માટે પ્રયત્નો કરવા.

**૮. રાષ્ટ્રવાદની ભાવના વિકસાવવીઃ**

ભારતીય સમાજ બહુવિધતા ધરાવતો સમાજ છે. ધર્મ, ભાષા, સંસ્કૃતિ, જ્ઞાતિ-જાતિ અને ભૌગોલિક વિભિન્નતા ધરાવતો પચરંગી સમાજ છે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવના જન્મે અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રવાદી બને તે માટે વિવિધ કાર્યક્રમો ચલાવવા, વિદ્યાર્થીઓ અલગ અલગ ધર્મ, ભાષા, સંસ્કૃતિના લોકોના સંપર્કમાં રહે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું. વિદ્યાર્થીઓમાં આવા વિવિધ જૂથો તરફ આદર-સન્માન જળવાય તથા સહિષ્ણુતાની લાગણી કેળવવી અને રાષ્ટ્રીય એકતા લાવવી.

**૯. સામાજિક અને સાંપ્રદાયિક સદ્‌ભાવના કેળવવીઃ**

ભારતમાં વિશ્વના તમામ ધર્મના અનુયાયીઓ વસવાટ કરે છે. ધાર્મિક વિવિધતા ધરાવતા દેશમાં ધર્મજૂથો વચ્ચે સદ્‌ભાવના જળવાય રહે અને દેશની ધાર્મિક નિરપેક્ષતા જળવાય રહે તે હેતુથી વિદ્યાર્થીમાં સાંપ્રદાયિક સદ્‌ભાવના કેળવવી.

**૧૦. વ્યક્તિમત્તાને ખીલવવીઃ**

વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓની ખીલવણી કરવા માટે તેઓને વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં જોડવા. વિદ્યાર્થીઓની વ્યક્તિમત્તા સર્વાંગી રીતે વિકસે તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવું.

## રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિઓઃ

રાષ્ટ્રીય સેવા યોજનાના ધ્યેય અને હેતુઓને સિદ્ધ કરવા માટે બહુઆયામી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. અત્રે આપેલી પ્રવૃત્તિઓ ઉદાહરણરૂપ છે આ સિવાયની અન્ય પ્રવૃત્તિઓને જરૂરિયાતના આધારે સમાવી શકાય. રાષ્ટ્રીય સેવા યોજનામાં થતી પ્રવૃત્તિઓને બે વિભાગમાં વહેંચવામાં આવે છે, ૧. નિયમિત પ્રવૃત્તિ, ૨. ખાસ શિબિરની પ્રવૃત્તિ.

નિયમિત પ્રવૃત્તિ કૉલેજના નિયમિત અભ્યાસની સાથે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતી હોય છે. સામાન્ય રીતે બે પ્રકારની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવતો હોય છે.

**૧. એક દિવસીય શિબિરઃ એક દિવસીય શિબિર બે રીતે યોજવામાં આવતી હોય છેઃ** કૉલેજમાં અને નજીકના ગામ કે શહેરના વિસ્તારોમાં. વધુમાં અન્ય પ્રવૃત્તિ તરીકે પણ કરી શકાય.

**૨. ખાસ વાર્ષિક શિબિરઃ** રાષ્ટ્રીય સેવા યોજનામાં ખાસ વાર્ષિક શિબિર હવે સાત (૦૭) દિવસની હોય છે. આ શિબિરમાં શિબિરાર્થીઓ સાત દિવસ માટે ગામડામાં રહે છે અને વિવિધ પ્રવૃત્તત્તિઓ હાથ ધરે છે. શિબિરાર્થીઓની સંખ્યાના આધારે ટીમ પાડવામાં આવે છે. દરેક ટીમનો એક નેતા નક્કી કરવામાં આવે છે.

આવી વાર્ષિક શિબિરમાં શિબિરાર્થીઓ જીવનની ઘણી મહત્ત્વની કહી શકાય તેવી પરિસ્થિતિઓમાંથી પસાર થાય છે અને તેનો પ્રત્યક્ષ અનુભવ મેળવે છે. કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ શિબિરાર્થી તરીકે સમાજ જીવનની અનન્ય તાલીમ મેળવે છે, તેથી સમાજ તરફથી તેઓની પ્રતિબદ્ધતા કેળવાય છે.

(સમાજશાસ્ત્ર વિભાગ, નલિની-અરવિંદ એન્ડ
ટી.વી. પટેલ આટર્સ કૉલેજ, વલ્લભ વિદાયનગર)

## પત્નીનું સ્થાન અને કર્તવ્યોઃ

### પારુલટીના દોશી

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## સુમંગલી અને પ્રતરણી પત્ની વાંછનીય

સુમંગલી પ્રતરણી ગૃહાણાં સુશેવા પત્યે શ્વસુરાય શંભૂઃ ।
સ્યોના શ્વશ્રવૈ પ્ર ગૃહાન વિશેમાન ॥

અર્થવવેદના આ મંત્રનો અર્થ છેઃ મંગળકારિણી,પતિના પરિવારના કષ્ટોને દૂર કરનારી,પતિની સેવા કરનારી, સસરા માટે સુખદ, હે વધૂ,તું આ ઘરમાં પ્રવેશ કર....![૧]

આ વેદમંત્રમાં પત્નીના કર્તવ્યનો નિદેશ કરવામાં આવ્યો છે.વૈદિક કન્યા પત્ની બનીને સાસરિયામાં ગૃહપ્રવેશ કરતી હોય ત્યારે આ મંત્રનું ઉચ્ચારણ કરીને તેને તેના કર્તવ્ય વિશે જાગૃત કરવામાં આવે છે. મંત્રની સમજૂતી આ પ્રકારે છેઃ વૈદિક પત્નીની તેના પતિ, સાસુ-સસરા અને પરિવાર પ્રત્યે શું ફરજ છે તેનો સ્પષ્ટ નિર્દેશ આ મંત્રમાં કરાયો છે. પત્ની સુમંગલી અને પ્રતરણી હોવી જોઈએ. સુમંગલી એટલે તે પોતાના પરિવાર માટે સુખદ અને મંગળકારિણી હોય. પ્રતરણી એટલે તે પોતાના પરિવારને દુઃખના દરિયામાંથી પાર લગાડનારી હોય. પરિવારના કષ્ટ દૂર કરનારી હોય અને તેમના ઉદ્ધારમાં સહાયક હોય. આ ફરજ નિભાવવાની સાથે જ પતિની સેવા કરવી એ પણ પત્નીનું કર્તવ્ય છે. પતિને પ્રસન્ન રાખવો એ પત્નીનું પ્રથમ કર્તવ્ય છે. પતિના હિતની ચિંતા કરવી,તેની સુખસુવિધાની ચિંતા કરવી તથા પતિનો સહયોગ કરવો એ પત્નીનું મુખ્ય કર્તવ્ય છે. સાથે જ સાસુસસરાની સેવા કરવી અને તેમને સદાય સુખી રાખવાનો પ્રયત્ન કરવો એ પણ પત્નીનું કર્તવ્ય છે. આ વેદમંત્રમાં પત્નીનાં આ જ કર્તવ્યનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૨]

વેદના અન્ય મંત્રોમાં પણ પત્નીનાં કર્તવ્યોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અથર્વવેદના એક મંત્રમાં પત્નીને એવી શીખ આપવામાં આવી છે કે, "હે નારી,તું તમામ પરિવારજનો,પશુઓ અને ભૂમિ માટે શુભ અને સુખદાયી થજે."[૩] આ મંત્રની સમજૂતી આપતાં 'વેદો મેં નારી' માં ડો. કપિલદેવ દ્વિવેદી અને ડો. ભારતેન્દુ દ્વિવેદીએ લખ્યું છે કે, "સ્ત્રી મનુષ્યો,પશુઓ અને પરિવાર માટે સુખદાયી નીવડે એવો ઉપદેશ આપવામાં આવ્યો છે. પરિવારના ભરણપોષણની વ્યવસ્થા કરવી પત્નીની જવાબદારી છે. કુટુંબીજનોના ભોજનની વ્યવસ્થા કરવી,પશુઓને નીરણ નાખવું તથા ખેતીના કામમાં મદદ કરવી એ પત્નીનું કર્તવ્ય છે. જો પરિવાર કૃષિકાર્ય સાથે સંકળાયેલો હોય તો કૃષિસંબંધી કામ કરવાં એ પત્નીનું કર્તવ્ય છે. ઉપરાંત પોતાના પરિવારસંબંધી અને સમાજ સાથે જોડાયેલાં કાર્યોમાં રસ લેવો એ પણ પત્નીનું કર્તવ્ય છે. પોતાના ગામ કે નગરના સામાજિક કાર્યામાં ભાગ લેવો અને સહયોગ કરવો એ પત્નીની ફરજ છે. જો સ્ત્રી સમાજસેવિકાના રૂપમાં આગળ આવે તો ગામ, નગર અને સમાજ તેનો ઋણી બની જાય છે. તેનું સન્માન કરે છે. આ સામાજિક કાર્યોને કારણે સ્ત્રી પરિવાર અને સમાજ માટે આદરણીય બની જાય છે.'[૪]

વૈદિક પત્નીએ આદરણીય બનવા માટે સુખદાયી અને કલ્યાણકારી હોવું પણ જરૂરી હતું. અથર્વવેદના એક મંત્રમાં પત્નીને બોધ આપવામાં આવ્યો છે કે, તું સાસરિયા માટે સુખદાયી હો અને પતિ તથા ઘર માટે કલ્યાણદાત્રી હો.'[૫] આ મંત્રમાં પરિવારના તમામ સભ્યોના હિતની ચિંતા કરવાની શીખ પત્નીને આપવામાં આવી છે. સાથે જ તેને એ સમજાવવામાં આવ્યું છે કે સમગ્ર પરિવારના સુખ અને કલ્યાણ માટે સદા પ્રયત્નશીલ રહેવું એ પત્નીનું કર્તવ્ય છે.[૬]

વેદકાલીન પત્ની તમામ કર્તવ્યો પાર પાડી શકે તે માટે એક મંત્રમાં તેને સલાહ આપવામાં આવી છે કે, ગૃહાન્ ગચ્છ ગૃહપત્ની યથા..... અર્થાત્ હે સ્ત્રી, તું પતિના ઘરમાં ગૃહસ્વામિની બનીને રહે.[૭] અન્ય એક મંત્રમાં પત્ની પોતાને સમ્રાજ્ઞી માનીને ગૃહસ્થ-સામ્રાજયનું સંચાલન કરે[૮] એવું સૂચન કરાયું છે. તો બીજા મંત્રમાં તો પત્નીને સ્પષ્ટ શબ્દોમાં સાસુ,સસરા,નણંદ અને દિયરની સમ્રાજ્ઞી [૯] ઘોષિત કરી દેવાઈ છે. મંત્રની સમજૂતી આ

પ્રકારે આપવામાં આવી છેઃ પત્ની પતિના પરિવારમાં ગૃહસ્વામિની બની જાય છે. ઘરની સઘળી જવાબદારીઓ તેના પર આવી જાય છે. સાસુ સસરાની સેવા કરવી તેનો ધર્મ થઈ જાય છે. નણંદ અને દિયરની સગવડો સાચવવી તથા તેમના ભોજનની વ્યવસ્થા કરવી એ તેનું કર્તવ્ય બની જાય છે. પત્ની પરિવારના મોટેરાઓ પર પોતાનું વર્ચસ્વ જમાવે કે તેમની ઉપેક્ષા કરે એ અર્થમાં તેને સમ્રાજ્ઞી કહેવામાં આવી નથી. પણ તે સાસરિયામાં સહુની સાથે શાલીનતાથી વર્તે અને પોતાના સૌમ્ય વ્યવહારથી સહુને પ્રસન્ન રાખે એવું મત્રંમાં અભિપ્રેત છે. એટલે કે પત્ની પોતાનાં કર્તવ્યોનું પાલન કરીને ઘરની સમ્રાજ્ઞી બની જાય છે.[૧૦]

વેદગ્રંથોમાં આ સમ્રાજ્ઞીને જાયા,જની અને પત્નીના નામે સંબોધવામાં આવી છે. દરેક સંબોધન તેના સ્ત્રીત્વનાં જુદાંજુદાં પાસાને ઉજાગર કરે છે. જાયા એટલે પતિના પ્રેમની હિસ્સેદાર, જની એટલે બાળકોની માતા અને પત્ની એટલે હોમહવન કરવામાં ભાગીદાર.[૧૧] ઋગ્વેદમાં પત્નીને પતિનું નેમ કે અડધું અંગ કહી છે. પતિ પત્નીનું સામૂહિક નામ દંપતી છે. તેનો અર્થ ઘરના સ્વામી અને સ્વામિની એવો થાય છે. અર્થાત્ બન્ને સંયુકતપણે ઘરના સ્વામી હતા.[૧૨] વૈદિક સાહિત્યમાં પુરુષ સમ શકિતનું પ્રતીક હતો અને સ્ત્રી વિષમ શકિતનું પ્રતીક મનાતી. એકમેક વિના બન્ને અધૂરા હતા[૧૩] એટલે જ વેદગ્રંથોમાં પુરુષ માટે પતિ અને ગૃહપતિ જેવા શબ્દપ્રયોગ કરવાની સાથે સ્ત્રીને પત્ની અને ગૃહપત્ની જેવા નામથી સંબોધવામાં આવી છે. વૈદિક પત્નીનો ઊંચો દરજજો દર્શાવવા જ તેને સમ્રાજ્ઞી ઘોષિત કરવામાં આવી છે.[૧૪] આ સમ્રાજ્ઞી ઘરની રાણી હતી. ઘરેલુ વિશ્વનું કેન્દ્ર હતી. તે તેના પતિની દાસી કે પતિના મનોરંજનનું સાધન નહોતી. પણ પતિની મિત્ર અને માર્ગદર્શક હતી. પત્ની એવી ધરી હતી જેના ફરતે ઘરનું ચક્ર[૧૫] ફર્યા કરતું હતું. એટલે જ તો તેના માટે 'ઘરનું ઘરેણું' એવી ઉપમા[૧૬] પ્રયોજવામાં આવી છે.

ઘરના ઘરેણા સમાન વેદકાલીન પત્નીનું પ્રથમ અને મુખ્ય કર્તવ્ય ગૃહના અગ્નિને પ્રજવલિત રાખવાનું હતું. એક અથર્વમંત્રમાં પત્નીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં ગાર્હપત્ય અગ્નિની પૂજાઅર્ચના[૧૭] કરવાનું કહેવામાં આવ્યું છે. વેદકાળમાં આ અગ્નિનું ખાસ મહત્ત્વ હતું. એ વિશે 'વુમન ઈન ઋગ્વેદ'માં ડો. ભગવત સરણ ઉપાધ્યાયે નોંધ્યું છે કે, 'આયોની પૂજાવિધિમાં જુદાંજુદાં પ્રકારના ક્રિયાકાંડોનો સમાવેશ થતો હતો. આ દરેક ક્રિયાકાંડ કે હોમહવન માટે પવિત્ર અગ્નિની આવશ્યકતા હતી. ઉપરાંત અગ્નિ એ સમયના મહત્ત્વના દેવ હતા. અગ્નિ દેવોના પુરોહિત હતા. અગ્નિ દ્વારા જ આર્યો અન્ય દેવતાઓ સાથે સંવાદ સાધતા હતા. તેથી ઘરમાં અખંડ દીવો રાખવામાં આવતો. આ ગાર્હપત્ય અગ્નિને સતત પ્રજવલિત રાખવો એ પત્નીનું પ્રથમ અને પવિત્ર કર્તવ્ય હતું.'[૧૮]

વેદોમંત્રોમાં પત્નીનાં અન્ય કર્તવ્યોનું વર્ણન કરવામાં આવ્યું છે. તે અનુસાર પત્નીની પ્રથમ જવાબદારી પતિ પ્રત્યે છે. પતિને અનુકૂળ રહેવું,તેને પ્રસન્ન રાખવો,તેની સગવડ સાચવવી તથા તેની દરેક જરૂરિયાત પૂરી કરવી એ પત્નીની ફરજ છે. એ જ રીતે પત્નીને ખુશ રાખવાની અને તેની તમામ ઈચ્છાઓ પૂરી કરવાની ફરજ પતિની છે. વૈદિક મંત્રોમાં પતિને એવી સલાહ આપવામાં આવી છે. કે તેણે પત્ની સાથે ચર્ચાવિચારણા કરવી જોઈએ, મધુર વચન કહેવાં જોઈએ,વસ્ત્રાભૂષણથી સુસજ્જિત રાખવી જોઈએ અને ઘરમાં ખીલેલી કળી સમાન[૨૦] રાખવી જોઈએ. સાથે જ આપસી મતભેદ દૂર કરવા[૨૧] અને મીઠાશભર્યા સંબંધો જાળવવાનું સૂચન પણ વેદમંત્રોમાં કરાયું છે. આ સલાહસૂચનને અનુસરીને પતિપત્નીનું દાંપત્ય જીવન પણ મીઠુંમધુરું બની જતું હતું.

દાંપત્ય જીવન મીઠુંમધુરું હોય તો વૈદિક વિવાહનો હેતુ પણ પાર પડતો હતો. પુત્રોની પ્રાપ્તિ એ વેદકાલીન વિવાહનો મુખ્ય ઉદ્દેશ હતો.[૨૨] પતિનો વંશવેલો આગળ વધારવા અને દુશ્મનો સાથે યુદ્ધ કરવા માટે પુત્રસંતાનને પત્ની જન્મ આપે એવી અપેક્ષા કરવામાં આવતી હતી. આ સંદર્ભમાં 'ધ સ્ટેરસ ઓફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા'માં પ્રા. ઈન્દ્રએ નોંધ્યું છે કે, 'વૈદિક સમાજમાં દરેક મનુષ્યને આધ્યાત્મિક અને દુન્યવી ફરજો પૂરી કરવા લગ્ન કરવાનું અને સંતાન ઉત્પન્ન કરવાનું કહેવાય છે. આ ફરજ પૂરી કરવા માટે પત્નીની જરૂરિયાત એટલી બધી હતી કે ગ્રંથોએ પુરુષને તેની પત્નીના નિધન પછી ફરી પરણવાની છૂટ આપી છે. કારણ કે પત્ની વિના પતિ ધાર્મિક ક્રિયા કરી શકતો નહોતો. આમ વેદકાળમાં પત્નીનું સ્થાન અત્યંત મહત્ત્વનું હતું.'[૨૩]

વેદકાળમાં પત્નીનું સ્થાન ખરેખર મહત્ત્વનું હતું. એટલું મહત્ત્વનું કે ઘરની બાબતોમાં પત્નીનો શબ્દ અંતિમ ગણાતો. લગ્ન પછી તરત જ તે ઘરની સમ્રાજ્ઞી બની જતી. તે જ ઘરનું સંચાલન કરતી. વૈદિક પત્નીને નદીઓ પર શાસન કરતા સમુદ્ર[૨૪] સાથે સરખાવામાં

આવી છે. કારણ કે તે ઘરમાં કેન્દ્રસ્થાને હતી. અને ઘરમાં પૂરેપૂરું ધ્યાન આપતી હતી. આ સંદર્ભમાં વેદકાલીન પત્નીની દિનચર્યા વિશે 'ઋગ્વેદ મેં નારી'માં ડો. કમલાએ નોંધેલા શબ્દો જોઈએ:

'વૈદિક પત્ની પરોઢિયે ઊઠી જતી. પછી પરિવારજનોને[૨૫] ઉઠાડતી. દૈનિક ક્રમ પતાવ્યા પછી તે સ્નાન કરતી. ગાર્હપત્ય અગ્નિમાં પતિ સાથે આહુતિઓ આપતી. એ જ રીતે મધ્યાહ્ન અને સાયંકાળની આહુતિ બન્ને મળીને અગ્નિને પ્રદાન કરતા. એ દરમિયાન પત્ની ગાયો દોહતી, વાસણમાં દૂધ ભરતી, ગરમ કરતી, ઘી અને માખણ બનાવતી અને ભોજન તૈયાર કરતી. પછી પોતાનો તથા બાળકોનો શૃંગાર કરતી. નોકરચાકરોને કામે લગાડતી. સાંજનું ભોજન બનાવતી. ઘરના ગાય અને પશુઓની દેખભાળ કરતી. બાળકોને વહેલા પોઢાડતી. પતિ માટે સુંદર કિનારીઓ અને ઝાલરોવાળું વસ્ત્ર વણતી.[૨૬] ક્યારેક સહેલીઓ સાથે બહાર ફરવા જતી. નજીકની ટેકરીઓ પરથી ફૂલ તોડતી. સાસુ,સસરા,દિયર અને નણંદ સાથે સારો વ્યવહાર કરતી. પતિ અને સાસરિયા સાથે મધુર સંબંધ રાખતી.[૨૭]

પત્નીનાં આ ઘરેલુ કાર્યોને કારણે જ પ્રાધ્યાપક ઈન્દ્ર એવું માનવા પ્રેરાય છે કે,પ્રાચીન ભારતમાં ઘર સિવાયના કોઈ પણ કામ માટે સ્ત્રીને યોગ્ય ગણવામાં ન આવતી. વહીવટ કરવો કે શાસન કરવું એ તેના ગજા બહારની વાત હતી. તે માત્ર ઘરનો વહીવટ કરી શકતી. ઘરમાં તે સર્વોચ્ચ શાસક હતી.પણ ઘરની ચાર દીવાલની બહાર તેની પાસે કરવા જેવું કોઈ કામ નહોતું. સ્ત્રીના દાંપત્ય જીવનના સંદર્ભમાં વારંવાર ઉચ્ચારાતો શબ્દ ગાર્હપત્ય છે. આ શબ્દ સૂચવે છે કે વેદકાલીન સ્ત્રીઓની પ્રવૃત્તિઓનું કેન્દ્ર માત્ર ઘર જ હતું.![૨૮]

વેદકાલીન સ્ત્રીઓમાં વિશ્પલા અને ઈન્દ્રસેનાની કથા જાણીએ તો પ્રાધ્યાયક ઈન્દ્રની માન્યતા વજૂદ વિનાની જણાશે. આ બન્ને સ્ત્રીએ પતિ સાથે ખભેખભો મિલાવીને સમરાંગણમાં ઝુકાવ્યું હતું અને શત્રુઓનો સામનો કર્યો હતો. કથા અનુસાર વિશ્પલા ખેલ રાજાની રાણી હતી. એક વાર શત્રુઓએ ઓચિંતું આક્રમણ કર્યું. ખેલ રાજા ગભરાઈ ગયા,પણ વિશ્પલાએ તેમને પાનો ચડાવ્યો. એ યુદ્ધભૂમિમાં પતિની સાથે ગઈ. દુશ્મનોના દાંત ખાટાં કરી નાંખ્યાં વિશ્પલાએ અપ્રતિમ વીરતા, શૌર્ય અને સાહસ દાખવ્યું, પણ યુદ્ધમાં એનો એક પગ કપાઈ ગયો. એટલે ખેલ રાજા અગસ્ત્ય મુનિને શરણે ગયા. અગસ્ત્ય મુનિએ દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોનું આહ્વાન કર્યું. અશ્વિનીકુમારોએ શલ્ય ચિકિત્સા કરી. વિશ્પલાને લોખંડનો પગ બેસાડયો.[૨૯] લોઢાના પગ સાથે વિશ્પલાએ ફરી એકવાર રણભૂમિમાં ઝંપલાવ્યું. દુશ્મનો પર ત્રાટકી. અંતે વિશ્પલાને વિજયશ્રીએ વરમાળા પહેરાવી.

વિશ્પલાની જેમ ઈન્દ્રસેનાને પણ વિજયશ્રીએ વરમાળા પહેરાવી. ઈન્દ્રસેના મુદગલ ઋષિની પત્ની હતી. એટલે મુદગલાની તરીકે જાણીતી હતી. એકવાર મુદગલના આશ્રમ પર લૂંટારાઓ ત્રાટકયા. તેમનું ગોધન લૂંટી ગયા. ત્યારે મુદગલ રથ પર સવાર થયા. ઈન્દ્રસેના સારથિ બની. તેમણે લૂંટારાઓનો પીછો કર્યો. ઈન્દ્રસેના દુશ્મનો સામે જંગે ચડી. અદ્ભુત પરાક્રમનું પ્રદર્શન કર્યું. આખરે લૂંટારાઓએ હથિયાર હેઠા મૂક્યાં.[૩૦] મુદગલ અને ઈન્દ્રસેના ગાયો લઈને પાછાં ફર્યાં. ઋષિનું ગોધન પાછું આવ્યું પણ તે માટેના યશની સાચી હકદાર ઈન્દ્રસેના જ હતી!

વિશ્પલા અને ઈન્દ્રસેના જેવી પત્નીઓના શૌર્ય તથા સાહસને અનુલક્ષીને જ એક વેદમંત્રમાં[૩૧] કહ્યું છે કે, ધર્મપત્ની હંમેશાં પોતાના પતિને સહયોગ આપે છે....!

વૈદિક પત્ની હંમેશાં પતિને સહયોગ આપતી હોવા છતાં કયારેક તેણે અપમાન અને અવગણનાનો ભોગ બનવું પડતું. અપાલા આત્રેયી આવી જ એક પીડિત પત્ની હતી. લગ્ન પછી તેને કુષ્ઠરોગ થયો. એટલે પતિ કૃશાશ્વે તેને ઘરમાંથી કાઢી મૂકી. અપાલા તેના પિતા અત્રિ ઋષિને ઘેર પાછી ફરી. પિતૃગૃહમાં તેણે ઈન્દ્રની આરાધના કરી. ઈન્દ્ર પ્રસન્ન થયા. તેમણે અપાલાનો રોગ દૂર કર્યો.[૩૨] અપાલા સાજીસારી થઈને ઘેર પાછી ફરી.દરમિયાન કૃશાશ્વને પોતાની ભૂલ સમજાઈ. એટલે પત્નીને લેવા અત્રિ ઋષિને ઘેર પાછા આવ્યા. કૃશાશ્વ અને અપાલાનું પુનઃમિલન થયું. તે જોઈને અત્રિ ઋષિ મનોમન બોલ્યા જ હશે કે,સવારનો ભૂલ્યો સાંજે ઘેર પાછો ફરે તો એને ભૂલ્યો ન કહેવાય...

કૃશાશ્વની જેમ બૃહસ્પતિ પણ સવારના ભૂલ્યા હતા પરંતુ સાંજે ઘેર પાછા ફર્યા હતા. બન્યું એવું કે એક વાર બૃહસ્પતિએ તેમની પત્ની જુહૂ બ્રહ્મજાયાનો ત્યાગ કર્યો. જુહૂ ધર્મપરાયણ અને ચરિત્રવાન હતી. તે જરાય વિચલિત ન થઈ. તેને નિર્ણાયક મંડળ પર પૂરેપૂરો ભરોસો હતો. અંતિમ નિર્ણય પોતાના પક્ષમાં થશે એવો

વિશ્વાસ હતો. અને એવું જ થયું. દેવોના આદેશથી બૃહસ્પતિએ જુહૂનો ત્યાગ કરવા બદલ પ્રાયશ્ચિત કર્યું. દેવોએ તેમને દોષમુક્ત કર્યા. અને જુહૂ બૃહસ્પતિને સોંપી.[33] આમ પત્નીનો ત્યાગ કરનારા પતિએ ફરીથી તેનો સ્વીકાર કર્યો. પછી ખાધું, પીધું ને રાજ કર્યું.

વેદગ્રંથોમાં પત્નીનો ત્યાગ કરનારા પતિનાં ઉદાહરણ જોવા મળે છે એ જ રીતે પતિનો ત્યાગ કરનારી પત્નીનું દૃષ્ટાંત પણ જોવા મળે છે. કથા અનુસાર એક પત્નીએ તેના અઠંગ જુગારી પતિને ત્યજી દીધો હતો. ઋગ્વેદમાં જુગારીની જીવનકથાનું આલેખન આ શબ્દોમાં કરાયું છે:

‘એક અઠંગ જુગારી. જુગારનાં બહેડાથી બનેલા પાસાં જોઈને એ ભાન ભૂલી જતો. જુગાર રમ્યા વિના એ રહી ન શકતો. એ જુગારમાં એક પછી એક બધું જ હારી ગયો. એટલે એની પત્નીએ એને ત્યજી દીધો. એ વખતે જુગારીની સાન ઠેકાણે આવી. એણે પસ્તાઈને કહયું: ‘મારી સુંદર સુશીલા પત્ની મારાથી કયારેય અસંતુષ્ટ થતી નથી. એ હંમેશાં મારી અને મારા કુંટુબીજનોની સેવા કરતી રહે છે. પણ આ જુગારની રમતે જ મારી પાસેથી અત્યંત સ્નેહમયી પત્નીને છીનવી લીધી છે.’[34]

જુગારીની કમબખ્તી બેઠી. એની પત્ની ઘર છોડીને ચાલી ગઈ. એની સાસુ નિંદા કરવા લાગી,[35] માતાપિતા અને ભાઈઓ એને ઓળખવાનો ઈનકાર કરવા લાગ્યા,સગાંસંબંધીઓએ મોઢું ફેરવી લીધું અને સહુ કોઈ એનો તિરસ્કાર કરવા લાગ્યા. જુગારીએ માનપ્રતિષ્ઠા ગુમાવી દીધાં. પરિણામે જુગારીએ જુગાર છોડવાનું વિચાર્યું. પણ વ્યસન કેમે કરીને ન છૂટયું. દરમિયાન અસહાય બનીને ભટકતી પત્ની પર લોકોએ કુદૃષ્ટિ[36] કરી. પત્નીની દુર્દશા જુગારીથી સહન ન થઈ. તેણે મન મક્કમ કરીને જુગાર રમવાનું છોડી દીધું. પરિણામે પત્ની પાછી આવી. સૂનું ઘર ફરી એકવાર કિલ્લોલ કરવા લાગ્યું. પત્નીના ગૃહત્યાગને કારણે હોશમાં આવેલો પતિ સાચા માર્ગે વળ્યો. તેને સમજાયું કે,પત્ની છે તો ઘર છે!

પતિને સાચા માર્ગે વાળનાર આ પ્રકારની વૈદિક પત્નીઓને અનુલક્ષીને જ પ્રાધ્યાપક ઈન્દ્રએ નોંધ્યું છે કે, ‘પત્ની જ સાચા અર્થમાં ઘર હતી. જંગલી અવસ્થામાં રહેતા મનુષ્યના વંશનો ઉદ્ધાર કરનાર સ્ત્રી જ પત્ની રૂપે સમાજની મુખ્ય ધારા હતી. પ્રાચીન આર્યોએ તેને ક્યારેય મનુષ્યના પતનનું કારણ સમજી ન હતી. તેમણે માનવ સભ્યતાના વિકાસમાં સ્ત્રીએ જે ભૂમિકા ભજવી છે તેને સંપૂર્ણ માન્યતા આપી હતી અને તેની પ્રશંસા કરી હતી. પત્નીમાં નૈતિક અને આધ્યાત્મિક શક્તિ હતી. તેણે જ આધુનિક સભ્ય સમાજની ઉત્પત્તિ અને વિકાસ કર્યો છે. વિદ્વાન વિશ્વામિત્ર ઋષિએ આ સત્ય પિછાણ્યું અને હજારો વર્ષો પહેલાં એટલે જ ઘોષિત કર્યું કે,જાયેદસ્તં અર્થાત પત્ની જ ઘર છે!’[37]

**પાદનોંધ:**

૧. सुमङ्गली प्रतरणी गृहाणां सुशेवा पत्ये श्वसुराय शंभूः ।
स्योना श्वश्र्वै प्र गृहान विशेमान् ॥ અથર્વવેદ ૧૪.૨.૨૬

- મંગળકારિણી,પતિના પરિવારના કષ્ટોને દૂર કરનારી,પતિની સેવા કરનારી,સસરા માટે કલ્યાણકારી અને સાસુ માટે સુખદ,હે વધૂ તું આ ઘરમાં પ્રવેશ કર.

૨. વેદોંમેં નારી, ડો. કપિલદેવ દ્વિવેદી, ડો. ભારતેન્દુ દ્વિવેદી, પૃ. ૩૨, ૩૩

૩. शिवा भव पुरुषेभ्यो, गोभ्यो अश्वेभ्यः शिवा ।
शिवास्मै सर्वस्मैक्षेत्राय शिवा न इहैधि ॥ અથર્વવેદ ૩.૨૮.૩

હે સ્ત્રી,બધા પુરુષો,ગાયો અને ઘોડા માટે તું સુખકર થજે. બધી ભૂમિ માટે સુખદાયી થજે.અમારા માટે શુભ નીવડજે.

૪. વેદોં મેં નારી,પૃ.૧૦૦

૫. स्योना भव श्वसुरेभ्यः स्योना पत्ये गृहेभ्यः ।
स्योनास्यै सर्वस्यै विशे स्योना पुष्टायैषां भव ॥ અથર્વવેદ ૧૪.૨.૨૭

આ સ્ત્રી સાસરિયા માટે મંગલમયી થાઓ.પતિ અને ઘરને માટે કલ્યાણકારી થાઓ.આપ બધાં પરિવારજનોને સુખ આપતી તેમની પુષ્ટિ માટે સુખદાયીની બનો.

૬. વેદોં મેં નારી.પૃ.૨૩

૭. गृहान् गच्छ गृहपत्नी यथा । અથર્વવેદ ૧૪.૨.૭૫

હે સ્ત્રી,તું પતિના ઘરમાં ગૃહસ્વામિની બનીને રહે.

૮. एवा त्वं सम्राज्ञ्येधि पत्युरस्तं परेत्य । અથર્વવેદ ૧૪.૧.૪૩

વધૂ પોતાને સમ્રજ્ઞી માનીને ગૃહસ્થ સામ્રાજયનું સંચાલન કરે.

૯. सम्राज्ञी श्वसुरे भव सम्राज्ञी श्वश्र्वां भव ।
ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषु ॥ ઋગ્વેદ ૧૦.૮૫.૪૬

હે વધૂ,આપ સાસુ,સસરા,નણંદ અને દિયરની સમ્રાજ્ઞી સમાન છો.આપ બધા ઉપર સ્વામિની સ્વરૂપા થાવ.

૧૦. વેદોં મેં નારી,પૃ.૨૬

૧૧. વુમન ઈન વૈદિક એજ,ડો.શકુન્તલા રાવ શાસ્ત્રી

૧૨. ઋગ્વેદ મેં નારી,ડો.કમલા,પૃ.૪૦

૧૩. વૈદિક સંહિતાઓ મેં નારી,ડૉ.માલતી શર્મા,પૃ.૨૨૦

૧૪. ઋગ્વેદ મેં નારી,પૃ.૮૫

૧૫. સ્ટેટસ ઓફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ,ડૉ.લીલા સમતાની,પૃ.૪૭

૧૬. ધ પોઝીશન ઓફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન,ડૉ. એ.એસ.અલ્તેકર,પૃ.૯૩

૧૭. यदा गार्हपत्यमसपर्यैत् पूर्वमग्निं वधूरियम् । અથર્વવેદ ૧૪.૨.૨૦

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં પહેલાં વધૂ ગાર્હપત્ય અગ્નિની પૂજાઅર્ચના કરે.

૧૮. વુમન ઈન ઋગ્વેદ,ડૉ.ભગવત સરણ ઉપાધ્યાય,પૃ.૧૪૦

૧૯. वधूमिव त्वा शाले, यत्रकामं भरामसि ॥ અથર્વવેદ ૯.૩.૨૪

જે પ્રકારે વધૂની ઈચ્છા પૂરી કરીએ છીએ,એ જ રીતે ઈચ્છાનુસાર તને પૂર્ણ કરીએ છીએ.

૨૦. ઋગ્વેદ મેં નારી, પૃ.૧૧૭

૨૧. यद यद् जाया पचति त्वत् परः परः पतिर्वा जावे त्वत् तिरः । અથર્વવેદ ૧૨.૩.૩૯

સ્ત્રી જે પતિથી છુપાવીને રાંધે છે અથવા હે સ્ત્રી,તારો પતિ તારાથી છુપાવીને કાંઈ કરે છે એ વિવાદને દૂર કરો.

૨૨. વુમન ઈન ઋગ્વેદ,પૃ.૧૪૩

૨૩. ધ સ્ટેટસ ઓફ વુમન ઈન એશિયન્ટ ઈન્ડિયા,ઈન્દ્ર,પૃ.૨૩

૨૪. એજન,પૃ.૨૪

૨૫. अध्नसत्र ससतो बोधयन्ती शश्वत्तभागात्युनरेषुषीणाम् । ઋગ્વેદ ૧.૧૨૪.૪

જે રીતે ગૃહિણી સૂતેલા પરિવારજનોને જગાડે છે તે રીતે દેવી ઉષા ફરીથી જગાડવા માટે આવી ગઈ છે.

૨૬. ये अन्ता यावतीः सिचो य ओतवो ये च तन्तवः ।

वासो यत् पत्नीभिरुतं तत्रः स्योनमुप स्पृशात् ॥ અથર્વવેદ ૧૪.૨.૫૧

જે વસ્ત્રમાં તાણાવાણાવાળા સૂત્રો છે, જે ઉત્તમ વસ્ત્રને અમારી નારીઓએ વણીને તૈયાર કર્યું છે, જેમાં સુંદર કિનારીઓ અને ઝાલરો લગાડવામાં આવી છે તે વસ્ત્ર અમારા માટે સુખદાયી સ્પર્શ આપનારું થાઓ.

૨૭ ઋગ્વેદ મેં નારી, પૃ. ૧૧૭

૨૮ ધ સ્ટેટસ ઓફ વમુન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૧૫૦

૨૯ चरित्रं हि वेरिवाच्छेदि पर्णमाजा खेलस्य परितक्म्यायाम् । सद्यो जङ्र्घीमायसीं विश्पलायै धने हिते सर्तवे प्रत्यधत्तम् ॥ ઋગ્વેદ ૧.૧૧૬.૧૫

જે રીતે પક્ષીની પાંખો પડી જાય છે એવી જ ખેલ રાજાની પત્ની વિશ્પલાના પગ યુદ્ધમાં કપાઈ ગયા હતા. એવા રાત્રિકાળમાં એ વિશ્પલાને યુદ્ધ શરૂ થયા પછી આક્રમણ કરવા માટે લોખંડની જાંઘ આપ બન્નેએ લગાડીને તૈયાર કરી.

૩૦. रथीरभून्मुद्गलानी गविष्टौ भरे कृतं व्यचेदिन्द्रसेना । ઋગ્વેદ ૧૦.૧૦૨.૨

ઈન્દ્રસેના નામવાળી તે મુદગલાની સંગ્રામ વખતે શત્રુઓના અધિકારક્ષેત્રમાંથી ગાયોને છોડાવીને લઈ આવી.

૩૧. पत्नीव पूर्वहुतिं वावृधध्या उषासानक्ता पुरुधा विदाने । ઋગ્વેદ ૧.૧૨૨.૨

જે રીતે પત્ની હંમેશાં પોતાના પતિનો સહયોગ કરે છે. એ રીતે ઉષા અને રાત્રિ અમને પ્રગતિમાર્ગ પર અગ્રેસર કરો.

૩૨. अपालामिन्द्र त्रिष्पूत्व्यकृणोः सूर्यत्वचम् । ઋગ્વેદ ૮.૯૧.૭

ઈન્દ્રએ અપાલાને પવિત્ર કરીને તેની ચામડી સૂર્યના તેજથી યુક્ત કરી દીધી.

૩૩. पुनर्दाय ब्रह्मजायां कृत्वी देवैर्निकिलिबषम् । ઋગવેદ ૧૦.૧૦૯.૭

ચરિત્રનિષ્ઠ પત્નીને ફરીથી લાવીને દેવોએ બૃહસ્પતિને દોષમુક્ત કર્યા.

૩૪. न मा मिमेथ न जिहीण एषा शिवा सखिभ्य उत मह्ममासीत् । अक्षस्याहमेकपसरस्य हेतोरनुव्रतामम जायामरोधम् ॥ ઋગવેદ ૧૦.૩૪.૨

મારી આ સુંદર સુશીલા પત્ની મારાથી ક્યારેય અસંતૃષ્ટ થતી નથી. એ મારી અને મારાં કુટુંબીજનોની સેવા કરતી રહે છે. માત્ર આ અક્ષક્રીડાએ જ મારી પાસેથી અત્યંત સ્નેહમયી પત્નીને છીનવી લીધી છે.

૩૫. द्वेष्टि श्वश्रूरप जाया रुणाद्धि न नाथितो विन्दते मर्डितारम् । ઋગ્વેદ ૧૦.૩૪.૩

- જુગારીની સાસુ એની નિંદા કરે છે અને એની સુંદર પત્ની એને છોડી દે છે.

૩૬. अन्ये जाया परि मृशन्त्यस्य यस्यागृधद्वेदने वाज्य१ क्षः । ઋગ્વેદ ૧૦.૩૪.૪

- જે જુગારીના ધન ઉપર આ બળશાળી પાસાઓની દૃષ્ટિ પડી જાય એની પત્નીને પણ બીજા લોકો છીનવી લે છે.

૩૭. ધ સ્ટેટસ ઓફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, પૃ. ૨૨.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

## ઑલિમ્પિક ક્વિઝ

**પી.ડી. શર્મા**

આ વર્ષે ૨૭ જુલાઈથી ૧૨ ઓગસ્ટ દરમ્યાન લંડનમાં ત્રીજીવાર દુનિયાનો સૌથી મોટો રમતોત્સવ એટલે કે ‘૩૦મો ઑલિમ્પિક રમતોત્સવ’ યોજાશે. લંડનમાં અગાઉ ૧૯૦૮ અને ૧૯૪૮માં ઑલિમ્પિક રમતોત્સવ યોજાઈ ચુક્યા છે. ઑલિમ્પિક રમતોત્સવ અંગે જાણકારી વધે તે દષ્ટિએ આ ક્વિઝમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

૧. હાલમાં ૨૦૧૨ લંડન ઑલિમ્પિક ઓર્ગેનાઈજિંગ કમિટીના પ્રમુખ કોણ છે?

(અ) ઈંગ્લેન્ડની રાણી (બ) ઈંગ્લેન્ડના વડાપ્રધાન

(ક) ઈંગ્લેન્ડના રમતમંત્રી (ડ) સેબાસ્ટિયન કૉ

૨. ઑલિમ્પિકના પ્રોટોકોલ પ્રમાણે ઑલિમ્પિક રમતાત્સવનું ઉદ્‌ઘાટન કોણ કરી શકે છે?

(અ) આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક કમેટીના પ્રમુખ

(બ) યજમાન દેશના ઓર્ગેનાઈજિંગ કમિટીના પ્રમુખ

(ક) યજમાન દેશના બંધારણીય વડા

(ડ) ગત ઑલિમ્પિક ચેમ્પિયન ખેલાડી

૩. ઑલિમ્પિક પ્રોટોકોલ પ્રમાણે પૂર્ણાહુતિ દરમ્યાન સમાપન ઘોષણા કોણ કરી શકે છે?

(અ) યજમાન દેશના રમતમંત્રી

(બ) યજમાન દેશના બંધારણીય વડા

(ક) યજમાન દેશના ઓર્ગેનાઈજિંગ કમિટીના પ્રમુખ

(ડ) આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક કમિટીના પ્રમુખ

૪. આગામી ઑલિમ્પિક યોજવા માટે ઑલિમ્પિક ધ્વજ કોને આપવામાં આવે છે?

(અ) આગામી યજમાન દેશના બંધારણીય વડાને

(બ) આગામી યજમાન દેશના સર્વશ્રેષ્ઠ ઑલિમ્પિક ખેલાડીને

(ક) આગામી દેશના જે શહેરમાં યોજવાનો હોય તે શહેરના મેયરને.

(ડ) આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક કમિટી નક્કી કરે તેઓને.

૫. ઑલિમ્પિક રિંગ્સ માટે પસંદ કરેલ વાદળી, પીળો, કાળો, લીલો, અને લાલ રંગોની શી વિશેષતા છે?

(અ) આ બધા જ સામાન્ય રંગો છે.

(બ) માણસો આ રંગો વધુ પસંદ કરે છે.

(ક) આ સસ્તા રંગો છે.

(ડ) આમાંથી ઓછામાં ઓછો એક રંગ દુનિયાના દરેક ધ્વજમાં હોય છે.

૬. ઑલિમ્પિકના પ્રોટોકોલ પ્રમાણે ઑલિમ્પિક રમતોત્સવના ઉદ્‌ઘાટન સમારંભમાં માર્ચપાસ્ટ દરમ્યાન સૌથી આગળ કયો દેશ હોય છે?

(અ) યજમાન દેશ (બ) ગ્રીસ

(ક) ગત ઑલિમ્પિકમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરનાર દેશ.

(ડ) ઑલિમ્પિક ઓર્ગેનાઈજિંગ કમિટી નક્કી કરે તે દેશ

૭. હાલમાં આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક કમિટીના પ્રમુખ જેક્સ રોગ કઈ રતમના ઑલિમ્પિક ખેલાડી હતા?

(અ) બોક્સિંગ (બ) કુસ્તી

(ક) યાચિંગ (ડ) શૂટિંગ

૮. ભારતમાં ઑલિમ્પિક મુવમેન્ટના જન્મદાતા કોણ?
(અ) સર દોરબજી ટાટા (બ) પં. જવાહરલાલ નેહરુ
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) પ્રો. જી.ડી. સોંધી

૯. આધુનિક ઑલિમ્પિક રમતોત્સવ શરૂ કરવાનો શ્રેય કોને જાય છે?
(અ) સ્પેનના એન્ટોનિયા સમારાંચને
(બ) ફ્રાન્સના બેટન ડી. કુબર્ટિનને
(ક) જાપાનના ડૉ. જિગારો કાનોને
(ડ) અમેરિકાના ડૉ. જેમ્સ નેસ્મિથને

૧૦. પ્રાચીન ઑલિમ્પિકમાં વિજેતાઓને ઇનામ પેટે શું આપવામાં આવતું હતું?
(અ) ચંદ્રકો (બ) ટ્રોફીઓ
(ક) પ્રમાણપત્રો (ડ) પવિત્ર ઓલિવ વૃક્ષની ડાળીઓનો તાજ

૧૧. અત્યાર સુધી કયા દેશે બધા ગ્રીષ્મ (Summer) તેમ જ શરદ (Winter) ઑલિમ્પિક્સ રમતોત્સવમાં ભાગ લીધો છે?
(અ) ઈંગ્લેન્ડ (બ) અમેરિકા
(ક) રશિયા (ડ) જાપાન

૧૨. આધુનિક ઑલિમ્પિક રમતોત્સવનું સંચાલન કરનાર ઈન્ટરનેશનલ ઑલિમ્પિક કમિટીનું હેડક્વાર્ટર ક્યાં છે?
(અ) પેરિસ, ફ્રાન્સ (બ) બર્લિન, જર્મની
(ક) મોસ્કો, રશિયા (ડ) લાઉસન્ના, સ્વિટ્ઝરલેન્ડ

૧૩. ૨૦૧૬માં ઑલિમ્પિક રમતોત્સવ ક્યાં યોજાશે?
(અ) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (બ) મોસ્કો, રશિયા
(ક) રીઓ ડી જાનેરિઓ, બ્રાઝીલ (ડ) પેરિસ, ફ્રાન્સ

૧૪. ઑલિમ્પિક જ્યોત સૂર્ય કિરણોથી પ્રજ્વલિત કરી રીલે પદ્ધતિથી લઈ જવા માટેનું પ્રથમ સૂચન કોણે કર્યું હતું?
(અ) બેરન ડી કુબર્ટિન (બ) એન્ટોનિયો સમારાંચ
(ક) ડૉ. રોજર બેનિસ્ટર (ડ) ડૉ. થીઓડર લેવાલ્ડ

૧૫. ઑલિમ્પિક મોટો (Motto) સાઈટિયસ (Citius), આલ્ટિયસ (Altius), ફોરટિયસ (Fortius) આપનાર કોણ હતો? આનો અર્થ શું?
(અ) ફાધર જોસેફ, શાંતિ, પ્રભુતા અને પ્રગતિ
(બ) ફાધર ડિડોન, વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી
(ક) બેરનડી કુબર્ટિન, વધુ ઝડપે, વધુ નીચે અને વધુ ધીમેથી
(ડ) રોબર્ટ જોન્સન, તંદુરસ્ત, ધનવાન અને સમૃદ્ધ

૧૬. ઑલિમ્પિક રમતોત્સવમાં સોગંદવિધિ (Oath)ની પ્રથા પ્રથમવાર ક્યાં શરૂ થઈ હતી?
(અ) ૧૯૦૮, લંડન ઑલિમ્પિકમાં
(બ) ૧૯૧૨, સ્ટોકહોમ ઑલિમ્પિકમાં
(ક) ૧૯૨૦ એન્ટવર્પ ઑલિમ્પિકમાં
(ડ) ૧૯૨૪, પેરિસ ઑલિમ્પિકમાં

**સાચા જવાબો:**

૧. (ડ) સેબાસ્ટિયન કૉ, ૨. (ક) યજમાન દેશના બંધારણીય વડા, ૩. (ડ) આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક કમિટીના પ્રમુખ, ૪. (ક) આગામી દેશના જે શહેરમાં યોજાવાનો હોય તે શહેરના મેયરને, ૫. (ડ) આમાંથી ઓછામાં ઓછો એક રંગ દુનિયાના દરેક ધ્વજમાં હોય છે, ૬. (બ) ગ્રીસ, ૭. (ક) ચાચિંગ, ૮. (અ) સર દોરબજી ટાટા, ૯. (બ) ફ્રાન્સના બેરન ડી. કુબર્ટિનને, ૧૦. (ડ) પવિત્ર ઓલિવ વૃક્ષની ડાળીઓનો તાજ, ૧૧. (અ) ઈંગ્લેન્ડ, ૧૨. (ડ) લાઉસન્ના, સ્વિટ્ઝરલેન્ડ, ૧૩. (ક) રીઓ ડી જાનેરિઓ, બ્રાઝીલ, ૧૪. (ડ) ડૉ. થીઓડેર લેવાલ્ડ, ૧૫. (બ) ફાધર ડિડોન, વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી, ૧૬. (ક) ૧૯૨૦, એન્ટવર્પ ઑલિમ્પિકમાં.

(બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કૉલોની, માણેકબાગ હૉલ સામે, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોનઃ (રહે.) ૦૭૯-૨૬૫૪૬૬૫૦. મો.: ૯૮૯૮૮૭૦૮૪૦)

*// પ્રસંગપરાગ //*

## સુધીર મુખરજી

"Mine has been an ordinary life." કહેનાર ડૉક્ટર કે.ડી. બાલચંદાની (કીર્તિ દેવનદાસ બાલચંદાની) એટલે યથાનામ તથાગુણ. એક આદર્શ મેડિકલ પ્રેક્ટિશનર. Reasonable... એમના દવાખાનામાં પ્રવેશતાની સાથે જ જાણે અરધો રોગ મટી જાય. એમની ડૉક્ટરી સૂઝ (Clinical insight) કાબિલે તારીફ. એ માત્ર અનુભવ સિદ્ધ નથી. ભગવાનની દેન છે... ખૂબ ધીરજથી દર્દીને તપાસે અને દવા આપે. જરૂરી જણાય તો જ અમુક Pathological test કરાવવા મોકલે. એમના આરોગ્ય મન્દિરમાં કાયમ ગિર્દી...

ડૉક્ટર બાલચંદાની ઈન્દોર મૅડિકલ કૉલેજમાં ભણેલા. ૧૯૮૨માં એમ.બી.બી.એસ. થયા. વિદ્યાર્થી જીવનકાળથી જ ઘરની આજુબાજુ અનૌપચારિક રીતે મૅડિકલ પ્રેક્ટિસ શરૂ કરી. એક પણ પૈસો લીધા વગર... આવી વ્યક્તિ તરફ કોઈ પણ બુદ્ધિશાલિની, આકર્ષક યુવતિ શહનાઝ હમદાની ન આકર્ષાય તો જ નવાઈ. પડોશમાં રહેતાં ફાર્મસીનાં વિદ્યાર્થિની શહનાઝ અને કીર્તિ બાલચંદાની લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. સમાજને એક આદર્શ યુગલ મળ્યું. National integration.

છ ફૂટ ઊંચા, પડછંદ શરીરના સ્વામી ડૉક્ટર બાલચંદાની ક્રિકેટના ખૂબ સારા ખેલાડી... એમ. બી.બી.એસ. થયા બાદ તેઓ પંચમહાલના ગોગમ્બા ગામમાં પ્રાથમિક ઉપચાર કેન્દ્રમાં નિમાયા. એકદમ ભીલ વિસ્તાર. અવિકસિત. કારમી ગરીબી. દૂર દૂર સુધી ચાલીને જવું પડે. સાંજ પછી બહુ બહાર જવાય નહીં. પણ દર્દીને તપાસવા ડૉક્ટર બાલચંદાની તેના ઝૂંપડે પહોંચી જાય. ત્યાં જુવે ખાવાનાય ફાંફાં. ડૉક્ટર દવા આપે. આર્થિક મદદ પણ કરે... એમનો પચાસ ટકા ઉપરાંત પગાર આમાં જ વપરાય. ભીલ દર્દીઓ ડૉક્ટરમાં સાક્ષાત ભગવાનને જુવે... ખેતરમાં જે કંઈ થોડું ઘણું પેદા થાય તે શાકભાજી ડૉક્ટર દમ્પતીને આપી જાય. તે પ્રેમપૂર્વક સ્વીકારે. સંકોચ સાથે. તેમના દિલમાં વસી ગયેલા ડૉક્ટર બાલચંદાની અને શહનાઝે જ્યારે ગોગમ્બા છોડ્યું ત્યારે એ બધા રડી પડેલા...

ત્યાંથી ત્રિભુવનદાસ ફાઉન્ડેશનમાં જોડાયા. તેના નેજા હેઠળ અનેક ગામડાઓમાં અનેક આરોગ્ય કેન્દ્રોમાં નિવાસી ડૉક્ટર તરીકે સેવાઓ આપી. તેમની સેવાઓથી પ્રભાવિત થઈ તેઓને IRMAમાં મૅડિકલ ઑફિસર તરીકે આમંત્રવામાં આવ્યા. ઉત્તમ કામ કર્યું. એક વખતની વાત. IRMAના નિયામક ડૉ. હલ્દીપુર અચાનક માંદા પડ્યા. તેમને બીજા દિવસે જરૂરી કામ અંગે દિલ્હી જવાનું હતું. ડૉક્ટર બાલચંદાનીને તેડાવ્યા. તેમના ઇલાજની જાદુઈ અસર થઈ અને તે દિલ્હી જઈ શક્યા. આવા તો કેટલાય દાખલાઓ છે...

આજથી પચીસેક વર્ષ પહેલાં વલ્લભ વિદ્યાનગર પંચાયતની હૉસ્પિટલમાં મૅડિકલ ઑફિસર માટે જાહેરાત બહાર પડી. ડૉક્ટર બાલચંદાનીને અરજી કરવાનું કહેવામાં આવ્યું. તેમની પસંદગી થઈ... દવાખાનામાં જાણે પ્રાણ-સંચાર થયો. એટલા બધા દર્દીઓ આવે કે ડૉક્ટરને ખાવાની કે આરામ કરવાની નવરાશ નહીં.. ડૉક્ટર બાલચંદાનીએ કુટુંબ નિયોજન સહિત જાત જાતના કૅમ્પ કર્યા. દર વર્ષે અસંખ્ય વખત પલ્સ પૉલીઓના કાર્યક્રમોનું સુન્દર રીતે આયોજન કર્યું. ખૂબીની વાત એ કે કેટલાક યુવકો અને યુવતીઓ પણ ડૉક્ટરને સહાય કરવા સ્વયંસેવક તરીકે આગળ આવ્યા...

એક વખતની વાત. એક સહેજ મંદબુદ્ધિ સ્ત્રી ગર્ભવતી થઈ. પતિ લાપતા. ડૉક્ર બાલચંદાનીએ તેને દવાખાનામાં દાખલ કરી. દવાખાનાના પ્રસૂતિગૃહમાં પ્રસૂતિ થઈ. બે-ત્રણ અઠવાડિયા સુધી ડૉક્ટર દમ્પતીએ બંન્નેની ખૂબ જ કાળજી લીધી. પેલી સ્ત્રી તો સંતાનની સારસંભાળ રાખવા અસમર્થ. શું થાય? નક્કી થયું કે તેને કોઈ અનાથાશ્રમમાં આપી આવીએ. દિવસો સુધી કોઈ સારા અનાથાશ્રમની તપાસ કરી. છેવટે વડોદરામાં આવેલા મધર ટેરેસાના આશ્રમે પહોંચ્યા. આશ્રમવાળા તો ખુશ થયા અને નવજાત બાળકીને પ્રેમપૂર્વક આવકારતાં બોલ્યા, "અમે આ લક્ષ્મીને આવકારીએ છીએ..." (We welcome the little goddness...) વચ્ચે વચ્ચે બાલચંદાની દમ્પતી પેલી કન્યા વિશે તપાસ કરવા વડોદરા જાય... અમુક મહિના પછી ખબર પડી કે એ 'લક્ષ્મી' કો'ક અમેરિકા નિવાસી ભારતીય દંપતીએ દત્તક લઈ લીધી છે.

(૧૮,માનસરોવર પાર્ક, સાબરમતીવાસ પાસે,
વલ્લભ વિદ્યાનગર)

# જૂનથી પૂજ્ય ભાઈકાકા જન્મ સવાશતાબ્દી વર્ષની ઉજવણી

## ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડો.સી.એલ.પટેલની જાહેરાત



ચારુતર વિદ્યામંડળ(સીવીએમ) અને શિક્ષણનગરી વલ્લભ વિદ્યાનગરના સંસ્થાપકદ્વયમાંના એક પૂજ્ય ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ(ભાઈકાકા)ની જન્મ સવાશતાબ્દીનું વર્ષ આગામી ૭ જૂન ૨૦૧૨થી શરૂ થઈ રહ્યું છે, એ નિમિત્તે આવતા સમગ્ર વર્ષ દરમિયાન પૂજ્ય ભાઈકાકાના વિવિધ ક્ષેત્રમાં યોગદાનને બિરદાવતાં નિષ્ણાતોનાં વ્યાખ્યાનો, પરિસંવાદો, વિશેષ પ્રકાશનો વગેરેનું આયોજન કરાશે, એવું ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલે જણાવ્યું હતું.

સોજિત્રાના પાટીદાર પરિવારમાં જન્મેલા તથા આપબળે સંનિષ્ઠ ઈજનેર, કેળવણીકાર બનેલા અને ભારતીય સંસ્કૃતિને લગતી વિવિધ વિદ્યાશાખાઓમાં ઊંડો અભ્યાસ ધરાવતા ભાઈકાકાએ અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની હૂંફથી આઝાદી પહેલાં ચરોતરના ગ્રામીણ ક્ષેત્રના આર્થિક ઉત્થાન માટે ૧૯૪૫માં ચારુતર વિદ્યામંડળનો પાયો નાખ્યો હતો. ૩ માર્ચ ૧૯૪૬ના રોજ વલ્લભ વિદ્યાનગરમાં વસવાટ શરૂ કર્યો. આજે સીવીએમ સમગ્ર દેશ અને દુનિયામાં અત્યાધુનિક શિક્ષણના સંકુલ તરીકે પ્રસિદ્ધ છે એના પાયામાં પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબ એ બન્ને પૂર્વસૂરિનો પરિશ્રમ જવાબદાર છે. ૧૯૫૮ પછી સંનિષ્ઠ સનદી અધિકારી અને ચરોતરના સપૂત ડૉ.એચ. એમ.પટેલ સાહેબે સીવીએમનું સાડા ત્રણ દાયકા કરતાં પણ વધુ સમય માટે નેતૃત્વ સંભાળ્યું અને આ સંકુલનું સંવર્ધન કર્યું. ૧૯૯૩માં ડૉ.એચ.એમ.પટેલ સાહેબનું નિધન થતાં ૧૯૯૪થી આ સંકુલની જવાબદારી અમારે શિરે આવી. પૂર્વસૂરિઓએ આદરેલા શિક્ષણયજ્ઞની જ્યોતને પ્રજ્વલિત રાખીને ૨૧મી સદીને અનુરૂપ વિશ્વકક્ષાનું અત્યાધુનિક શિક્ષણ ઘરઆંગણે વલ્લભ વિદ્યાનગર અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરમાં ઉપલબ્ધ કરાવવામાં મંડળના સભાસદો અને દેશવિદેશમાં વસતા શુભેચ્છકો-દાતાઓ, મારા માનદ સાથીઓ, તેજસ્વી આચાર્યો અને અધ્યાપકો સહિતના સમગ્ર સીવીએમ પરિવારના સહકારથી જ પૂજ્ય ભાઈકાકાએ જે બીજ રોપ્યું હતું એ આજે ઘટાદાર વટવૃક્ષમાં પરિણમ્યું છે, એમ સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલે જણાવ્યું હતું.

ભાઈકાકાએ સીવીએમની ભગિની સંસ્થા ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડની પણ સ્થાપના કરી હતી. તેઓ ચરોતર એજ્યુકેશન સોસાયટીના પણ અધ્યક્ષ રહ્યા હતા. શિક્ષણક્ષેત્રે ભાઈકાકાના ભવ્ય યોગદાન ઉપરાંત સમગ્ર ગુજરાતને ચોવીસ કલાક જાગતા રાજનેતા તરીકે સેવા આપવાનું ભગીરથ કામ પણ તેમણે શરૂઆતમાં લોકપક્ષ અને પાછળથી સ્વતંત્ર પક્ષના નેજા હેઠળ કર્યુ હતું. વર્ષ ૧૯૬૭ થી '૭૦ સુધી ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે પ્રભાવી ભૂમિકા ભજવતાં ભાઈકાકાએ સંસદીય લોકશાહીમાં વિરોધ પક્ષનું કાર્ય સત્તાપક્ષને પ્રજાહિતલક્ષી કામોમાં રચનાત્મક સહયોગ આપવાની પણ છે એનાં નર્મદા યોજના સહિતનાં ઉત્તમ ઉદાહરણ પૂરાં પાડયાં છે. પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે ૧૯૫૫માં અત્યારની સરદાર પટેલ યુનિવર્સિટીની ખૂબ કપરા સંજોગોમાં મુંબઈ સરકાર સાથે લડીને સ્થાપના કરી હતી. ભાઈકાકા આ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ રહ્યા છે. તેમની જન્મ સવાશતાબ્દી નિમિત્તે વિવિધ વિદ્યાકીય કાર્યક્રમોનું આયોજન કરીને ચારુતર વિદ્યામંડળ તેમને ઉચિત અંજલિ અર્પશે, એમ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે જણાવ્યું હતું.

# આરંભનો ઉદ્યમ અને આનંદ

અમારો રોજનો કાર્યક્રમ સવારમાં લગભગ સાડા પાંચ વાગે ઉઠવાનો હતો. ભીખાભાઈ તો નિયમિત ચાર વાગે ઊઠતા હતા અને લખવાનું કામ કરતા; પણ સાડા પાંચ વાગે સહેજ અજવાળું થાય એટલે અમે બંને જણા દાતણ લઈ દાતણ ચાવતા ચાવતા સાંજ સુધીમાં થયેલાં બધાં કામો ઉપર ફરી વળતા હતા અને પછીથી દાતણપાણીથી પરવારી ચા પીધા પછી આગલા દિવસનાં બધાં વાઉચર હું તપાસી લેતો... દહાડો ઉગતાં જ કામની શરૂઆત થતી તે સાંજ પડતાં સુધી કામ ચાલતું...

❀ ❀ ❀

ખરી ગમ્મત તો એ હતી કે જ્યારે વિદ્યાર્થીઓ શ્રમયજ્ઞ કરતા હતા ત્યારે વચ્ચે વચ્ચે એમને આરામ આપવા અમારા પ્રોફેસરોની પત્નીઓ સગડીઓ સળગાવી તાવડીઓમાંથી ગરમ ગરમ ભજિયાં કાઢી વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો તથા મંડળના કાર્યકર્તાઓને મોજથી વચ્ચે વચ્ચે ખાવા આપતાં એટલે આવાં બધાં કામમાં વિદ્યાનગરમાં રહેતા બધા જાણે એક જ કુટુંબની વ્યક્તિઓ હોય એ રીતે કામ કરી રહ્યા હતા...

❀ ❀ ❀

વિદ્યાનગરની મુલાકાત લેનારામાં સર સી.વી. રામનનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ભારતના એ મહાન વૈજ્ઞાનિક હતા. એ અહીં ૧૯૪૮માં આવ્યા અને ત્યાં સુધીમાં થયેલા કામથી ઘણા પ્રભાવિત થયેલા. એમણે વિદ્યાર્થીઓ આગળ સુંદર પ્રવચન કરેલું અને પછી મને કહેલું, 'પટેલ, તમારા જેવો કોઈ એન્જિનિયર મને ના મળ્યો, નહિ તો હું ઘણી સુંદર સંસ્થા સ્થાપી શક્યો હોત.'

('ભાઈકાકાનાં સંસ્મરણો'માંથી)

V-Vidyanagar
P.O.Reg. No. AND/318/2012-14
Valid upto 31-12-2014
Date of Posting 25th of Every Month
Posted at Vallabh Vidyanagar

ISSN 0976 - 9809 V-Vidyanagar
RNI No.Guj/2009-11/5433
June 2012



The Statue of Don Bradman

Photograph by **Ajit Patel**

Editors: Dr. Rajendrasinh Jadeja, Prof. Hari Desai
Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. R.P. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat